મનસુખી મનાજાત

અને

અરજ ગુજારી.

કીમત રૂ૧.

મનસુખી મનાજાત અને અરજ ગુજારી.

યાને

ગુજરાતી ભાશાનાં બેતો

અને

બીજી કવીતામાં,

મી૦ "મનસુખ"ની કલમથી લખાએલી, પાક ખોદાતાલાની જનાબમાં ગુજરવાની અરજો— અથવા પહડવાની મનાજાતો,—તેમજ બાજી બાબદો.

આંક પેહલ્લો.

(આવરતી બીજી.)

મુંબઈ

ધી ડયુક ઓવ કોનાટ પ્રીંટીંગ પરેસ કુંપની લીમીટેડમાં છાપયું છે.

૧૮૮૯

કીમત રૂ૦૮

(Registered under Act XXV of 1867.)

SECOND EDITION.

મનસુખી મનાજાત અને અરજ ગુજારી.

આંક પેહલો.

ખોદાતાલાની તથા પેગંમબરની ઈઆદમાં.

બેત.

મુબારક નામ રબનુ અવલ ને આખર,
મુબારક છે ઈઆદ જેની કંઈ શક વગર.
અંનદીઠ જેનું અસલ તેમ આખર અંજાણુ,
'નથી બુજીઉં કોઈએ ન બુજસે નીધાંન.
ખોલેછે જે મુશકેલ ને કરેચ આસાન,
રાખેછે જે બેઉ જગની સરખી પીછાંન.
પીછાંન રાખેચ અવલથી આખર તક કુલ,
પીછાંનીઉ જે તણુ તાંહાં નહી કંઈબી ભુલ.
રચીચ દાદ ને દીનથી દુનીઆં સારી આ,
અકલમંદ કરેચ તથી ત પર દુવા.
દુવા લાએક તેજ છે ને તેજ દુવા બસ,
બાકી સઉછે ફાંની—ફરેબી—અબસ.
ફરમાન તેનાજ માનેચ જગની અંનજુમંન,
તાકાત કોઈની નહી કે કરે ચુનોં—ચંન.

મગર પેલો ફાજેલ ને નેક પેગંમબર,
પાંમેઓ તેની ગતી—ને બુજી કદર.
એસો **જરતોસત** અસલમા જેનુ નેક નામ,
પરકાશી જેના રૂહુથી આ જગ તમામ.
ગુંમ થઇ જેથી ગુનાહની શુમ બદબખતી,
તુટી જેથી ગુમરાહી ને બુત પરસતી.
તેવા **રબ** ને **નબીની** નેક કુમકથી,
કરૂંચ માહરી જબાંન ફરીને બોલતી.

મનાજાત.

ના૦ ૨

(મુશકેલીના વખતે મદદ માગવાની)

એ જગતની ગતી ! એ જીવના પરકાશ !
પોકાર મારૂંચ રાત દીન—આ હું તાહરો દાશ.
બર લાવ માહારૂં માંગીઉ—ને બાલાતર કર,
તુને મુંકી કાંહાં જાંઊં હું બીજાને ઘર ?
જો આ ઉંચા આકાશનો ચરખો તમાંમ,
પાંમેચ તુંથીજ રોશની ને રોજી ને કાંમ.
આ જાંમ રોકું ગગંન રંગે ગલીદાર,
જો માંગેચ તુંજ મોહબતનો શરાબ તુરદાર.

તો શું કાંમ નહી માંગે મુજ જેવો નાંચાર,
તું જેવા **ધણીથી** હેસાંનનાં ભાર ?
આ સંસારી મીજલસની મસતીનાં દોર,
થી મુજ જેવા નબલાને લાગીછે ભોર.
તો તું જેવા **સાકી** બીન કોણ પાસે જાંઉં ?
એ મસતીનો એલાજ બીજા કોણથી ચાહું ?
કુલ તદબીરના શીશા મુજ હાતથી ફુટાય,
લુચાઇ ભરેઆ મુદઈ મમતથી રૂઠાય.
તો પર માહરો હાત હેત ને ઉલટથી પુર,
કે બાથ લેઉં મેદાંનોમાં નજદીક ને દુર.
કઊવત આપ કે લડું હું **બદકારો સાત,**
કીરતી—સંપતી જીહોતીને લાંઉ માંહરે હાત.
કુંમક કર કે આ માહરા સખુંનના તીર,
ચહડે આ કલંમની કમાંનપર અકસીર,
તો મચાંઉ નેકનામીની જંગમાં હું ધુંમ,
પરાંઉ કુલે પાપીને બુંમ—ઉપર બુંમ.
એલંમના મેદાંનમાં જોંકાંઉ અકલી અસપ,
બતાંઉ કદરદાંનોને—મરદાંની દસત.
ભલાની બલાઇનો જુંનડો લેઉં ઊપર,
કરૂં બદની બુરાઇને જીરો—જબર.
વાસતે એ રેહમદીલના **રબ નામદાર** !
એ બેઉ જગના **શેહનશાહ,** એ સુધા **સરદાર** !
ઇનસાફથી—મોહબતથી લાવ ઉંમેદ તું બર,
મુશકેલનો ગાંઠ કોણ છોરવે તું **રબ** વગર?
અગર કાલાં—ધોલાંમાં ગાંમ છે ગરકાવ,
મગર થાએ જો તુંજ તારવનારો આશનાવ,

તો નીકલે તુંટા દીલના પગો કુલ બાહાર,
બેઉ જગના કીચમાંથી પરી જાએ પાર.
સંકટ બોહીને ભોગવે કુલ "મનસુખો" હાં,
સુખી તે, જે પર હોએ **દાદાર** ની પનાહાં.

મનાજાત.

નાo ૩

(મનની સફાઇ અને ગુનાહની માફી વીશે)

એ જગના દીલ, કર તું આ દીલ માહરૂં સાફ,
કદર ખા તું કંઇ—ને મોરાદ માહરી આપ.
ખાહેશ માહરી ખુદની જાંણુચ ખતાદાર,
જે આપે તું પોતે તેજ હોએ ઓસતવાર.
ન માંગીઉં જે દીએ તું—તેજ ગુણથી પુર,
માહરાં મનની માંગણી ઠડે સીહા ધુર,
નેકનામીની દોલતથી કર તેજીદાર,
રેહમના આતશથી બાર સંકટનાં ભાર.
દીલની સીહાઇને તેજ નુરથી તું જાલ,
ભસંમ કર કુલ ચીંતા મનની ને જંજાલ.
પોંહચાડ ખરી મકસુદના રસતા ઉપર,
શેતાંનની ગુમરાહીથી તું હાત માહરો ધર:
આ જીંદગીનો આતશ રેહ જાંહાંતક રોશંન,
પસતાવાના જળથી ધો પાપની ગરદન.

મેહરબાન તુને જાંણી મારૂંચ હું પોકાર,
કે દર—દુખો તજી આપ "**મનસુખીઆ**" બાર.

ના૦ ૪

આતશની સનમુખ ઉભા રહીને ખોદાની બંદગી કરવા વીસે.

ભલી બંદગી જગમાં **ઇઅજદાંની** કેહવાએ,
"પસંદકરદે" બંદો ઇઅજદાંપરસત થાએ.
ઇઅજદથીજ ઇજત છે અસલ ઇજતદાર,
ઇજદથીજ "જરાતુશત" થએઆ નામદાર.
નબી પર નબીઓ થએઆ જગ મેઆંન,
પણ નહી પાંમાં કોઇ "જરતુશત" પેરેનું માંન.
દીને એક, દાદર એક ને દેશ એક ઇરાંન,
ભોગવેચ સારી જગતુ આજ તક આદરમાંન.
વચંન એક, વીચાર નેક, ને નેક કરણી કુલ—
વગર ગણાંઇ સઉ ચીજો બાતેલ ને ભુલ.
આતશ નેક, પાંણી નેક, ને નેક ખુર ને માહ, *
ઠેરવેઆ કુલ બંદગીના પાક કેબલેગાહ.
ગોસતાઆસીઆન, સાસાંનીઆંન, ને દલેર પેહલવાંન,
કદીમ શાહના વઉંશ કુલ ને માંજદીઅશનાંન—
એક મત ને એક દીલથી થાએઆ સામેલ,
એહરેમની તજવાની કાહાડી નેક પેહેલ.

* "ખુર" એટલે ખેરશેદ "મા હા" એટલે માહતાબ, ચાન.

પુંજેઓ સઊએ એ રીતની મારફતથી રબ,
તુટી બુત પરસતી ને જગ થઇ અજબ.
અજબ ગણાંઇ અસલ તેજ દીન છે અજબ,
અજબ તેની કીરીઆ ને જશંન—પરબ.
જશંન ભલું આતશનું આજ છે એ ભાઇ,
તંન—મંનથી પુંજો રબને આતશ પાશ જાઇ.
ભુંડો તે નર જે હોંસે કેબલે—ગાહ,
ખરો પાપી તે જે ન માને **ખોદા.**
મુરખ કહીએ તેહને જે આતશ પુંજે,
અભાગ તેનું જેહને રબ બીન રબ સુજે.
નથી માંગતો આતશ કંઇ જર કે જવહેર,
નથી માંગતો ફળફુલો, પાણી કે નાલીએર.
નથી જોઇતું તેને અંન કે વસતરદાંન.
નથી કંઇબી એવું **નબીનુ** ફરમાન.
વાસતે એ જરતોશતી નર—નારી કુલ,
સખુંન ભલા સાંભલી સુધારો ખુદ ભુલ.
કે ફરમાન વીનાં કરવું એજ છે ખરૂં પાપ,
પાપનુજ કારણ ગણજો હર દુખ ને સંનતાપ.
સંનતાપ તેને સર જેહને જુઠાઇ વાહાલી,
સંનતાપ તેને જે દેએ નેક નરને ગાલી.

મનાજાત.

બા૦ ૫

(ખોદાતાલાની મેહેર અને મોટાઇ વીશે).

એ ખોદા ! તાહારી રેહમત છે સઉ કોઇ ઉપર,
નેઆંમત તાહારી છે જગને આકાસ અંદર.

ડગે ડગ દેખાએચ તાહારો મેહેરનાં દેખાવ,
તુજ હેસાંનમાં છે ખાકને આકાસ ગરકાવ.
અગર તાહરી રેહમનાં ચમંનમાંનો વાસ,
ન આવે એક પલ જગના દેમાગની પાસ,
તો થાએ તમાંમ હસતીના ગુલ ફુલ ફના,
ન કોઇની કંઇ દાદ હોએ ન કોઇને પનાહ.
સોબત તાહરીજ ચાહેછે ખરા મોહબતદાર,
તાહારાજ ખેઆલમાં ખુશાલ છે નેક પહરેજગાર.
જો ન હોએ તુજ ખીદમતમાં ખરી મોટાઇ,
તો હરગેજબી નહી ચાહે કોઈ તાહરી આશનાઇ.
અગર નહી હોએ તુંજ રાહમાં ભલાઇનો દંમ,
તો હરગેજબી નહી મુકે કોઇ તાંહાં કદંમ.
તાહરીજ ઇઆદકે હેશાંનના તહરેવાર ડાહાગ,
ના ગુલોનો બનેઆચ માહરા દીલમાં બાગ.
ફુકતો રેહજે તેપર તુજ મોહબતની લેહેર,
ચાલુ રાખજે માએઆ ને મેહેરની નેક નેહેર,
શીપજે જોઈતાં પાણીથી હાજતનું ખેત,
ફુલ—પાંન તાજાં રાખી ખીલતાં રાખજે હેત.
રજક—રોટી અગત સર રાખજે કાએમ,
બદન રાખજે સુખવાસ ને નસીબપર રેહેમ.
કુટંબ રાખજે આબાદ ને ભાઇબંદ ખુશાલ,
પડોશી ને દેશીના રાખજે નેક હાલ.
રાખજે પુરા હવસથી માહરો સંભાલ.
નેકનાંમી તું બખશી—નેક રાખજે એકબાલ.
વીશરાવજે બદીથી ફુલ માહારા વીચાર,
પારજે દીલની આરસીપર નેક ફુલ ચીતાર.

ખરો દુખી તેજ જે હોએ પાપમાં ફુલ પુર,
નેક નરમાં દીપેચ ફુલ " **અંનસુખીઆ** " નુર.

મનાજાત.

નાર ૬

(ખોદાની પનાહ ઇચછવા વાશે).

ફુલ હસતીનાં દાંનાવમાં દાના તું છે !
આજેજ બંધે આલંમ તવાના તું છે,
ફરમાંન બરદાર હમે, ફરમાવનાર તું છે !
ગુનેહગાર હમે, ખરો પુંણદાર તું છે !
ભલાઈમાં તું જાતે, બુરાઈમાં હમે,
હમ બાએકનુજ કરવાનો હમને ગમે.
કોણ આપે તું વગરે મારફતનું ગુલ ?
આ દીલના ચમંનમાં તો કાંટાજ છે ફુલ.

પડેઓ છે કચરો ને કીચલ ફુલ હાં,
તે રેહમના આતશથી બારી કર ફનાં.
જો બેઉ જગના ચમંનનો માલી તું છે,
તો ખીલતાં આ ગુલને જંજાલી શું છે ?
હાજત જોગું આપજે જલ, હવા ને અંન,
રમતાં, ધાવતાં ખુશખુશ રાખજે મનં.

કવી કીરતાર એવો ખરેખર તું નેક !
ચંમટી રજનો કરે કંચની પરવત એક ! †
માંગે વંનનો પેઆસો જો જલનો કટરો,
તો સુકું—ખારૂં વંન કરે નીરમલ જહરો.
નબલો જો માંગે કંઈ કળીવતની આશ,
તો મુંકે તું સઘીનું જીગર તેની પાસ.
કરે તેને મગરની પીઠ પર સવાર,
દરીઆને બીઆબાંનથી પારે તું પાર.
ચાબક થાએ તેના હાતમાં જેહરી અજદાહ,
ડંખાએ નહી તે નર જેની તું હોએ પનાહ.
વસતે એ **કલ—વલ** ને **બલના ધણી**,
નેગાહ કર મોહબતથી આ મીસકીન ભણી.
હાલ જો—હીંગામ જો—ને જો કુલે ચીજ,
કંઈ રેહેમથી—રમતથી કરો બુજને રીજ.
ખુદ બખશેશના ગુલજારમાં ગુજારો આપ,
હાણી માહરી તકસીરથી છુટકારો આપ.
સુકવ પાપના રોપને ખુદ બુનબેખથી,
ખીલવ બોલતાં " **મંનસુખ** " ને ખુદ હેતથી,

૭

(ખોદાથી બખશેશ અને ગુનાહની માફી ચાહવા વીશે).

એ સરદાર ! એ સાહેબ ! એ નેક **દાદગર** !
છે હર રાહે સઊનાં મોહો તુંજ રાહ પર.

† કંચંન એટલે શુંનું, ઈઆને ખોદાતાલાં એવો કાદેર છે કે જો તે ચાહે તો એકચંમટી ધુલનેબી સેજમાં એક શુંનાંનો પોહાડ બનાવી દીએ.

હવામાંના જરરા ને જમીનના રેપ,
એકજ રીતથી કરેચ તું સાહેબનો શોક.
તકસીર કરવીજ છે કુલે ઈનસાનનાં કામ,
સફાઈદાર છે હસતીમાં તુંજ નેકનાંમ.
આદત તાહરી બખશેશ, ને ભલાઈ છે જાત,
સાબેત છે તુંજ ને ફનાં ફુલ હઈઆત.
ભુલવું, પસતાવું છે ઈનસાંનનો લેખ,
વગર ભુલ ને બીન ગંમનો છે તુંજ એક.
ભાર મુંકી ભાર કાહાડવાને લાએક છે તુંજ,
તાહરીજ છે ખુબી ને તાહરીજ રીજ બુજ.
ગુમરાહ જીવનો ભાંમીઓ છે તુંજ નેક દાદાર,
તું બીન કોણ કાહાડે પાપીઓને બાહાર ?
જે પતેત ભણી પસતાએ પતેતીને દીન,
તંન મંનની નમંનતાઇથી થાએ જો આધીન.
ગુનાહ ખુદ કબુલી—કબુલ કરે આંમ,
કે નહી કરે ફરી જાણ અંજાણ બદ કાંમ.
બખશજે તેહેને એ બખશેશના ધણી,
કેહેર કોતાહ રાખી મેહેર રાખજે ઘણી,
આ પેહેલો રોજ હોરમજ ને ફરવરદીન માસ,
ગણાંએ છે નવા સાલનો દીવસ તે ખાસ.
રંજથી ફારેગ રાખજે હંમદીનનાં તંન,
કીનાં—કપટ કાહાડી મંન રાખજે મઘંન.
અંનજુમનનાં જીવ રાખજે ખુશીથી પુર,
રંગ રાગને મોહબતથી રાખજે ચકચુર.
ચાલુ રાખજે એ રીતનાં જશન પાએદાર,
જે છે કદીમ શાહોથી આજ ઈઆદગાર.

કુમક તાહારીજ જોઇએ છે સઉ કોઇને હાં,
તું બીન નથી કોઇનેબી કેકે પનાંહ.
અગર કાલા—ધોલાંનાં કેદી છે સઊ,
મગર તું છે સઉ ચીજથી બીન કેદી બહું.
ઊમેદ તેથી તાહરીજ છે સઉમાં પાયદાર,
પડતાનો હાત ધરી ઉતાર પેલે પાર.
તુટાં દીલનાં પગને તું કઊવતમંદ કર,
ફીકાં થાએલાં મોહોને તું નુરમંદ કર.
રીઆવતોનાં સજાની બદ જાસતીથી,
કે સજામા ખુદ જવાંન મરદી નથી,
રેહેમથી મોહબતથી તું ટાલજે મુશકેલ,
સોભા સાચવી નીભાવજે " મંનસુખીઉ " દેલ.

મનાજાત.

ના૦ ૮

(તમામ ભેદભરમનાં જાણુનાર અને અપરમપાર સકતી વાલા પરમેશાવરથી ગેબી મદત માંગવા વીશે.

(દોહરાની ધપમાં ગાવું.)

એ જાંણુ—અજાંણુનાં જાંણુનાર, એ મોટાઇના નેક શાહ—
મંન મોટું મુજપર રાખી, બખશજે ગુનાહ.
આ નબલાં તંનની સીહા ખાક, માં સુખનુ રાખજે નુંર—
કે એ ખાકી તાબુત મા છે, તુજ તલેસંમ પુર.

ભરેઓચ એ તલેસંમમાં, તુંજ ડાહપંણનો ગંજ—
નેકીનું ખુદ આમીલ સીખવી, દુર રાખજે બદ રંજ.

આ સંસારી બદ સંકટનો, સાગરછે સંનમુખ—
ધીરજનું ગહુંઆર બખશી, રાહ દેખાડ અચુક.

હર ઉમેદની કનતંજારી, હર દુખની ઝાંટી ફુલ—
કુરપા કરી દુર રાખજે, ઇચ્છા કાપજે કુલ જડ-મુલ.

તુજ અગાહીની કસોટી પર, કર ખરી તપાસ—
ઘસ મુજ હાલનું કંચંન તું, ને આપ મુજ જીવની આસ,

જો સફાઈની કંઈ હોએ તાંહાં ખાંમ, તો કરજે કંઈ તદબીર—
જરદ થાએલાં મોહોડાંપર, લગાડ રંગીન અકસીર.

કરે જે તુજ કુંમકપર, સાચ દીલથી સુભ લાર—
મોહો તેના સદાકાલ હાં, સુખથી રેહ્ય રંગદાર.

આપે જેહને રેહેમથી તું ભેટ ભરતાં અંન-નાંન—
ભટકે નહી ઘેર ઘેર તે, રજકના હેરાંન.

આસુંદ્ધ રાખ આ તંન માહરૂં, ને હસતુ રાખ આ મુખ—
કે જંમરૂપી પીંનડારાએ, લુટાઇછે "મનસુખ"..

મનાજાત.

બા૦ ૯

(ખોદાતાલાથીજ સરવે પરકારની આશા રાખવાની અગત વીશે.)

(દોહોરાની ધેપમાં ગાવું.)

આ નબલાં તંનને નીચાં સર, થી કરૂંચ ઓનજરમાહી—
કે ગંમગીન માહરી હાલત માં, કરજે તું દાદખાહી.

આફતનો કાંટો ભોકાએ જ્યારે, રંગીન ગુલની પીઠમાં—
કુમલાઇ, પીડાઇ, રડેચ તે, ને તફ્ડી પડેચ ખાકમાં.
પણ ખીલતો આ બદંની ચમંન, આ ગુલગુલી રમતીઆર જાંન—
જે થાએઓચ અચાનુચ રંજીદા, તેપર તું રેહજે મેહરબાંન.
જુદાઇ થઈચ અતલગનાંથી, તુટીચ મોહબત ખાસ—
આ આશાદાર જીવ થચ્યોચ નીરાશ, તેની તુ રાખજે બરદાશ.
ઓ જુદાઇનો પરદો એ ભાઈ, એવોછે બદ સકત—
કે ખોદાઇ ખેઆલના તેજી તીર, બીન નહી ચાલસે કંઈ લડત.
ઉમેદ હોએ જેની તુંજ નજદીક, તેજ રેહે સાબેત દંમ—
દુર રેહે જે તુંજ ઇતબારથી, તેનું જીવતર કમ.
જે ચીજથી કુલ જગ ભરપુર, જેથી હસતી વાઇ—
તે ચીજને જો નહી જોએ તું, તો અફસોસ છે તુંપર એ ભાઈ.
સબર, હીંમત, સાંચ ને આંટ, ની જરૂર છે ખુદ સંકટમાં—
નહી રાખે રબ પર ઇતબાર, તે ખોટે છે "**અનસુખ**" જગતમાં.

(દુઃખી દીલની ફરયાદ.)

પદ.

" બેઠો બાઈ બુડતો તાહરો રે, હાત ધરી પાર
ઉતારો રે. (ટેક.)

આ સંસારમાં નથી સુખ જોઈજો, લુટી લીધો છે માલ,
ભર દરીએ તોફાંન લાગું છે,—કોણને કહું એહવાલ.
(બેડો બાઇ બુડતો તાહારો રે)
ખલાસીઆ તાહરા ખટપટ કરે છે,-કપટ-કીનો મંન માંહે,
સતના નેહાવ સુધા ન ભરો,—તંનનું વાંહાંણ ડોલા ખાએ.
(બેડો બાઇ બુડતો તાહરો રે.)

ભએના વંમશ્રમાં ભમતું થઇઊંચને, જીવના કપતાંનનેનથી વીસામ
એક નામ નેકનો આસરો તાહરો,–કરો હકીરનું કાંમ.
(એેઠો બાઈ બુડતો તાહરો રે,)
ઉચું જોઊં તો આભ દીસે છે,–નીચું જોઊં તો નીર,
કુરપા કરી માહરી અરજ સાંભલો, કરો લાએક તદબીર.
(બેઠો બાઈ બુડતો તાહરો રે.)
જાંહાં જોઉં તાંહાં અંધેર અંધારૂં,–પાપોનો નહી માંપ,
પરોધીઆંમાં પરારથના કરૂંચ હાં, મુરાદ માહરી તું આપ.
(બેઠો બાઇ બુડતો તાહરો રે.)
વીનતી કરવા મેં બાકી નથી રાખી, શાખશી મારો ઉંચો આભ,
આ અવસરે વચે તમે આવો–હકદારનો સાચવો લાભ.
(બેઠો બાઈ બુડતો તાહરો રે.)
જગના લોકો અચરત થાશે,–વાંચશે જેહારે એહવાલ,
"મંનસુખી" મનનાં રાગરા ગાશે–ને વીસરી જશે જંજાલ."
(બેઠો બાઇ બુડતો તાહરો રે.)

(અરજ કરનાર કાકલુદીથી આસરો ચાહેછે.)

પદ.

" સત વચંનનો બોલનારો તે–સરંણુ તમારે આવેઓ રે.
પાપી જાલમાં વીટલાએલાને–મેહરથી તમો છોડવો રે.
(સત વચંનનો બોલનારો તે.)
કુકરંમ કરતાં કરૂર પારધી–રબનુ નામ કામ ભુલે રે,
લોભના વંનમાં પરે એકદંમ–થાએ–માન–માલની ધુલે રે.
(સત વચંનનો બોલનારો તે.)

ધંન-માલ ને જંતર-મંતર, દુનીઆઈ હવસના ખેઆલ રે,
તું જેથી પવીતરતા બાઈ-અકલથી જાંણુંય જંજાલ રે.
(સત વચંતનો બોલનારો તે)
નામ-કાંમો તાહરાં નેકીઈ-કંઇ બચારો તારેઆં રે,
એવું જ જાંણી દાસ "મનસુખ"--આ ડુંગરીપર પોકારેઆ રે.'
(સત વચંનનો બોલનારો તે.)

પરવરદીગ્આંનની જગો અથવા પારસીઓના દાખમાંની જગાના દેખાવ ઉપરથી ઉપજેલા વીચાર.

હા ! આ ગમ ભરી બાંમદાદની હવા કેવી સપીર છે !
આ ઉંચી ટેકડીનો દેખાવ કેવો ગંભીર છે !
આ સુતેલાં રવાંનો રડતાં વાહાલાંને કેવાં જોએછે !
આ જુકતા ખલીલો જીવતાંઓ ઉપર કેવા ઝુરે છે !
આ દુખ ભરી જુદાઈથી જીવડાઓ અફસોસ કરે છે !
આ ભલાંઓની ઈઆદમાં ભોલા ખેશીઓ રડેછે !
આ મુવાંની નઈઅતે લાચાર—બેચારો ભણેછે !
આ મેજ, આ બાજ, આ ફુલ, આ ફલ !
આ આતશ રોશંન, આ દરીઓ પટાલ !
આ સગડી, આ ગુંબજ, આ જાહાડો ગંમખાર !
આ પાંણી ફીકાં, આ ફડ ફડતી હવા !
સહુ એક સરખી રીતે સોગ ભરેઆ દેખાવ બતાવેછે,

આ ભંડારમાં અનેક માતાઓ અનેક દીકરીઓ !
અનેક પુતો અનેક પીતાઓ, અનેક બેહનો અનેક ભાઈઓ !

સગાં અનેક, મીતરો અનેક, અનેક પરોશી, અનેક પરદેશી,
નીરભએથી સાતે સુતાં છે, હાતો નથી પણ ગલે વલગાંછે,
તંનો નથી પણ હાડે અરેઆં છે, પલંગ નથી પણ પથરે પડેઆં છે.

હા ! એ એક કે આતમનો નીંદરોછે, એ એક અજબ અખાડોછે
જાંહાં મોટાને ગરીબ, જાંહાં ફકીર ને અમીર,
જાંહાં મુફલેસ ને ગની, જાંહાં ચાકર ને શેઠ,
જાંહાં પંડીત ને મુરખ,—એકજ બીછાતરાપર બેઠા છે !
એકજ હાલતે પડાંછે ! એકજ ખવાસ ધરાવેછે !
રે ! એકજ અંત, એકજ આસરો ને એકજ ખાદાને સઉ સોંપેછે !
મંડાણ એક, આખર એક, એકજ અસલ ને એકજ નકલછે !

સંગ, સુબા, મોદીવાઈ પટેલ, દાદી, દાવર, ને દસતુરો બુજરગ
બનાજી, પીટીટ, વીકાજી, વાહડીઆ ને કાંમાના કુટંબ,
શેઠ ખાનદાંન, રેડીમની ફીરોજી ને " મનસુખી " વંસ,
ના નાંધલાં—મોટાંની માંનવંતી મીજલસ.
આ તંગ ખાડામાં અજબ રીતનાં હેતથી,
ને અજબ રીતનાં સંપથી ભેગી મલીછે !
રે મોહત આસઉ તાહરા પરાંકરમો છે, કે જેનો પાર નથી,
રે મોહત ! એ સઉ તાહરા ભરમો છે, કે જેનો સાર નથી !
તું એટલું તેજીછે કે જાંહાં અકલની આંખો તકતી નથી,
વલી એટલું અંધારામાં ગુપતછે, કે જાંહાં તદબીર લાગુ થતી નથી.
ખરા દરદીનો તું વઈદછે, તોબી તું અજબ ભએઅંકાર છે !
બીહીકનાંને મંન તો તું દોજખછે !
જોકે કોજખી પીડા ભોગવનારને તો તું છોડવનારછે.

રે ફુલ પરાંણીઓના સરપર મોહોતનો ડાહગ ચોહોટેલોછે !
મરવુંછે એ સઊ જાણેછે, પણ મરણ તે શું છે એ કોઈ જાણતું નથી.
નાંજુક તનની, દીલકશ રંગની, ને મનમોહન મુખડાની નાંરજનીનો,
ઇઆ પેહેલવી જોરના, પોલાદી તનના, ને સંહીની હીમતનાં સરદારો,
શેવટે સીહા ખાક—ઇબા નરંમ કાદબ થઈને પગો હેઠલ કચડાશે !

ઇઆ ઘરોની દીવાર અને સંધાશોનાં સીડીઓમાં વપરાશે !
ઇઆ ખાડાઓની ભરણી તરીકે—ઇઆ ખેતરોમાં ખાતર તરીકે પુરાશે
નદીઓની રેલમાં—ઇઆ દરીઆઓની તાંણમાં ઘશડાશે !
પણ એ કાએઆના કરાંમત ભરેઆ સાંચામાનો **આ બાપ—**
આ અપાર અચરતી ભરેલો હવાઈ દમ !
આ નીરમલ અને અનદીઠ પરાણ ! શેવટે કેમ ઉડી જઅેહે ?
કાંહાં જઈને તે અટકેછે ? અને શી અવસથાએ પોહોચેછે ?
તે કોઈબી કહી સકતું નથી

વેર અને કેહેર, હસદ અને હુજત, લડાઈ અને દુશમનાઈ,
મોટાઈ ને ગડાઈ, તેહકરાર ને તાતવાતનો તમાંમ છેહેડો,
એ મોહત તું પોતે લાવેછે, અને આ ડુંગરનાં મથાલાં પર
મલેલી સભામાંના શાખશોમાં અનેક પરકારના ખવાશો,
અનેક પરકારના રંગ—રૂપો, અને અનેક પરકારની પદવીઓ
અસલ હોએઆ છતાં, તાહરી તદબીરના હાતે—
તેઓની એવી મેલવણી થઈછે, કે બાપ બેટાને,
નાર ભરથારને, ભાઈ બેહનને, ચેલો ઉસતાદને,
કે આશક માશુકને પીછાની શકવાથી તદન અશકતછે !
એ એક તાહારો ભરમછે એ મોહોત ! કે જેનો ખોલાશો,
કોઈ પીર—પંડીતથી, ઇઆ અંગરેજોના "**કરાઇસ્ટ**"થી—
ઇઆ પારશીના અશો "**જરતોસત**" થીબી મલેલો જણાતો નથી.

એ ઉપરાંત એ ખોદા ! તું હમો ઉપર રેહમ રાખજે—
માણસ જાત આ જગમાં, જો કોઈબી ચીજ ખરેખરી પોતાનીજ ગણે,
તો તે ચીજ તેનું મોહોત છે, જે કદુબી બીજાને સવાધીન થતુ નથી,
જે કદુબી તેનો પીછો છોડતું નથી, અને જે કોઈબી ઉપાએથી હટતું,

કે કોઇબી હવોઆરથી ડરતું નથી,—સીકંદરે તમાંમ દુનીઆં જીતી
કે પશરૂએ આલંમ કુલ આબાદ કીધી.

ફીરદોશીએ ગુજરેલું ઇરાંન જીવતું કીધું,
હોમરે યુનાનની કીરતી કાએમ કીધી'

કરાઇસટે મુરદાંઓને હઇઆતી બખશી,

મીલટન અને હાફેજ—શાદી અને શેકસપીઅરે—
આ આલમની તમામ નેઆમત અને નીતીને,

ખરા સખુનોના રંગ રૂપ નો સનગાર આપી સદાની બરકરાર કીધી;
પણ એ જાલમ મોહોત ! એ સરવેનેબી શેવટે તું જીહોતીઓ !

એ સરવેની નીશાંન આ હસતીના તખતાપરથી તેં નાબુદ કીધી,
જાસતીથી, નીરભએથી, વગર ગંમથી અને વગર શરમથી,

ખરા હકદારોની રોજી અને ખરા સુખીઓની ખુબી લુટવી—
એજ તાહરાં કુલ જાંણીતાં અને માહા જબુન કામો છે !

એ ખલકના ખોદા ! એ સવાબના ધણી ! એ માએઆના પીતા !
અરજ કરૂછઊં, વીનંતી કરૂછઉં, નરમાસથી અને નમનતાઇથી—

હજારો હજાર નમશકાર કરી માંગુછઊં કે—
આ ખોદલાં મોહોનાં દોખમાંઓના કોઠારમાં !

આ ભએઅંકાર ભસતાંઓની અંધારી તીંજોરીમાં !
માહારાં મેહરબાંન માતા—પીતા, માહરાં પેઆરાં ફરજંદો,

માહારા દોસતો અને માહારા હમજાતીઓના હાડકાંઓનો—
કીમતી ગનંજ પડેઓ છે તેનો સંભાલ રાખજે,

એ હાડકાંઓથી જુદાં થાએલાં ભલાં રવાંનો ઉપર,—
તાહરી લાએકની મેહેર અને મોહબતથી તું જોતો રેહજે,

જેએ જગોએ તે રવાંનોએ આરાંમ કીધો હોએ,—
તાંહાં તે સરવેને અને,ખાસ કરી માહરાં માતા પીતાને દુવા પોંચાડજે·

અને કેહેજે કે હજારો કાંહાંની—કશાતોથી ઉધરેલાં આ ફ્રરજંદો,
અને સેંકડો સંકટોની નદી નાલાંઓ તરી પાર ઉતરેલાં આ વાહલાંઓ

હર પલ આંખોનાં આંસુથી તમારાં હેસાંનોની ઇઆદ કરે છે,
અને રાતને દાહાડો તમારી જુદાઇની ફરીઆદ ઉઠાવેછે.

———

બખશજે, બખશાવજે, અને ભલું કરવા—ભલું બોલવા,
અને ભલું વમાંસવા સીખવજે, સીખવજે, મહને એવું કે લખી સકું,
હીમત આપજે એવી કે તું પાસ હું માંગી સકું—
હઇડું રાખજે એવું કે તાહારાં હેસાંને કબુલી સકું.

થએલી ભુલ ચુક ઢાંકજે, તકસીર વીસરજે, ને ગુનાહ બખશજે.
ગુમરાહોની રાહનુમાઇ,—દુખીઆઓની ખેરખાહી—
નબલાઓની કુમક—અને નાચારોનો ચારો કરજે.

આ **અમરદાદશાલ** ની મુબારક બાંમદાદની દુવા—
આ ગમખાર બંદો ખરાં અંતઃકરણથી કરેછે.—
તે કબુલ રાખવાની તજદી એ મેહેરબાંન પીતા તું લેજે.

આ ટુક ભંડોલની ભાશામાં, આ તુંટા દીલનો તાહરો "મનસુખ"
એ કરતાંને વધુ શું બોલે ? અને એ કરતાંને જીઆદા શું માંગે ?

દોખમાંના દુંગરપર ભટકનારને પુછઆમાં આવેલો સવાલ તથા આપેઆમાં આવેલી શીખાંમણ.

(વેલાવરના રાગમાં—અથવા "ભુલયો મન ભમરા તું કયાં ભમયો, ભમયો દીવસ ને રાત" એ રાગમાં ગાવું.)

ભલા જીવડા કાંએરે તું હાં કાંએ ભમેછે, જુલેઓછે શું હાં કંઈ તું વાટ ?
માએઆ રાખી કાંહાં તલક સોધતો ફરસે તું, કરસે તન ને મન ને તું ખાક.
(ભલા જીવડા કાંએરે)
દીસતાં તનો જીવેછે મરવાનેજ કાજે, મરસે સેવટ સારી જેહાંન,
ખીલતું ઉગતું પરેચ ને પરસે નીધાંનજો, રેહેસે રબજ જાવેદાંન.
(ભલા જીવડા કાંએરે)
માએઆ, માલ, ને મમતા કુલ ઠાલાં તું જાણજે, ઠાલાં જાણજે ફરજંદને જન,
કરણી સીવા નહી રેહશે સાથીં બીજું કંઈ, કરજે કરણીનીજ જતન.
(ભલા જીવડા કાંએરે)
કોણના માંએને માસીને કોણના બેટાજો, કોણના જોબન અને જર,
નાગાં આવી જવુંછે નાગાં સેવટ જો, એજ રીત ચાલેછે જગતુ ચકર.
(ભલા જીવડા કાંએરે)
ભલા ભલા આવીને ગીઆ પાછા જો, પણ નહી રહેઆં ઠાંમ કે નીશાંન
શાહી, સેઠાઈને સપણો તુ જાંણજે, કે સપણોજછે આ સારી જેહાંન.
(ભલા જીવડા કાંએરે)
ભલું કરી ભલાનો રેહજે સાથી તું, ભુંડાઈ નો કરતો તું કાંઈ,
મુદઈસેબી કરજે તુ મરવત બને તેમ, કે મરવત ભલીછે એભાઈ.
(ભલા જીવડા કાંએરે)
સત દીલને સત બેઆંણથી ચાલજે સદા તું, કે સતછે સાહેબને પસન,
અધરમી, અકરમી તે તેને તુ જાણજે, જે નહી કરે પરનુ રખશાણ.
(ભલા જીવડા કાંએરે)

ગનેઆંન ધરી છોડજે તું રડવું હવેથી, ને વીસરજે, મુવાંની વાત,
કે ગએલાં મુવાં પાછાં મલસે ન કોઈને, અગર હોએ તે પીર કે નબીની તે જાત.
(ભલાં જીવડા કાંએરે)

સભાગી તે માતાને પીતા ખરા જો, પુત જેનાં હોએ તાબેદાર,
મનશાની—ગવશાનીથી કરે સ કાંમો, ને કબુલે તેમનાં આભાર.
(ભલા જીવડા કાંએરે)

જીવજો જગમે જુગ જુગ એવા પુતરજો, ખુશી, શુખી રેહજો એવા નેક જાદ,
જે ખરા ચાહને દરદથી ડુંગરે આવી હાં, કરે માતા—પીતાની ખુબીને ઈઆદ,
(ભલા જીવડા કાંએરે)

"મનસુખ" દીલના પુતો જો રાત દીન બોલે હાં, મીઠા—મધુરીઆ વચંન.
તો નીરબલ ને મુરદાલ પુતનાં જીગરો, સ રાહે ચાલવાને થાએ સજીવંન.
(ભલા જીવડા કાંએરે)

મનસુખી મનાજાત અને અરજ ગુજારી.

યાને

ગુજરાતી ભાશાનાં બેતો.

અને

બીજી કવીતામાં,

મી૰ "મનસુખ"ની કલંમથી લખાએલી, પાક ખોદા-
તાલાની જનાબમાં ગુજારવાની અરજો—
અથવા પહડવાની મનાજાતો,—તેમજ
બીજી બાબતો.

આંક બીજો.

મુંબઈ,
યુનિયન પ્રેસમાં ન્હાનાભાઈ રૂસતમજી રાણીનાએ છાપીછે.

અકટોબર ૧૮૭૧.

કીમત રૂ૦ ૧

ખબર.

આએ મુજબનાં ચોપાંનીઆંના બીજા આંકો હવે પછે દર
મહીને એક અથવા બે છપાઈ બાહેર પડતા રેહસે—
અને જેવી કીસમની બાબતો પેહલલા તથા આએ
બીજા આંકમાં છપાઇછે તેવીજ બાબતો ઉપરાંત
બીજી બાબતોબી દાખેલ કરી બને
તેમ આએ ચોપાંનીઉં ઉપોગી
અને વાંચવા લાએકનું
કરીઆમાં આવશે.

દરએક ચોપાંનીઆંની કીમત રૂ૦ લીધામાં

કોટમાં મોટાં દેવલ આગલ યુનિયન પ્રેસમાંથી મલશે.

(Registered under Act XXV. of 1867.)

મનસુખી મનાજાત અને અરજ ગુજારી.

આંક બીજો.

ના૦ ૧૪.

મનાજાત.

(બેત.)

એ ભલાં દીલના ભોમીઆ! એ બદના નેઆધીસ!
એ દુખેઆંના દાતા! એ દાદના અજીજ!
એ હીંમતના કેબલા! એ અકલે અવલ!
એ હાજતમંદના કાજી! એ નીરબલનાં બલ!
બલ ચાહુંચ હું તુંથી, તું બલ આપ મહને,
રાજી થસ હું તુંથી થોડે ઈઆ ઘણે.
દએઆની નજરથી જો આ દીલનો બાગ,
કે છે તાંહાંના ગુલોપર શી રીતના ડાહગ.
જોએ કોણ એ ડાહગો તું **ડાકટર** વગર?
ધોએ તેમને કોણ તાંહાં તું **દાદાર** વગર?
કીઓ માલી સમજે ખુદ જડ—મુલની વાત?
હાજત જોગું બાત—જલ આપે કોણનો હાત?

સુકતા—મરતા શેપો સાચવે કીઓ નર?
કોણ પાસે જાઊં—કોણને પુછું હુંનર!
ન સંમજે કોઈ દુખડું—ન સંમજે સબબ,
ન સંમજે કોઈ વઈદું—ન સંમજે કસબ.
વાસતે એ ખોદા—એ ખાલેક કવી,
મીટાડ દુખડાં કુલ રેહમનું જલ વરસાવી.
થંડકના મલંમથી બુજા‍ બલતા ગાહ,
રૂજાવ વેહતા જખ્મની રસીદાર રાહ.
કરતુક તરફ નહી–પણ મુજ હાલતપર જો,
માહારી તરફ નહી–પણ ખુદ મરવતપર જો.
બંદા હું મીસકીન–ગુનાહમાં નાંચાર,
નાંચારને તું વગર કોણ પાડે પાર?
ખફ્ગીનાં દીલની દાંમન ખાલી કર,
નેગાહકર મુજ કરતુકનીજ જંજાલીપર.
મુંક મોહબતની જાંમ આ ખાલી હાતમાં,
બેહોશ કરી પોંચાડ ખુદ નીજાતમાં.
ભાગ્યેગવંતો તે જે પીએ એ શરાબ,
સુખી તે જે લાગવે તેની કેફમાં ખાબ.
કુલ ખાબોમાં એજ રીતનો ખાબછે હલાલ,
બાકી બીજા ખાબના "મંનસુખ" છે જંજાલ.

ના૦ ૧૫.

મનાજાત.

(દોહરાની ઢપમાં પહઠવું.)

ગંમ તાહરી નેક મોહબતનો, છે ખુશીનું ખુદ મુલ,
બંદગી તુજ દરગાહપરની છે રાહતનો ગંજ અમુલ.
ઈઆદ તાહરાં હેસાંનોની—માં ભરીચ એવી અસર,
કે આજાદ થાએચ કુલ હીણાઓ ને ઊંચ થાયછે કુલ નીચાં સર.
ખાસ તાહરા બંદાને હાં—છે એકજ ચીજ ખુબ પસંદ,
કે રાત દીન તાહરીજ નઈઅતનો બાંધેચ દીલપર બંદ.
ફારેગ રેહેચ કુલ જગથી તે, ને ફારેગ જાવેદાંન,
ન છુપું કે ન જાહેર રેહે, તે ઉપર બંધાન.
જોએછે તે હર પલ તુને—ને તુંજ તેહને તાંહાં જોએ,
એજ બનાવ પુર રાંનતારા ભરે કે બંદો રબ પર મોએ.
વાસતે એ રેહેમતમંદ રબ—રેહેમ કર મુજ પર ખાસ!
કે નેક મારગ પર ચાલી હું, પામું ભવની આસ.
ભમેંચ જો તુજ દરગાહ પર—આ તકશીર ભરેઓ જાંન,
કીરપાથી કબુલ તેહને, ને આપ ઠરવાનું મકાંન.
દરદી જાંણી દાદ લે તું—કે દાતારછે તુંજ એક,
તું જેવા દાતાર વીનાં-કાંહાં સોધું કોઈ બીજો નેક?
કાંહાં જાંઊં હું કોણને પુછું—ભરંમ—શરંમની વાત?
છે જગના ભેદનો ભંડાર તું તો તુંજ રાખ માહરી લાજ.
લાજ—કાજ—કરંમ—કીરતી, રીત—રસમ—રસ—કશ,
સાચવી—જાલવી રાખે તું તોજ ફાંની "મંનસુખ" ટકે બસ.

ના૦ ૧૬.

મનાજાત.

(દોહરાની ઢપમાં પહેલવું.)

બધી ચીજમાં તુંછે એ ખોદા! છે હર જગે હાજર,
પણ નહી દેખાએ–ન સંમજાએ તું, એજ કરાંમતછે સજર.
આ રંગીન—ઊંચો—ગુંબજ ગોલ, ફરેછે રાત ને દીન,
તુજ મોહબત ખુદ હઈએ ધરી, હર પલ રેહેચ આધીન.
શાહા—સુબા—ફરેશતા કુલ, ના જીવની ગરદંનપર,
તોક પરીચ તુંજ હેસાંનની, તો નહી ફેરવે કોઈ સર.
ધરાવેચ કુલ જીવડાના દીલ તાહરાજ શોકના ડાહ્ગ,
સગ પેરે આ મીસકીન પરાંણને આપજે ખુદ વફાઈમાં થાગ.
તુજ હેસાંનની દરબારમાં જે વફાઈ કરે કંમ,
બદબખતી તેનો શાથી થાએ ને બુરાઈ જોએ હરદંમ.
જો રાહનુમા થાએ ભાએગ માહરૂં, તો પામું દીલની આસ,
તુજ તરફ મુજ દીલનો પેઆર–થાએ માહરી હાં રોજી ખાસ.
તુજ તરફના પેઆર સીવા, જો દીલ માહરૂં રેહે બેકાર,
તો જીંદગી માહરી વેરથ જાએ–ને જીવપર રેહ ગુનાહનો ભાર.
વાસતે તાહરીજ મોહબતની—મુજ હાત તલવાર આપ,
કે આ **"મંનસુખી"** હાલમાં રહી, કાપું મંનનાં નજીસ પાપ.

ના૦ ૧૭.

મનાજાત.

(દોહરાની ઢપમાં પહલવું.)

અે જાંણ–અજાંણના સાથી ભલા, અે ભુલેઆના રાહબર!
છે તુજ વરે કુલ હશતી આ, નીસતીછે તું વગર.
તુજ નુરની નેક રોશનીથી, રોશંન કર આ આંખ,
ખાસ મોહબતના પરતાબથી, મીટાડ દીલની જાંહાંખ.
"જેમ બદંનના સંબંધમાંછે, અંનદીઠ–નીરમલ જાન,
જેમ દીલના ભાગની નજદીકમાં, જીવનુછે રેહેઠાંણ,
તે કરતાં વધુ નજદીક–તુંછે નેક દાદાર—
તોબી વેહેમ—વીચારોની, હદથીછે તું બાહાર."
જો દુર થાઅે મુજથી કુલ આલમ, જો દુર થાઅે ખેશી ખાસ,
પણ બસછે મહને તુજ રબની, નજદીકીની આસ.
દુર હોઅે ઇઆ નજદીકીમાં, આ દુનીઆંનાં કુલ જાંન,
પણ તુજ હેસાંનનાં બીસતરાપર, જમેચ સઉ અેકસાન.
અભાગી, દુખી તે જીવડો જે, તુંથી રેહે અતરંગ.
તંન–"મંનસુખ" તે તે ભોગવે, જેને દીલ તુજ મેહેરનો રંગ.

ના૦ ૧૮.

અરદીબેશતના પરબ વીશે.

(બેતો.)

છે જરતોશતી દીન જગમાં સઉ કરતાં બેશ,
આજ અરદીબેશ મહીનોને રોજ અરદીબેશ.
એ દીવસ ભલી દીનમાં ગણાંએચ પરબ,
દીનદાર લોકો પુંજેચ ખરા દીલથી રબ.
આતશ રાખેચ સંનમુખ ઝલેદાર તમાંમ,
ઇઆદ કરેચ **નબીને** ઇજદના નાંમ.
તંન પાક ને મંન પાકથી વીચારેચ પાક,
ભુંડાં દીલના કાફરના મોહોંપર રેહેચ ખાક.
રોશંન રૂખ તેનું જેના દીલમાં છે સત,
સીહા બખત તે જે બેદાન ને અપટ.
નુરી જીવડા તેનો જે નુરગાર પસંદ,
નરખનો તે કીડા જાંહાં અંધકારની ધંદ.
ભણેલાઓજ ભણેગ—ભલાઈના કલાંમ,
કેબલેગાહમાં કરેચ નમશકાર તમાંમ.
આતશવેહરાંમ ગણાંએચ ખરી કેબલેગાહ,
બંદગીના મુકાંમની તે ખાલેસછે રાહ.
અસોઇથી—સફાઇથી જે ઇછે તાંહાં દાદ,
પાંમે પલમાં રબથી તે મંનની મોરાદ.
અંજુમંનપર થાએ તે અજીજને આલા,
પાંમે પેલી જગમાં સુખ—સંપજ બાલા.
વધુ સખુંન શું કેહું હું સીખાંમંણ દાર,
ભલો "**મંનશુખ**" તે જેનો દીનપર ઇતબાર.

ના૦ ૧૯.

પારશીઓને અરજ.

("સુનીઓ સજન તુમસે મેરા એ પેગાંમ હે." એ વર્જનપર ગાવું.)

(ગજલ.)

સાંભલો પારસી તમને મારો, આ પેગામછે,
કે સત દીલ વીનાં દીનમાં રેવું, બીલકુલ હરામછે,
સાંભલો પારસી તમને મારો, આ પેગામછે,
કે રાસતી વીનાં ચાલવા બીન, જીંદગી હરામછે.

પાપથી ડરી રાત દીન પહરી, રબની કરવી સેવારે,
એ સેવામાંજ એ ભાઇઓ, બેહુ જગનો આરાંમછે,
સાંભલો પારસી તમને મારો, આ પેગાંમછે,
કે કાફરદીલ નરનાં સરપર, લઆંનતનો બદ ડાહાંમછે.

નેકી સીવા કરવી તરફ, નાંલાએક રસંમને,
દીન રીત મુંકી ક રીત કરવી, એ બહુ બુરૂં તે કામછે,
સાંભલો પારસી તંમને મારો, આ પેગાંમછે,
કે બેઇમાંની નરનું મોહોડું સદાનું સીહા ફાંમછે.

નીરમલ મને નરમાઇથી બજાવવાં દીનનાં ફરમાંન,
હોટે સફાઈ દીલ જુઠાઈ, માં ગુનાહઓ તમામછે,
સાંભલો પારસી તમને મારો, આ પેગાંમછે
કે દીનનાં કામની ડગાઇમાં, બીન માફીની બાંમછે.

કેઆંન રીત તજી અધરંમ કરી, દીનદારનો પેહેરવો લબાસ,*
તે છે જેમ સીહા કાગ—પીછ ઓશી મોર નામ લે,
સાંભલો પારસી તમને મારો, આ પેગાંમછે,
ખીન એકીને જગમાં જીવવું માહા પાપીનું કામછે.

સ કાંમ કરવું રબથીજ ડરવું, સવરગનીજ ધરવી ઉમેદ,
એ રીતના ગુણમાંજ એ ભાઇ "મંનસુખા" તમાંમછે,
સાંભલો પારસી તમને મારો આ પેગામછે,
કે ભલી દીનનાં નબી ઉપર, ખલકની સલાંમછે.

નાં૦ ૨૦.

આએ કાંના જીંદગાની વીશે.

આગલા જમાંનાંના તથા હાલના જમાંનાંના મલી કુલે ૩૮) આડતીસ અંગરેજી ભાશાના શાએરો અથવા કવીઓનાં જુદાં જુદાં ૩૮) પુસતકો મધેથી ૩૮) મીસરાઓ એક વીદીઆરથીએ એક વરશ શુધી મેહનત કરીને ચુંટી કાહાડેઆ હતા; અને તે ચુંટી કાહાડવા પછવાડેની તેની મેહનત એવીતો તારીફ લાએક જણાંએછે કે તે દરએક શાએરનો દરએક મીશારો અથવા "લાઇન" બેતના વજંનમાં તેમજ અરથની એબારતમાં બરોબર ગોઠવાઇ સકાએઓછે.

* "કેઆન રીત"—ઇઆને કેઆંની પારશીઓની અસલી મોટા સવાબની અને ધરમીપણાંની રીત તજી દઇને આડે રશતે ચાલવું તે લાએક નથી.

દરએક લાઇનની પરેશમાં તેના અશલ લખનાર શાએરનુ નાંમ અંગરેજી ભાશામાંજ અતરે જાહેર કીધેલું દાંનાવ વાંચનારાઓના જોએઆમાં આવશે, અને એ દરએક અંગરેજી શાએરની દરએક લાઇનનો ગુજરાતી ભાશાના બેતમાં તરજુંમો કરી હમારા વાંચનારાઓની નજર હજુર આજે મુકેઓછે તેમાં તે મરંણ પાંમેલા આગલા તેમજ હાલના જીવતા શાએરોની શેવા બજાવામાં અથવા તેઓના કીમતી શખુંનોને બનતો અને શરવે પાંતીનો ઘટતો ઇનશાફ આપવામાં હમોએ કશુર રાખી નથી એવું ખશ કદરદાંન વાંચનારાઓ કબુલ રાખવાને અચકાશે નહી. બેતની તાલ અને તોર મેલવેલી રાખવાને ખાતર બાજી જગોએ શબ્દી અરથમાં ફેર રાખવો પડેઓછે, તોબી અશલ લખનાર શાએરની ખરી મતલબને વલગી રેહેવાની કોશેશ કરેઆમાં આવીછે. એ તરજુંમાના બેતો શાથે અશલ બેતોનો મુકાબલો કરવાને શેહેલથી બની શકે એવું વીચારી પેલા ૩૮ શાએરોના અશલ અંગરેજી બેતોબી ચહડતા ઉતરતા નંમબરો શાથે અતરે ટાંકી દેખાડવાની રજા લીજીએ છઇએ:—

LIFE.

1—Why all this toil for triumphs of an hour?
2—Life's a short summer, man a flower.
3—By turns we catch the vital breath and die—
4—The cradle and the tomb, alas! so nigh.
5—To be, is better far than not to be,
6—Though all man's life may seem a tragedy;
7—But light cares speak when mighty griefs are dumb,
8—The bottom is but shallow whence they come.
9—Your fate is but the common fate of all;
10—Unmingled joys here to no man befall,

11—Nature to each allots his proper sphere;
12—Fortune makes folly her peculiar care;
13—Custom does often reason over rule,
14—And throw a cruel sun shine on a fool.
15—Live well; how long or short, permit to Heaven;
16—They who forgive most shall be most forgiven.
17—Sin may be clasped so close that we cannot see its face—
18—Vile intercourse where virtue has no place.
19—Then keep each passion down, however dear;
20—Thou pendulum betwixt a smile and tear.
21—Her sensual snares, let faithless pleasures lay,
22—With craft and skill, to ruin and betray;
23—Soar not too high to fall, but stoop to raise.
24—We masters grow of all that we despise.
25—O, then, renounce that impious self-esteem.
26—Riches have wings, and grandeur is a dream
27—Think not ambition wise because 'tis brave,
28—The paths of glory lead but to the grave,
29—What is ambition?—'tis a glorious cheat!—
30—Only destructive to the brave and great.
31—What's all the gaudy glitter of a crown?
32—The way to bliss lies not on beds of down.
33—How long we live, not years but actions tell;
34—That man lives twice who lives the first life well,
35—Make, then, while yet we may, your God your friend,
36—Whom Christians worship, yet not comprehend.
37—The trust that's given guard, and to yourself be just;
38—For, live we how we can, yet die we must.

(ઉપલા અંગરેજી બેતોનો ગુજરાતી બેતોમાં તરજુમો.)

એક કલાક સારૂ શું કરવા આ સઘળો રંજ,—Young.
હુનાલોકે જીંદગી—ધનસાંન ફુલનો ગંજ.—Dr. Johnson.
વારા ફરતી જીવીને મરીએચ સદા,——Pope.
છે પારણાંને ઘોરની નજદીકજ જગા.——Prior.
મરવા કરતાં જીવવુંછે અતીસ બેહતર,—Sewel.
જોકે જીંદગીછે ગોએઆ સંકટનુ ઘર.——Spencer.

મોટા ગંમ છુપાએચ તેઆરે નાંધલા બોલેચ,-Daniell.
તલીઉ છાલકું તેથી તેઓ બાહેર પડેચ.-Sir W. Raleigh.
જેવું તાહરૂં ભવીસ્ તેમ સઘલાનું જાંણ,— Longfellow.
વગર ગંમની ખુશીદાર નથી કોઈ જાન.—Southwell.
કુદરત આપેચ દરએકને પોતા જોગુ,——Congreve.
પઇસો કરેચ પાપી કાંમ વધુ-ઓછું.———Churchill.
જીહીત મેલવેચ રેવાજ અકલી કાંમપર,—Rochester.
ને ફુગાએચ તેની ગુમરાહીથી બદ મુરખ નર.-Armstrong.
મેલવ તું ભલાઇ કરી વઈકુંઠની રાહ,——Milton.
બખશેશ કરનાર પાંમેચ બખશેશનીજ પનાહ.-Bailey.
પાપ એટલું દાખીએ કે દેખીએ નહી તે,—Trench.
નજીસ કાંમ હેવું જાંહાં નેકી નહી ટકે.-—Somerville.
દાબજે ગમે એટલાખી વાહલો હવસ,-——Thomson.
છે ગંમને ખુશી વચે તું એક લોલક.-——Byron.
બદ મોજ બીછાવેચ મજાહની બદ જાલ,—Smollett.
દગાને કલાથી તે કરેચ કંગાલ.— ———Crabbe.
ઊંચો નહી પણ નીચ થા, ઊંચકવાને કાજ,-Massinger.
જે ચીજ હીણીએચ તેનાજ થઇએચ સરફરાજ.-Cowley.
ધીક્કારૂં છઊં તેથી હું ખુદ અસતુતી, ---Beattie.
દોલતછે પાંખદાર ને દમાંમ ખાખી.——-Cowper.
લોભછે બાહદુર-તેથી ડાહેઓ નો જાંણ,-Sir W.Davenent.
કીરતીનીજ રાહમાંછે ગોહરનું મકાંન.———Gray.
લોભછે ખરેખર બહુ મોટો ફરેબ !——Willis.
મોટાઓને બાહદુરોજ થાએચ તેથી ગેબ.——Addison.

તખત-તાજનો જહલકાટ નથી પાએદાર,—Drydon.
નરંમ સેજપર નથી ખુદ સુખનો આધાર.-F. Quarles.
જીવવું નથી વરસપર પણ કરણીપરછે,——Watkins.
અવલનાં શુભ કાંમપર પાછલું જીવતરછે.—Herrick.
વાસતે કર બને તેમ તું રખ ને મીતર,——W. Mason.
પુંજેચ જેને "કરીસટી" પણ કુલ બેખબર.-Hill.
તે ઈમાંન ખુદ સંભાલી, રેહે ઈમાનદાર,—Dana.
છે જીવવું ગમે તેમ, પણ મરવું પાએદાર.-Shakspear.

નાo ૨૧.

દોખમાઓની જગાના દેખાવપરથી ઉપજતા વીચારો.

(દોહરાની છપમાં વાંચવું.)

એ જલ-થલના કીરતાર ભલા, આ સી રીતનોછે દેખાવ!
કે જેમ જેમ જોઉચ આ ડુંગરપર, તેમ તાજા થાએચ આ દીલના ઘાવ.
ન કોઈ બોલે ન બબરે કોઈ, પણ દુખાએચ માહરા કાંન,
સંમસાનછે હાં ચો તરફ, પણ ધુજેચ માહારો જાંન.
ખીલીઉચ બોલખું પહરોઢીઓ, ને • થી કંઈ કાલાસ-
ઉગતો શુરીઅ પડિ તપેચ, પણ નહી દીસતી હાં મંનની આસ.
કાંહાં સોધું, કાંહાં દોડું હું? ને કોણને પુછું વાત?
ખાલી-ખાલી સઉ દીસેચ, ને મંનમાં થાએચ ઘભરાટ.
આ ઉજડ પાહડ આ શુકાં જાહાડ, આ ભંડાર પોકલ કુલ,
નહી દેખાડતાં નાંમ-નીશાંન, તો કાંહાં ગીઆ જીવો અમુલ?
લાખ દર લાખ ઘસડાઈ આએઆ, પરેઆ કોટ દર કોટ,
પણ નહી દીસતું ન મલતું કોઈ, ન હીલવતું કોઈ હોટ.

આ ફ્રરવરદીન રોજ, ફ્રરવરદીન માહ, માં આશેઓય ફ્રરવરદીઆંન,
કે તંન મંનથી કંઈ સેવા કરી, આરાધું ગએલાં રવાંન.
નરમીથી નમશકાર ભણી, કરૂં દાદારને ઈઆદ,
કે બખશેશનો હાત લાંબો કરી, લએ "મંનસુખ" ની દાદ.

નાo ૨૨.

(દોખમા મધેનાં મોટાં માએ કહેલા સખુનો.)

પદ.

કાં બેઠાય એ ગેઆંની તું અતરે—કાંએ બેઠો છે રડતો રે ?* ટેક.

"ઓહ ના તું ઠાલો અવસર તાહરો—કે પાછો નહી તુને મલશે રે,
મરણ ભમે છે માથા ઉપર—તે ઝટ આવી તુને ધરશે રે.
(કાં બેઠાય એ ગેઆંની તું અતરે)
"જેની ચાલ ધરથી ધ્રુજતી—ને જલ આકશે ભરતા રે,
જેની ફુકથી પરવતો ફાટતા—તે નર દીઠાય મેં મરતા રે."
(કાં બેઠાય એ ગેઆંની તું અતરે)
સમજણ નથી તો સમજાંણ કેહાંથી—કે લાભે સઉને વાહેઆ રે,
અવલા—સવલા બંધોથી બાંધિઆ—ખુદ હાતેજ બંધાએઆ રે.
(કાં બેઠાય એ ગેઆંની તું અતરે)
કેહો ભઇ હવે શું કેહું તમને—કે મોટું તમારૂં ગેઆંન રે,
પણ તકદીર આગલ કંઈ નહી શુજે—અપટ—આકેલ એકસાન રે.
(કાં બેઠાય એ ગેઆંની તું અતરે)

* "પઃ લાંગુ હાત જોરી રબાજી, મેહર કરજે તું તાહરી રે" એ પદના વજંન અથવા રાગમાં ગાવું.

ધાંસ્યા તે તો ધુલમાં મલ્યા—હાતમાં નહી એક કોડી રે,
ખાલી હતે ખાલી જાવુંચ—તો શું કામ આએ દોડા—દોડી રે.
(કાં ખોડાય એ ગેઆંની તું અતરે)
હાતમાંનો જર માલ હારી બેઠા—ઊંધાંજ કામ સઉ કીધાં રે,
શુખનું અંમરત ઢોલી દઇને—દુખનાં જેહર કુલ પીધાં રે.
(કાં ખોડાય એ ગેઆંની તું અતરે)
સીખામણ સાંભલો "મંનસુખ" તાહથી—ને માનજો સરવે કોઈ રે,
લોભ કરશે જે લાભ કમાવા—તે બેશશે મુંડી ખોઇ રે."

નાο ૨૩.

ઉપલી બીનાં વીશે દોખમાં મધેના મોટાં માએને
"ગેઆંનીએ" આપેલો જવાબ.

બેતો.

આવાજ તાહરો સાંભલી એ બાંનુ ભલી,
આંનંદ મહને ઉપજી—ટલીચ જંજાલી.
કરૂંચ હું નમશકાર તુને વારંમ વાર,
માંનુચ તાહરી નસીહતનો દીલથી આભાર.
સતવંતી નાર ને—સદગુરૂનાં સંગ,
થી નીપજે છે ફાએદા અનેક રંગા રંગ.
અનુભવનુ દાંન ગણાએચ સદા સરસ,
પરનુ દુખ ટાલવામાંજ માહપુનછે બસ.

શુરીઅનુ તેજ ખીલવેચ જેમ સુગંદી કુલ,
તેમ એ બાંનુ કુલ તાહરા સખુંન બેમુલ,

થી પાંમસે કુલ મુરખના મનો પરકાશ,
ભુંડાઈ તજી—પકડસે નેકીનેજ ખાસ.
દએઆનોજ શમુદર છે ખુદ તાહરૂં દીલ,
અકલનુ ગહુઅર છે તુમાં બહુ અસીલ.
ટાલેઆંતાં તેં દલદર અનેક જનોનાં,
પણ સાંભલ ઘડી હવે મુજ વચંનોના.

વરસો તક એ બાઈ તુજ ખુબીનુ દફ્તર,
વાંચતાં તાં આલંમમાં કુલ નારી ને નર.
ને કેફી—રંગી શરાબના શીશા મીસાલ,
જગનાં મોહોડાં રેહતાં ભરપુર ને ખુશાલ.
કુંપાસના કાંટા પેરે—લખનારના હાત,
તાહરીજ ભલાઈ નોધવામાં હીલતા દીન રાત.
વખાંણેઆં તેવોએ તુજ કુટંબનાંજ કામ,
વખાંણીઉ નહી ખોટું પણ ખરૂંજ તમાંમ.

બુલંદ તાહરી બુનીઆદના જાહાડો સીતલ—
થી ચાહતાંતાં જગનાં લોક એ રીતનાં કુલ,
કે ફરતા આ આકાશના અંદીઠ બનાવ—
થી દુખની હરારતમાં થાએ કોઈ ગરકાવ,
તો આપે તેવો પનાહનો છાએઓ તેને,
શંભાલે નેક દીલથી—થોડે દીઆ ઘણે.
પણ જોઈ જેઆરે મોહબતને બદલે જાસતી,
મરવતની જગો—બેવફાઈ કુલ દીઠી.

ઉભાઈ તેઆરે ગંમથી કુલ દીલની નદી,
ફૈલાઈ બુરી દેઆંનતની રેલની બદી.
ધોવાઈ ચાલેઆં તમામ દાનાઈનાં દફ્તર,
ડુબો કુલે સંતોશ ને સબરનો જર.
હસતાં મોહડાં થાએઆં કાતેલ જેહરથી પુર,
દીપતી આંખો થઈ રંગીન લોહીથી ચકચુર.
શુખનો ગંજ લુટાએઓ બદ દગાથી,
પીતા લુટાએ પુતથી—ને પુત સગાથી.

નીરદોશો પર ફાવેઆ બુરા નીતીમાન,
સાહુકારો પર ફાવેઆ પીંડારી પેહેલવાન.
હાતમાનો જર માલ ચોરેઓ ધોરે દીસ,
ન દાદારની પરવા ન સરકારની રીસ.
ન દેઆંનત કે મરવત કે મરજાદા રહી,
પેટીમાંની દોલત પરના હાતમાં ગઈ.
ઉડી તેથી ચો તરફ બુંમ ને ઘભરાટ,
દુખીઓ કરેછે ફરીઆદ પર ફરીઆદ.

આએ ઘુંમતો દરીઓ—આ ફરતો આકાશ,
ગહુવાઈ દેશે તે જગના નેઆધીસની પાસ.
કે કેમ મારેચ દુખીઆંઓ હા—ઉપર હા,
પોકારેછ કેમ હરદંમ **ખોદા** ઈઆ **ખોદા**.
અફસોસ કે ફરેબના સીહા દરીઆવ,
માં ખેરખાહીની કીશાતી ગઈ તમાંમ ગરકાવ!

અફ્સોસ કે નામ અને નેઆંમત તમાંમ,
નુ આઈઊં એકાએક ફ્રેબથી અંજાંમ!

અફ્સોસ કે બખતનુ મંખી નીરદોશ,
દગાની જાલમાં પડીઊછે બેહોશ!
અફ્સોસ કે બીન જલ ને બીન દાણે તે,
રડતું બલતું ફ્રાંદામાં રાત–દીન તફ્ડે!
અફ્સોસ કે ભીંજાએલાં પાંપણના હાત,
તાહરે આંગણે છટકાવ કરે દીન ને રાત!
અફ્સોસ કે રંગીલી આંખનો શુરમો,
પટકાઈ પડે તાહરાં રેહઠાંણની ધુરમો!

અફ્સોસ કે નીશાશ પણ અમુલા જાંન,
ની નાહી મલે તું જેવી કોઇ નગેહબાન.
તું જોઈ લે કે નેકી ને–સફાઈની વાત,
ને શું નીસબત છે ખાલેસ લુચ્ચાઈની સાત.
તું જોઈ લે કે શેતાંની હીલા–હરકત,
ને શું છે ભલાઈ ભરી ચાલશે નીસબત.
તફાવત છે કેહવો–ને કેટલો તે જો,
તું નાહી જોએ એ ચીજો તો કોણ જોએ બીજો.

હેરંગીજ તું નો રાખતી એવી ઊમેદ,
કે દુખી થાએલા શીર નરો છુપાવશો ભેદ.
સબુરી ને કરારથી બેશાશો ગુપત,
ઈઆ આરાંમ ને ખાબમાં રહી ખાશો ગફ્લત.

પણ સબર—ને ખાબ અને કરાર—આરાંમ,
બીલકુલ છે એવા નરો ને હરાંમ.
સબર શું—ખુવાબ શું—ને શું છે આરાંમ,
તે એ જાતના નર ને છે અંનજાંણ તમામ.

વાસતે એ પુતવંતી—ધંનવંતી મા,
ઉતાર માહરી અરજ સફાઇથી દીલમા.
સોગંન તુને આપુંચ હું તાહરાં પુનના,
સોગંન તુને ખુદ તાહરાં જંન—ફરજંનના.
સોગંન તુને નેક તાહરા ભરથારના છે,
સોગંન તુને કુટંબ—પરીવારના છે.
કે હકથી—ઈનસાફથી—તું મુનસફી કર,
અગર જગથી નહી તો તે **દાદારથી ડર.**

ના૦ ૨૪.

(પદ.)

એ સતવંતી—એ સકરમી—એ પરદુખભંજંન નાર રે,
અતી અદનાં આંનંદ પાંમાં, તુંથીજ પરેઆં પાર રે.
(એ સતવંતી)
પણ અવલાં વચન હમણાં બોલાએ, પીઠે હસી થાએ રે,
ખુબી તમાંમ એઆંનત ગણાંએ—તેનો કરો ઉપાએ રે.
(એ સતવંતી)
જે જંન સાંભલે "મંનસુખીયા" વાત, તે હરગીજ દુખી ન થાએ રે,
ભજન ભણે જે સુભ વચનનાં, તે વઇકુઠ ચાલીઓ જાએ રે.
(એ સતવંતી)

ના૦ ૨૫.

ઉપલી બીના વીસે મોટાં માએ આપેલો ઉતર.

(સાદી કવીતા)

એ તીખી જબાંનના—એ તેજી ગનેઆનના ભાઈ!
જાનને જલાવનારા તાહારા આ સખુનોથી,
કોઈબી વસતુ વગર ગંમની દીસતી નથી.
કોઈબી ચીજમાં મહને ગમત પડતી નથી,
જાંહાં જોઊંચ તાંહાં ઉદાસી દીસે છે,
જેમ વીચારૂંચ તેમ નીરાસી જણાએછે.
બુરાં ફીતુરો જેહારે ભલાઓ કરે,
ભએઅંકાર દગા જેહારે સાહુકારો રમે,
તેઆરે સરદારોની હોરમત અને બુજરગોની મરવત તરફ,
દુખીઆંઓ કડવી નજરથી જોએ તેમાં અજબ શું?

સંતોરા તજી લોભને આડ મારગે ગીઆથી,
મુશકેલીના ફાંસા જીવની હલકમાં પેઠાછે એ ખરૂંછે.
પણ એ હાલતમાં હુલરાઈ જોઈતી નથી,
કબુલ કરૂં છેઉ કે જાંહાં ભલાઈ ને સફાઈછે.
તાંહાં ગોસપંદ પેરે ગેઆંનીઓ તાબે રેહછે,
પણ ખોલલી લુચાઇના દેખાવથી તેઓ—
નર સહીંઓ પેરે જીગરનુ લોહી પીનારા થાએછે.
મોટાઇ અને ગરૂરીની દડી આફતાબ તલક ઉડારવી,
તે સફાઇ અને નમંતાઈની ચોગાંનનુ કામ છે,
પણ એથી ઉલટા ખવાસમાં, હીનપસતી અને બદબખતીછે.

હકદાર હાજતમંદોની તરફ તોછડાઇથી જોવું,
તે માન અને ઈમાનની કીમતીને ફના અને ફજેતીના
ખરાબાપર અફડાવવા બરોબર છે.
આ વેહતા વખતના ફરેબી દોરમાં,
ખુનીઆદજાદાઓને સર એજ ફરજ છે કે
તોફાંનના વંમલમાં ગોતાં ખાએઆં છતાં,
ભલાઇ અને ખુબીના કીનારાની પાર ઉતરવાથી
નીરાસ નહી થવું,-સબબ કે બેઉ જગની
સલાંમતીનો સઉથી સરસ કીનારો તે-
મીતરો સથની વફાઈ ને મુદઇઓ સાથની ભલાઇછે.

પણ બરતી ચેરાગની મીસાલ જે લોકો-
સરકસી કરેછે-તેવોને સેવટે બલી ખાકજ થવું પડેછે.
બરગશતે તાલેના વખતમાં, ખરૂં ડાપણ,-
ધીરજ અને સમજ ભરેલો મીજાજ રાખવામાં છે.
એ રીતનો મીજાજ એક કીમીઆગરની પેઠે-
એક ફકીરનેબી શેવટે શાજી બખશી ધંનવંત,-
અને એક દરદીને આરાંમ બખશી મધંન કરેછે.
કેઆંમતને દાહાડે તેજ બદકારોને ખરી રાહત-
મલનાર નથી, કે જેઓએ ગરીબોની કમાઇના,-
હલાલ આટો, ઠગાઇના હરાંમ પાંણીમાં રાંધી ખાધોછે.

ના૦ ૨૬.

(ગજલ.)

ગંમનો આતરા જલતો રાખેચ, આ માહરાં બદંનનો જાંન,
આ કડવાં આંશુ હરદંમ ટપકેચ, તેખી તું તે ગંમથીજ જાંણ.
(ગંમનો આતરા જલતો રાખેચ)
પારધી પેરે દગાથી ખણી-બદ લોભના આતરાની ચાહ,
મોરાદનો શેકાર હરદંમ તેમાં, બલી-બલી થાએચ બુરીઆંન.
(ગંમનો આતરા જલતો રાખેચ)
ધાતકી-જંગલી બાજો પેરે, આંખો સીવી નો રેહો અપંગ,
દાંનાઈ-દરીઆફ વાપરી આપો "મંનસુખીઆ" વચનપર કાંન.
(ગંમનો આતરા જલતો રાખેચ)

ના૦ ૨૭.

(પદ)

"સુખ-દુખ મનમાં ન લાવીએ-ભવ સાથે તે ઘડીઆં,
ટાલેઆં તે કોઈનાં ટલસે નહી-રબજીનાં તે જડીઆં."
(શુખ-દુખ મંનમાં ન લાવીએ)
નેપોલીઅંન જેવો શાહ નહી, "યુજીન" જેની રાંણી,
ભુખાં-દુખાં હર જગે ભટકાં, ન કંઈ અંન-ન પાંણી.
(શુખ-દુખ મંનમાં ન લાવીએ)
"વીકટર" સરખી રાંણી નહી, રબજી જેનાં સવામી,
"આલબરટ" લુટેઓ જમરાએ-ભવનું દુખ તે પાંમી.
(શુખ-દુખ મંનમાં ન લાવીએ)
નરો શુખી તે જંનને જાંણ-શુધ જેનાં અંતર જાંમી,
ભણે "મંનસુખ" મોટાં માએ સંગ,-સખુન નવા ને નાંમી.
(શુખ-દુખ મંનમાં ન લાવીએ)

મનસુખી મનાજાત અને અરજ ગુજારીના આંક પેહલલાનું સાંકળીઉં.

સફે.

આંક બીજાનું સાંકળીઉં.

મનસુખી મનાજાત અને અરજ ગુજારી.

યાને

ગુજરાતી ભાશાનાં બેતો.

અને

બીજી કવીતામાં,

મી૰ "મનસુખ"ની કલંમથી લખાએલી, પાક ખોદા-
તાલાની જનાબમાં ગુજારવાની અરજો—
અથવા પહડવાની મનાજાતો,—તેમજ
બીજી બાબતો.

આંક તરીજો.

મુંબઈ,
યુનિયન પ્રેસમાં ન્હાનાભાઈ રૂસ્તમજી રાણીનાએ છાપીછે.

નવેમબર ૧૮૭૧.

કીમત રૂ૦ા

ખબર.

આએ મુજબનાં ચોપાંનીઆંના બીજા આંકો હવે પછે દર
મહીને છપાઈ બાહેર પડતા રેહસે--અને જેવી કીસમની
બાબતો આગલા બે ભાગોમાં તથા આએ તરીજા
ભાગમાં છપાઇછે તેવીજ બાબતો ઉપરાંત બીજી
બાબતોબી દાખેલ કરી બને તેમ આએ
ચોપાંનીઊં ઉપોઓગી અને વાંચવા
લાએકનું કરીઆમાં આવશે.

દરએક ચોપાંનીઆંની કીમત રૂ૦ા લીધામાં આવશે.

બાહેરકોટ ધોબીતલાવ ઉપર યુનિયન પ્રેસમાંથી મલશે.

મનસુખી મનાજાત અને અરજ ગુજારી.

આંક તરીજો.

ના૦ ૨૮.

મનાજાત.

(બેતા.)

એ નેકી–નેકનાંમીનાં ધણી ખુદ એક !
બુરૂં માહરૂં ઢાંકી દેખાડ મહને નેક.
બદીથી રાખ હરદમ આ દીલ માહારૂં સાફ,
નેકીપર સાબેત રેહવા કુવત તું આપ.
નીચું હીણી–ઊંચ તરફ રાખ તું નજર,
માહારે લાએક નહી પંણ તું તુંજ લાએક કર.
ગફલતી ને નાંકઉતીજ છે માહારૂં કાંમ,
અસોઈ ને જવાંમરદીજ છે તું તમાંમ.
હાજતમંદ–ખાહેશમંદ છે ઈનસાન સદા,
બીનહાજત–બીન મતલબ તે તું છે ખોદા !
છે ગુનાહ ને ગુસોજ મનુશી ખાવાસ,
છે રેહેમ અને બખશેશ તું દાદરની પાસ.

એ બખશેશનીજ ઉમેદમાં માંરૂંચ પોકાર,
કે ખુબીબખશી ખાંમી કુલ દીલમાંથી કાહાર.
રેહેમતના જલથી ધો ગંધીલો રંજ,
આપ કીરતીને સફાઇનો ઝલેદાર ગંજ.
નથી કોઈ હું બીજો, છેઉ જરતોશતી,
રાખ મુજ સાથ ખરી મેહરથી તું દોસતી.
બુરૂં બખશી ભલું રાખ માહરૂં કબુલ,
ઈનસાંન થઈને નહી કેમ થાએ માહારીથી ભુલ?
ભુલ ભાંજવી, ભુલ વીસરવી છે તાહરૂંજ કામ,
ભંમતી-ભુલતી નાંચીજ છેઉં હું તો તમાંમ.
પીતા સીવા કોણની હોએ બચાંને આસ?
નાંચાર બચચું નહી કાંએ માંગે **પીતા** પાસ?
હસતાં મોહોનુ માંગવું જો નહી આપસે તું,
તો ગલે વલગી માંગસ રડી-રડી હું.
નબલાઈ માહરી જો-ને નો જો એબ તરફ,
પસંદ પડતું રાખી-નાંપસંદ કર રદ.
ભલું જો ખુશીથી, બુરાંપર વીંચ આંખ,
નાંચારી જે કરે તાંહાં માહરો સું વાંક?
વાંક કરી માંગે જે-રાંક દીલથી માફ,
બખશેશાનુ "**મંનસુખ**" તું તેહને કુલ આપ.

નાꞏ ૨૯.

મનાજાત.

(બેતા.)

તુજ મેહરથીજ જીવેચ આ જગની અંજુમન,
તાહરા કેહરની તલવારથી-ધુજેચ ગગંન.
છે હાત તાહરો અવલથીજ બખશેશ ભરો,
ચાલુ રાખજે આખર તક તેનોજ ઝરો.
મોહબતથી નો કરતો કંઈ કેહરની અસર,
રાખજે બદ મનશાનીથી કુલ બેખબર.
શેતાંની ફરેબ આગલ છેઊં નાકઉવત,
પનાહનો છાએઓ મુજપર રાખજે તું બસ.
કે ચીનુ નેકબખતીના ફુલ હું ખુશાલ,
કાહાડું સુખવાસીમાં તંન મંનનો હાલ.
ખીલતાં રાખજે સંતોસનાં ગુલ ચોતરફ,
બાલજે લોભનાં કાંટાનો બુરો ગજબ.
તાજી રાખજે આ માહરી કલંમની શાખ,
કે સખુંનની કલીઓ ખીલે લાખ દર લાખ.
સુગંદ તેની ફેલાએ-કુલ દેમાગોમાં,
તો કઉવત આવે નબલી-દરદી રગોમાં.
પાપી-જેહરી હઈઆં ચાખે મધ અસીલ,
રાહત પાંમે દુનીઆઈ ને દીનદાર કુલ દીલ.

સેવટ લઈ જાએ સાતે ખુબીનો અરક,
વઈકુંઠમાં "**મંનસુખ**" ભોગવી તજે નરક.

નાο ૬૦.

મનાજાત.

(ગેતો.)

એ ગફલતથી બીદાર કરનાર **બારેતાલા**,
બુરાઈને રાખ પડતીને નેકી બાલા.
બંદ રાખ બુરૂં બોલવાથી માહરા આ હોટ,
ભલાઈજ જોવા રોશંન કર આ આંખની જોત.
લગાડ તાહરીજ મોહોબતનો એશક તું ખાસ,
તાહરીજ ઇબાદમાં છે બંધે દુનીઆંની આસ.
અગર નહી વેહે તુજ મેહરનો ઝરો એક પલ,
તો શુકાએ તમાંમ હસતીનાં ચશમાનાં જલ.
અગર ઝંમકે ગગંન પર તુજ કેહરની આગ,
તો ખાક થાએ "હીમાલા" ને બુલંદ "કોહે કાફ."
છે આબાદી ને નેકીમાં તુંજ એક અસલ,
છે તાહરાજ સંગમાં કુલ ચીજનો એક રંગ ને વલ.
અગર ગમે કીધુંચ મહારાં દીલમાં મુલ,
તો મેહરથી લલકાર તું આ જીવનુ બુલબુલ.
તંગીમાંથી નીકલવા આપ તેને પાંખ,
ગંમનાં આંશુ નુછી કાહાડ આંખ પરની જાંખ.

ઉમેદનુ ગુલ શુંઘવા પર હુશીઆરી આપ,
બુરી ગફલત તજવા તું કંઈ ઈઆરી આપ.
છુપાવ એબો–બુરા હસદખોરોથી,
હુનર છુપાવ–બદ દીલ–બેહુનરોથી.
કીરતી–સંપતી–સંપજ ને હર શુખની ભાંત,
સાચવી–જાલવી આપ તું "**મંનશુખીઆ**" નીરાંત.

નાૅ ૩૧.

મનાજાત.

(દોહરાની ઢપમાં પહડવું.)

રાત–દીનની માહરી અરજ–ની એવીજ છે મોરાદ,
કે તંન–મંનની કોશેશે કરી–મેલવું તાહરી દાદ.
બેરખાહ દોસતના ઘરની ભીખ–પાદશાહીથીબી બેહતરછે,
તુજ મોહબતનાં કીમીઆંથી, સીહાખાક કીમતી જર છે.
જેહારથી તાહરી દરગાહપર, મુકીઉંછે મુજ દીલનુ સર,
તેહારથી થાએઓચ તકીઓ માહરો–તુંજ દાવરે–દાદગર.
નથી જોઇઉં તુજ રૂખ કોઇએ, પણ લખ-દર-લખ જીવછે આશક,
કલી પેરે તુંછે છુપો–પણ બુલબુલ પેરે હસતી છે મસત.
કું થાઉંઅ તુજ દરગાહપરની, સીહા રંગની નરંમ ખાક,
કે ખાક સીવા બીજાં રૂપમાં, તુજ મેલાપની નહી તાકાત.
ખાકછે તંન ને જાંનછે ખાક, ખાકછે કુલ આ આગ ને આબ,
ખાક-ખાકછે તું બીન કુલ ચીજ, ને ખાકમાંજછે '**મંનસુખી**' સવાબ.

ના૦ ૩૨.

(અશેમ વોહુનુ ભણગણ.)

(બેતો.)

ઓતંમ નેઆંમત છે તમાંમ રાસતી વચંન,
રાસતી બોલનાર ગણાએચ ખરો નેક સજંણ.
સવાબ કરે તેનેજ ખરો અસો જાંણ,
(સવાબમાંજ છે બેહુ જગનો સુખવાસ ને માંન.)*

ના૦ ૩૨.

(ઈઅથાઅહુવેરીઓ અથવા અહુનવરનું ભણગણ.)

(બેતો.)

કરૂં કાંમ કુલ હોરમજદની ખાહેશોનાં,
પોશુ–પાલું તંન–ને જાંન દરવેશોનાં.
મનશાની ભલી રાખી કરૂં સવાબ,
કે આપે બુલંદ બેહશત તે બેહુ જગનો બાપ.

* અસલ અવસતાના કલાંમોમાં આપણા પારસી ભાઈ બેહનો જે બંદગી તરીકેનુ ભણ ગણ કરેછે તેના ખરા અરથો અથવા ખરી મતલબો ગુજરાતી બેતોમાં ઉપર મુજબ હમોએ ગોઠવીછે અને હવે પછેબી બનતી જોગવાઈએ તેમ કરતા રહીશું. હમો ઉમેદ રાખીએચ કે એ રોતની હમારી મેહેનત હમારા કદરશંાન અને ખરા હ મદીન ભાઈઓને પસંદ પડતી થએઆ વીના રેહેશે નહી. જે જે લાઈનો અથવા બેતોની આગલ પાછલ બે વલણઆ મુકેઆમાં આવશે તેમાં હમારી તરફનાં એકુ બે શબદો બેતની એબારત બંદી કરવા સારૂં વધેલા જાણવા તોબી તે અશલ કલાંમોની ખરી મતલબને એક મલતાજ લખેઆમાં આવેઆછે એવું ચોકસ સમજવુ.

નાο ૩૪.

(કુશતી બાંધવાની નીરંગનુ પહઠલું.)

(બેતા.)

દાનાવ સાહેબ પોતે ખુદ થાએલો પેદા,
જે એહરેમંન બુરાને દુર રાખેચ સદા.
મારેલો—હટેલો ને તુટો રેહો તે,
વલી દેવ ને દરવંદ ને દરૂજ કુલે—
જાદુગર ને કીક—ને કરપ લોક તમાંમ,*
જુલંમગાર ને બદકારનાં નીશાંન ને નામ—
આશમોગ—ને દોજખી ને બદઅંદેશો
બુરાં દીલનાં પાદશાહ ને બદ પરીઓ
દુર૰ને દફે ને—તારાજ રેહજો કુલ—
દુશમેનનીબી થાજો આજેજીથી (ધુલ.)
એ ભલા **હોરમજદ**—એ દાનાવ **ખોદા,**
કરૂંચ હું ગુનાહુની તું પાસે તોબા.
તમામ બુરી નઈઅતથી થાઉંચ પશેમાંન
તમાંમ બુરૂં બોલવાથી થાઉંચ હું હેરાંન

* "કીક" એટલે દેખતા આંધળા ઈઆને ખોદાએની ખુબીને આડી અથવા બદ નજરે જોનારા લોકો.

"કરપ" એટલે જે શાખસો ભલી દીનની ખોદાઈ વાતો નહી માંને અને નહી સાંભસે તે લોકો.

"આશમોગ" એટલે બે જણને માંહો માંહે લડાઈ કરાવે તથા ફરેબ આપે તથા શુમતાંનું ઉલટું કરે તે લોકો. (દο એο દાο)

કરતુક બદ જે કીધાં, ઈઆ વમાસેઆં જે
(માંફી માંગુંચ તેની તું પાસ હું આજે.)
દુનીઆંમાં જનમથી તે આજ દીન તલક—
જે જે કામો કીધાં ને બોલેઓ હું બદ,†
તે તમાંમ વીસે—નેક નઈઅતોથી—
નેક બોલવાએ તથા નેક કરતુકોથી,
વલી—તંન ને જાંન ને જગની જેહમતથી,
માંગુચ તાહરી પાસે હું ખાલેસ માંફી.
ભુંડાઈ તજી દઈ તુને કરૂંચ ખુશાલ,
એહરેમન બુરાનાં ઈછુંચ તુટા હાલ.
કરેચ જે લોક જાહેર સવાબોના કાર,
ખાહેશ તેમની રેહેચ સદા બુલંદીદાર,—
વાસતે એ હોરમજદ આપ મહને ઈઆરી,
ધરાંણ છઊં હું માજદીઅશ્નની દીન તાહારી.
કે તમાંમ કુલ જરતોશતી—માજદીઅશનાંન,
નુ પહઢી ને કરૂં હું તારીફ—વખાંણ.
વખાંણુ નેક બોલ ને—નેક પીચારોથી,
વખાંણુ હું માહારાં—નેક કેરદારોથી—
બેહતર માંજદીઅશની તે દીન (નુરદાર)
ટલેઆં જેથી દુશમંનનાં તેજી હથીઆર.

† એક મતલબ અથવા વાકીઅ એકથી વધારે વાર લખાએલો અતરે તથા હવે પછે બીજી જગોએ વાંચેઆમાં આવે તો કોઈ દાનાવ વાંચનાર અથવા નુકતેચીને તે હમારી તરફનું ગણીને એબારતની ખાંમી તરીકે નહી ઠેરવવું—પણ અસલ અવસતાનાંજ લખાંણમાં તેવું હો એઆને લીધે હમારે લખવું પરીઉછે એમ સમજવું.

ટલી જેથી મંમતની આડી ખાહેશ,
(પરી તમાંમ ભલાઈજ જગતમાં પેશ.)
જીવતા ને મુએલા તમાંમ નેક કેરદાર,
તમાંમ અસો લોક ને (તમાંમ પહરેજગાર.)
ગણાએછે ખુદ **જરતોસ** ને **હોરમજદ**નાં બેશ,
ચાખું તેથી હુંબી કુલ નેઆંમતા બેશ.
એ રવેશનીજ છે (એ દીનની નીશાંન)—
માંજદીઅશની દીન છે **બેશક બેગુમાન.**

નાο ૩૫.

(દાંનાવની સીખાંમંણ.)

બેતા.

"નીરાશ થઈ નો બાલતો એ ભઈ તાહરૂં દીલ,
કે ભંરેઓચ રાતનાં પેટમાં ધોલો દી* અસીલ.
નો બીહીતો તું અંધકારથી એ વાહલા દુસત,
કડાચ જોસે તાંહાં આબે હઈઆત તું ખુશ.
કે જેહમત ને જુંમબેશ બીન—આ ફાંની જેહાંન,
બી નથી પાંમી ઠર ને કરારનુ રેહઠાંણ.
જેહમત બીન નથી પાંમતું હાં કોઈ મોરાદ,
એટલી વાત તું રાખજે તાહારા દીલથી ઈઆદ.
નેક બખતીનુ મલવું તે **દાદાર** થી છે,
તદંન દુર તે તાહારા જોરની હદથી છે.

* "દી" એટલે દીવશ—દાહાડો.

જો નહીં બખ્શે દોલત આ આકાશ બુલંદ,
તો નહી આવસે તે જોરની કમંદમાં બંદ.
નથી પાંમતા વંનનાં ફ્રારી ખાનાર વાઘ,
જોરદાર પંજાથી કંઈ રોજીનાં લાગ.
નથી થાતી નબલાઇથી કોરી નીરાસ,
પંણ ચાલુ શખેચ ઉદીઓગ સદા આશ પાસ.
તેમ એ અકલમંદ—ને દુરઅંદેશા નર,
કરતો રેહજે ભલા ઉદીઓગથી હુનર,
જે લોક છે શેહનશાહનાં સરખા મોટા,
તેઓબી છે રબની દરગાહનાજ ગડા.
આવ એ ભાઈ તેથી હાં ઊચકીએ હાત,
માંગીએ ખોદા પાસે આપણી મોરાદ.
કે પરશું જેહારે ખાકમાં કજાઈ હોકંમથી,
ઊચકી નહી શકશું તેઆરે કંઈબી દંમથી.
નથી જોતો તું શું થંડી રૂત સખત,
થી કેવી રીતે નાગાં બનેછે દરખત.
કેમ ઊંચકેચ તેઓ ખાલી કુલે હાત,
ને પાંમેછે પાછી ફુલ—ખાંનની મોરાદ.
કર એ ખોદા તું મેહર ભરી નજર,
કે ગુહનાજછે બંદાની ગરદંન ઉપર.
કાંમ તમાંમ ઈનસાનનાં છે ખતાદાર,
માંફી બખશી તેમને પારી દે તું પાર.
અગર તાજ બખ્શે તો થાંઊ સરફ્રરાજ,
અગર ઊચકે તું તો પારે કોણનો હાત!"

ના૦ ૩૬.

આગલું ઇરાંન અને પારસીઓનો ધરંમ.

એકજ ખોદાને માંનવાનો અથવા ઇઅજદાંપરસતી ધરંમ આગલા જમાંનાના ઇરાંની પારસીઓ પાલતા હતા, અને તેવાજ ધરંમની અસર તેઓ આસપાસના બીજાં મુલકોમાં દાખેલ કરવાને ઇછતા હતા, પણ જેઆરે લંબાંણ જમાંનો ગુજરવાબાદ લોકોનું ધેઆંન પાછું બુતપરસતીની બદી તરફ ઉતરીઉં હતું અને એહરેમની ભરેલી ચાલચલણોનો ફેલાવો આસપાસના બીજા મુલકોમાંબી થએઓ હતો, તથા મોબેદો અને ધરંમ ગુરૂઓબી પોતાની સવારથ અને લાલચને વાસતે તરેહવાર જાતના વેહેમો ભરેલા ઢોંગો કરવાનો પેશો લઈ બેઠા હતા, તેવામાં "સાઇરસ" અથવા કેખશરૂ પાદશાહનું તખતે બેસવું થઈઉં, અને એ નેક ખવાસના નાંમીચા પાદશાહે સઉથી પેહલો ઠેરાવ, તમાંમ જાતની બદીનો અટકાવ કરવાનો અને બુતપરસતી નાબુદ કરી, ઇઅજદાંપરસતી સાબેત કરવાનો કીધો હતો, તેથી તમાંમ ઢોંગી ધરંમગુરૂઓને તેમજ બીજા દેશોના બદકાર લોકોને સજાએ પોંહોંચાડી ખરી નેકી અને નીતીનો વધારો કીધો હતો. કેખશરૂ પાદશાહે જોકે એ બાબે ઘણીજ તારીફલાએક કોશેશો કીધી હતી, તોબી ધરંમ સંબંધી બાબતોના ખરાં ગનેઆંનનો પરકાશ જાંહાંસુધી હજરત **જરતોસત** ખોદાતાલાની તરફથી ખરી પેગંમબરીનો હક ધરાવી આવેઓ હતો તાંહાંસુધી

બરોબર રીતે મજબુત પાએઆ ઉપર રચાએઓ નહી હતો. એ વીશે આગલી તવારીખના એક ઇઉરોપીઅંન ગરંથકારના સખુનો આ મુજબના છે:—

"When the Persians triumphed, this priestly caste lost much of its influence, and seems to have been regarded as hostile to the new dynasty. Hence, wherever the Persian monarchs established their sway, they become bitter persecutors of the priests. They laid a heavy hand upon the sacerdotal cast in Egypt, and the Chaldeans in Babylon. Cyrus adopted this policy, and effected great religious changes in the systems of the magi. To what extent, however, these changes were carried in his day is unknown; but it is certain that the revolution was completed by *Zoroaster, whose system is the most* perfect devised by unassisted human reason."

એ મુજબ હુજરત જરતોસતની ધરમનીતીના નીરમળ જહુરાએ જુજ મુદતમાં તમામ જાતની બદી ભરેલા વીચારોની પલીદીને ધોઇને સાફ કરી નાખી હતી અને અસલી ઇરાંનને તાબેના તેમજ બીજા મુલકોમાં એ ધરમની ખુબી ભરેલી અસર લાગુ કીધી હતી અને જેઆરે ઝરકઝીસ (Xerxes) અથવા પારસીઓનો અસપંદીઆર પાદશાહ ગરીસ અથવા ઇઉનાંનના મુલકના પાદશાહ સાથ લડવા ગએઓ હતો અને પેલી "હેલેસપાંનટ" નામનીખાડી ઉપર એક માહાભરત પુલ બાંધીને પોતાનું ઇરાંની લસકર ગરીસના મુલકમાં દાખલ કરવાની તજવીજ કરતો હતો તે વખતે તેની સાથના મોબેદો અને બીજાઓએ ખોદાતાલાની બંદગી અને બીજી કીરીઆઓ કીધી હતી તેને લગતા કેટલાએક બેતો અથવા

કવીતા રૂપી સખુનો મી૦ ગલોવર (Glover) નામના એક ઈઉરોપીઅંન ગરંથકારે નીચે મુજબના લખેઆછે:—

અસલ અંગરેજી બેતો.

Robed in purest white,
The magi ranged before the r· folded tent.
Fire blazed beside them. Towards the sacred flame
They turned, and sent their tuneful praise to Heaven.
From Zoroaster was the song derived,
Who on the hills of Persia, from his cave
By flowers environed, and melodious founts,
Which soothed the solemn mansion, had revealed.
How Horomazes, radiant source of good.
Original, immortal, framed the globe
In fruitfulness and beauty. How with stars
By Him the heavens were spangled. How the sun
Refulgent mithra, purest spring of light
And genial warmth, whence teeming nature smiles,
Burst from the East at His creating voice;
When straight beyond the golden verge of day.
Night showed the horrors of her distant reign,
Where black and hateful Arimanius frowned,
The author foul of evil: how with shades
From his dire mansion he deformed the works
Of Horomazes; turned to noxious heat
The solar beam, that foodful earth might parch;
That streams, exhaling, might forsake their beds,
Whence pestilence and famine: how the power
Of Hormazes in the human breast
Benevolence and equity infused,
Truth, temperence, and wisdom sprang from Heaven.
When Arimanius blacken'd all the soul

With falsehood and injustice, with desires
Insatiable, with violence and rage,
Malignity and folly. If the hand
Of Hormazes on precarious life
Sheds wealth and pleasure, swift the infernal god,
With wild excess or avarice blasts the joy.
Thou, Hormazes, victory dost give.
By thee with fame the regal head is crowned.
Great Xerxes owns thy succour. When in storms
The hate of direful Arimanius swelled
The Hellespont, thou over its chafing breast
The destined master of the world didst lead,
This day his promised glories to enjoy.
When Greece affrighted to his arm shall bend;
Even as at last shall Arimanius fall
Before thy might, and evil be no more.

ગોસતાસપના બેટા અસપંદીઆરે ઈઉનાંનના લોકો સાથે કીધેલી લડાઈ વીશે ઉપલા અંગરેજી બેતોનાં અરથનો ગુજરાતી ભાશાના બેતોમાં સાર.

ઉભા તમાંમ મોબેદો તંબુની પાસ,
પેહેરેઆ પોશાક નીરમલ સપેદ રંગના ખાસ.
આતશ મુકેઓ આગલ તમાંમ ઝલેદાર,
કીધા એ કેબલા તરફ સઉએ દીદાર.
સહરોધદાર આવાજથી કીધી રબ ની ઈઆદ,
જરતોસતનાજ કલાંમોમાં રચી ફરીઆદ.
હતી જેની એક વખત હેવી હાલત,
કે ઈરાંનના પાહાડપર કીધીતી બેઠક.

વેહતા હતા જાંહાં નીરમલ જલના જહરા,
હતા જાંહાં બેહદ કંઈ ફુલોના ફેઆરા.
જોઈ તેણે તાંહાં કંઈ ખોદાઈ કરાંમત,
કીધીચ જેણે આ ફુલવંત—હસતી જન્નત.
જાતેછે જે અસલ અને અમરગ,
રચેઆચ જેણે આકાશપર તારા બેહદ.
ઝલકતો આ શુરીઅ, આ મેહર ઈજદ પાક,
ગરમીનુ જે રેહઠાંણુ—જાંહાં નુરનો નહી ઠાગ.
કુદરત પાંમેચ જેથી કુલ રસ—કશ ને જાંન,
(વસેચ જેથી શેહેરો ને કુલ બીઆબાંન.)
ઉગમંનથી આબાદ કરતો ચાલેઓ તે જાએચ,
દીવસ પુરો કરતાં પસચંમમાં ઢંકાએચ.
આએઓ સીહા રાતનો ડરાંમનો દેખાવ,
થાએઓ તેનો નાપાક એહરેમંન આશનાવ.
બદીનુ જે મુલ—જે ધીકારમંદ તમાંમ,
બુરાં જેનાં હર રીતનાં કરતુક ને કાંમ.
એબીએલ કીધી તેણે **હોરમજદની** પેદાશ,
ફેલાવી બદીને જગની આસ—પાસ.
શુરજનાં કીરણ કીધાં આતશથી પુર,
નાંખીઊ ફુલવંત ધરથીમાં અગનીનુ શુર.
શુકાએચ તેથી નબાત પાંણીના જહરા,
ફેલાએચ તેઆરે દુકાલ ને રોગની પીસ.
મુકીચ દાદાર **હોરમજદે** ઈનસાંનને દીલ,
પરોપકારી બુધીને ઈનસાફ—અસીલ.

સચાઇને ડાહપંણ ને અંદાજનું મુલ,
નીકલીઊં અસલ **રખનાજ** ખવાસથી કુલ.
કીધી તેઆરે શેતાંને હેવી ખલલ,
કે સીહા કીધો ઈનસાંનનો જાંન અને દલ.
ખોટારૂં ને જુલંમ—ને ગુસાને લોભ,
ની બુરાઈના કીધાં કુલ ઈનસાંનને ભોગ.
અદેખાઈ ને લરાઈ ને હર રીતની ખાંમ,
થી થાએઆં કુલ મનુશ આ જગમાં બદનાંમ.
આપેચ જો **હોરમજદ** કોઈને મોજ ને માલ,
તો જહટ કરેચ શેતાંન તેહને પાએમાલ.
દેખાડેછે તેને અનીતીનાં ગાર,
ખુશી લુટી કરેચ ગંમમાં ગીરફતાર.
સાંભલ એ **હોરમજદ**! હમારી અરજ,
ટાલ રેહમથી તું આ સંકટનો મરજ.
ફતે આપી કર હંમને પુર સરફરાજ,
તાહરીથીજ છે તખત ને તાજ અને રાજ.
છે "અસપંદીઆર" પાદશાહને તાહરીજ અગત,
કબુલ રાખેચ તે તાહરી મેહર ને મદત.
શેતાંનની બુરાઈથી આ થાઈઉચ તોફાંન,
ઉછરેઓચ ભએ ભરેઓ સાગર "હેલસપાંનત."
જોશ ભરી તેની—આએ છાતી ઉપર,
થએઓછે જગનાશાહનો તું રાહબર.
આપ આજે તેહને ફતેની ખુશી,
કે બીહી ને જાએ „ઇઉનાંનીઓ" કુલ નાહાસી.

નમંતાઈથી પગ વાલી જોરે ફુલ હાત,
જેમ એહરેમને ખાધીતી તુંથી બદ માહાત.

નાૅ ૩૭.

(ડુંગરપરનાં ગાએન અથવા ભકતી.)

પેલો ગેઆંની ધીમે ધીમે ડુગર ઉપર ફરતો હુતો તેવામાં મોટાંમાએ તેને પુછીઉં કેમ એ ભાઈ—એ પડીતજી તમારી શી ખબર? અતરે કેમ બેસી રહેઆ છેઓ? સંસાર જોઈ હું બહું બીહું છઉં—અને તમને જોઈ હું અતીશે દુખી છઉં. આશા, હુવસ અને ચીંતારૂપી ડાકણો ઈનસાનની સમજ અને સકતીનાં કાળજાં ખાઈ જઈ ખરાબ કરેછે. એ પંડીતજી તું હવે આ દોખમાંઓની જગા આગળ બેસવાનું અને બોલવાનું છોરી દે અને તુંને શું પેલું મરાઠી ગીત ઈઆદ નથી?

"કોણ—કોણાશી તુંમી રડતા રે,
એકા માંગુની—એક જાતીસા રે. ૧.
ભાઉ—બેહીની—માતા—પીતા કાંનતા,
આંણી પુતર સાંડતી—અવચીતા. ૨.
જો જો પરાંણી પ્રઆ સઉંસારાસી આલા,
તો તો એઉના મુરતીઉં પંથી ગેલા. ૩.
વડીલ તેહી—ગેલે દેવા પાસી,
તેંચી વાત હોઈલિ—અપણાસી." ૪.

ગેઆંનીએ જવાબ દીધો કે એ બાઈ ખબર શું પુછો છેઓ, ખરી ખબર તો હવે પછી પડશે. તમાસ વખતની

પંચાતવારા શેઠીઆઓએ આ ડુંગર જેઆરે ઉજડ શખ્સેઓ હતો તેઆરે લોકો મરવાને બીહીતા હતા, પણ હાલની પંચાતવારાઓએ તો તેને એક એવો રલીઆંમનો બાગ બનાવી દીધોછે કે જીવતાં જીવત સઉને મરવા ગમેછે, અને વલી **માહરી ફરીઆદને** લગતા વલગતા શખ્સોનેબી સેવટે **આએજ જગોએ** આવેઆ શોવાએ છુટક નથી તેથી તેઓની **વાટ જોતો બેઠો છેઉં** અને હાતમાં કલંમની હારડી અને મોહોમાં મનાજાત લઈ રાત દીન બબરૂ છેઉ. બહુ દીવસે તમારો દીદાર જોઈ મહને આનંદ ઉપજેછે. જેમ જમીનને શુરીઅના દેખાવથી ઉજાસ મળેછે તેમ ભલાં માણશનાં દીદાર જોઆથી ખરા ગંમગીનોબી આશાવંત થાએછે. પણ જેમ શુરજના નુરથી ધુવડને આંનદ ઉપજતો નથી- તેમજ નેક માંણસની સંગત અને બખુનોથી બુરાઓને કંટાલો છુટેછે. એ બાઈ જેમ કાચનાં ઘરમાં વસનારા કુતરા પોતાનાં ઘણાં સવરૂપો જોઈને અગનેઆંનથી ભોંશી ભોંશીને મરણ પાંમેછે,-તથા જેમ સહીં પોતાની છાઆ પાંણીમાં જોઈને બીજો સહીં સમજીને લડવા ખાતર અભેમાંનીથી કુવામાં પડી મરણ પાંમેછે, તેમજ ગનેઆંનીનાં સખુનના તેજી તીરની સામણે થવાને જેઆરે કોઈ શીહા દીલનાં મુરખો કોશેશ કરેછે તેઆરે તેઓ પોતેજ ખરી બદબખતી અને હેરાંનગતીમાં ગીરફતાર થાએછે. ખરા ગેઆંનીના સખુંન તે ગોઆ એક જાહેર ખુબીનો દરીઆવછે અને અકલ અને અનુભવનાં રતંનો તે તેનીથીજ મલેછે. તેની વચંનરૂપી લેહર ખરા બદબખતોનાં તંન-અને મંનોને અડતાંજ ચમતકારીક ફેર-

ફ્રારો કરેછે. વાસતે એ દયાલુ ભાઈ આ ડુંગરને મથાળે મોટા આદરભાવથી તમારી સામણે ઉભો રહી જે હું બોલું તથા સતીઆનાસની **નીઆઅશો અને નમશકારો** જે હું ભણુ તે ધેઆંનથી સમજવા અને સંમજાવાની તજદી તમે લેજો.

નાo ૩૮.

(મુંબઈની ખરાબી બાબે.)

પદ.

સંવત સો અધાર—પાંસટ, માહ જુલાઈને, બુરો એક વાર રે,
અતી ગંમ ભરી ગફ્લત ખાઈને—મુંબઈ કુલ રોએ અપાર રે.
(સંવતસો અધાર પાંસટ)
વીઘંનભરી વતીપાત,—અવદશા જગ-જગ થાએ રે —
કનેશટુ નીશટા—કાંમ અધરમી, ભલ ભલ મુખ સંભલાએ રે.
(સંવતસો અધાર પાસટ)
"રાવણ" સરખા રગડાઈ ગએઆ,—અનેક "સીતાઓ" લુટાંણી રે,
મુંબઈના ગંજની ગુલજાર લંકાં,—લુચાઈની આગથી પામી હાણી રે.
(સંવતસો અધાર પાંસટ)
કમ અસીલની—અનીતી ચલંનની રઈ રહીઓચ શેટાંણી રે,
નેકજાદ અબલા—નીરદોશ વીધવા. રહજડી ભરે—નીચ ઘેર પાંણી રે.
(સંવતસો અધાર પાંસટ)
અંન વીનાંનાં—અસલ તોખ મનાં—હાએ—હાએ કરી રડી મરે રે,
કુલવંતી નારી—કાંકણાં નગે—ચુપ-ચુપ ગંમનાં લોહી ગરે રે.
(સંવતસો અધાર પાંસટ)
ચુપ-ચુપ- ચુપ-ચુપ -રડે-બલેછે, શુધાં દીલનાં સેઠ-સેઠાંણી રે,
પરગટ -સ ગટ -સાચુ જ બોળે,—''મનસુખ' નહી બોલે કાંહાંણી રે.
(સંવતસો અધાર પાંસટ)

ના૦ ૩૯.

(દોખમાં મધેનાં મોટાંમાએ પોતાનાં ફરજંદોને દીધેલી સીખાંમણ.

(ગજલ.)

અનેક જખંમ મુજ જીવપર પડેચ—પણ ફરજંન રેહચ અનજાંણ રે,
હાલત માહરી મુજપર હસેચ—પણ રડેછે ખુદ પરાંણ રે.
(અનેક જખંમ)
અધરમી પુતો—કલખશાણુ કોઆ, છે માત—પીતાની મોહકાંણ રે.
બેકદરોને મંન એક સરખી છે અપકીરતી ને આદરમાન રે.
(અનેક જખંમ)
સુખનુ ગલું ગમે ફાંસીઊંચ,—એશ[illegible] તંન વેરાંણ રે,
ઈજતનુ ખુલખુલ નીરાસ થઈને,—ફા[illegible] ગરેબાન રે.
(અનેક જખંમ)
જંજાલની જાલમાં નવીજ ફસોચ—થાઓ કોઈ કદરદાંન રે.
મોરાદનુ પંખી "મનસુખ" ખોઈને—થઈ પડીઊચ હેરાંણ રે.
(અનેક જખંમ)

ના૦ ૪૦.

(ચેતવણી.)

શા માટે તું સુચાઈ કરેચ—ચેતરે બોથડ પરાંણી,
"માંથા ઉપર મરંણ ભમેછે,—તેની ખબર ન જાંણી." ૧.
માહા મોટા સીકંદર સરખા—કુંટી નાંખેઆ કાળે,
સેઠ—સાહુકાર—ને "સર" પડેઆછે—હાં—તુટા હાલે. ૨.
રે નબલા તંનનાં અભાગી જીવ,—પડોચ કેમ ફુલેઓ—ફુલેઓ,
દુનીઆઇ લાભના ગારમાં ફસી, ભજંન દાદારનુ ભુલેઓ. ૩.

દારી—ઘુંમી ખુબ કમાએઆ,—ડાહેઆની ફુલ દંડાએઆ,
બુરા સંગની ખાંણીપરાએમાં—સર ઘાલી ખુબ ખંડાએઆ.* ૪.
ખંડાએઆ તે હાત નહી આએઆ—આટા થઈને ઉડઆ,
એકનાં પાપે સો નીરદાશી—દુખને ગંમમાં બુડઆ. ૫.
બુડઆ તેને કોણ બચાવે—હાત રહી ગીઆ ખાલી,
ટેકો—તરાપો ખોહી બેસી, ને ફાંસી ગલામાં ઘાલી. ૬.
શેરે લુટેઆ—કાલે કુટેઆ—વંમલમાં સહુ પડઆ,
નાંદહુએ સહુ ડાહેઆ ગણાએ—દેનાર ગાંડા ઠરેઆ. ૭.
ફંદ—ફરેબનાં મોટા ફાંસા—તોડઆ તે નહી તુટે,
"ટરસટ દીદ" ને મારગેજી જાલ—ખુદ સરકારથી નહી છુટે. ૮.
અંગરેજ સરકાર આંધલી—ભોલી, પણ રબ છે સતીઆરો,
એ ગનેઆનવીનાંની બાઈ—ભાઈઓ તાંહાં સો હાલ થાશે તાહરો. ૯.
કાવા—દાવા—તરકટ—મકર, થી નહી કરવાનાં કીધાં,
રાંક લોકોસે દગો કરી—અંન—ધંન તેમનાં લીધાં. ૧૦
આખેરનોં જસ—કરા હાતથી ખોહીને—કરપીણ કાંમો કીધાં,
મીઠાં અંમરત ઘોલી નાંખી—જેહર જંજાલનાં પીધાં. ૧૧.
સો ગાડાં સીખાંમણ કુહી—પણ બુજી નહી એક રતી,
માત—પીતાનું જે નહી માંને—તેપર લઆંનત પડી. ૧૨.
અમુલ હીરાછે "મંનસુખી" પંદ—ને પથર છે ફુલ બીજી વાત,
જે પથર લઈને પારસ ખોહે—તે રાખસ હોએ પુરો કંમજાત.† ૧૩.

* "ખંડાએઆ" એટલે ખુંદાએઆ,—દબાએઆ.

† "પારસ" અથવા પારસપાહન તે એક જાતનો કીમીઆઈ પથર થાએછે કે લોહોડાંની સાતે તેને ઘસેઆથી તે લોહોડું તરત સુનુ બની જાએછે. અંગરેજીમાં તેને "ધી ફીલાસફર સટોન" કહે કેહેછે.

મનસુખી મનાજાત અને અરજ ગુજારીના આંક તરીજાનું સાંકળીઊં.

સફે.

મનસુખી મનાજાત અને અરજ ગુજારી.

યાને

ગુજરાતી ભાશાનાં બેતો.

અને

બીજી કવીતામાં,

મી૦ "મનસુખ"ની કલંમથી લખાએલી, પાક ખોદા-
તાલાની જનાબમાં ગુજારવાની અરજો—
અથવા પહડવાની મનાજાતો,—તેમજ
બીજી બાબતો.

આંક ચોથો.

મુંબઈ,
યુનિયન પ્રેસમાં નહાનાભાઈ રૂસ્તમજી રાણીનાએ છાપીછે.

નવેમબર ૧૮૭૧.

કીમત રૂ૦ ૧

ખબર.

આએ મુજબનાં ચોપાંનીઆંના બીજા આંકો હવે પછે દર
મહીને છપાઈ બાહેર પડતા રેહસે—અને જેવી કીસમની
બાબતો આગલા આંકોમાં તથા આએ ચોથા આંકમાં
છપાઇછે તેવીજ બાબતો ઉપરાંત બીજી બાબતોબા
દાખેલ કરીઆમાં આવશે.

દરએક ચોપાંનીઆંની કીમત રૂ૦। લીધામાં આવશે.
(બીજે દેશાથી મંગાવનારાઓનેબી એજ કીમતે
પોહચતું કીધામાં આવશે.)

બાહેરકોટ ધોબીતલાવ ઉપર યુનિયન પ્રેસમાંથી મલશે.

(Registered under Act XXV. of 1867.)

મનસુખી મનાજાત અને અરજ ગુજારી.

આંક ચોથો.

નાં૦ ૪૧.

ખોદાતાલાની તથા ફરેશતાઓની ઈઆદ અને મદદ ચાહાવા વીસેની મનાજાત.

"કરૂંચ એ ખોદા—આ નેઆંમતના સેપાસ,*
કે કુલ ચીજની નેકી છે તાહરીથીજ ખાસ.
કર માહરૂં આએ જગનુ જીવતર ફરાખ,
ખુબી થી કુલ મીતર ને ખેશીને રાખ.
"બેહુમન" અંમસાસપંદને કર તું હોકંમ,
કે બુજરગોથીજ મહને હાં રાખે હરદંમ.
આપે મહને ખરી ઈજતનાંજ વસતર,
સંગાર રાખે સફાઈનોજ સદા મુજ પર.
રાખે માહરી નેક લોકો સંગ દોસતી,
જંખ્યાં પર સદાકાલ રાખે રાસતી.

---

* જંદ અવસતા ભણવાની કેતાબમાં જે મનાજાત ફારસી ભારામાં છાપેઆમાં આવેલીછે તે ઉપરથી ઘટતા ફેરફાર સાથે લખીયુંછે.

મનશાની માહરી રાખે હરદંમ બેહતર,
જીવ રાખે માહરો ખુશાલ ને નોડર.
પોહચાડે રવાંન માહરૂં જીંનત મકાંન,
શુખ ને સગવડ થી હુ રેહું તાંહાં આસાંન.
"અરદીબેહેશત" ને કરજે માહારો નગેહબાન,
કે ભોગવું તે જગમાં હું ખાસ ગરોશમાન.*
આપે મહને આ જગમાં ખુશ રાંમશાની,
તે જગમાં રાખે મુજ પર ખાસ મેહરબાંની.
"શેહરીવર" ને એમ કેહ તું અએ દાદગર,
કે રાખે મહને નેક રીતના જર-માલ થી તર.
કે મોટા બુજરગો ને નામદારો માં—
રાખે મહને હોરમત ને ભારબાજે માં.
હરએક જગે બખશે સુખ ને રાહત,
દુર રાખે મુજથી તમાંમ રજો બદ.
"અસપંદાર" ને કર તું માહારો પાસબાન,
કે છુટ થી હું પાંમું રજક અને નાંન.
અસો લોક ની સફમાં રાખે માહરો વગ,
હેત અને હેસાંનથી સાચવે ઈજત.
"ખોરદાદ—અમેરદાદ" ને કેહ વલી આંમ,
કે સંભાલે હું નાતવાંનને સોબ-અને શાંમ.
હરએક માહારી મુશકેલનુ કરે આસાન,
સાચવે માહરાં ઘર બાર ની વસતીના જાંન.

---

* "ગરોશમાન" એટલે બેહેશતનુ બુલંદ મકાંન, વઇ કુઇ. એ બોલ એવી સમજથી અકસર કરી પારસીઓજ વાપરેછે.

રાખે માહારૂં હઈઊ-હરદંમ હરખદાર,
મુકે મુજ પર હર ભલી નેઅઆંમતના ભાર.
"આદર ઇજદ" ને કર માહારો રફીક,-
કે નુર થી દુર કરે જીવની સોહા બીહીક.
ફતેમંદી બખશો હરએક કાંમ માં,-
મશગુલ રાખે ખુશી ને અરાંમ માં.
"આવાં ઇજદ" ને કર એવા હોકંમ,-
કે ધોઇ નાંખે માહારાં કુલ દરદ ને ગંમ.
"ખોરશેદ ને મોહર" ને એ ભલા દાદગર,
એવી રીતની મોહબત થી તું ફરમાન કર.
કે તેઓનાં નુર થી માહરો જાંન ને તંન,
પાકીજગી ને સફાઈ થી રાખે રોશંન.
"તશતર" ને ફરમાવ તું તજદી લઇને એંમ,
કે રાત ને દીવસ રાખે મુજ પર નેક રેહેમ.
નગેહબાંન રહી રાખે મહને તંનદરોસત,
બખશો માહરાં દીલમાં દાંનાઇ અને હોશ.
કરે જગમાં માહરી આ જીંદગી દરાજ,
રાખે ખેશ-ને મીતર ને હાં સરફરાજ.
"ગોસ" અને "રાંમ" ને એમ કેહે એ ખોદા,
કે રાખે મુજ પર શાદી ને રંગ-રાગ ફીદા.
"મેહર અને રશને" ને એમ આગનેઆ કર,
કે ટાલે માહારી "ચેનવદ" ના પુલ પર ફકર.
આપે દીલમાં તે વખતે બુલંદ હીમત,
કરે દાદ ને દએઆથી માહરી કુમક.

કાસની તજી-રાસતીજ પર રાખે મકંમ,
કરે માહરી તકશીરનો ભાર મેહરથી કંમ.
પુછે નહી બદ કરતુકનો મહને હીસાબ,
નહી પોહચાડે માહરાં રવાંનને અજાબ.
"**સરૂશા ઇજદ**" અસો ને એમ તું ફરમાવ,
કે હંમેશાં થઇ રેહ તે માહરો આશનાવ.
ડર ને દેહશતથી કરે તે સભાલ,—
રાખે મહને બેહેશતી મકાંનમાં ખુશાલ.
દર રાતનાં તંન-જાંનનો રેહે પાસબાન,
જીઆદા કરે તંનશુખ-ને વધારે માંન.
"**ફરેદુન**" ફરોહર ને કેહે એ **યજદાં**,
કે પાકી ને અસોઇ થી-રાખે પનાંહ.
"**બેહરાંમ**"પાસે કરાવ તું એવો અંમલ,
કે આપે મહને હર કાંમમાં ફતે ને બલ.
નેકી થી હર વખત થાએ માહરો રાહબાર,
મુદઇઓને રાખતો રેહે જીરો જબર.
"**ગોવાદ**" ઇજદ ને સોંપ એ રીતનુ કાંમ,
કે ગુનાહ નાં જાહાડનાં પાંન ખેરવે તમાંમ.
"**દીન ઇજત**" પર ચલાવ તું એવી સતા,
કે નહી પરવા દેએ માહારાં સતમાં ખતા.
દીનનાં કામમાં રાખે મહને ઓસતવાર,
કે એશ ને નીઆશ ભણી ઇઆદ કરૂં **દાદાર**.
"**મેહેરસપંદ**" ને ફરમાવ એ **પરવરદેગાર**,
કે પાડે મહને હર રીતની હાજતમાં પાર.

"આસતાદ-ને જમીઆદ" ઈજદો ભલા,
ને કર માહરા પાસબાન એ દાંનાવ ખોદા.
"અનીરાંન"-ઈજદ ને હોકમ કર સખત,
કે જમાનો ચલાવે મુજ મરજી મુજબ.
"હોમ" ઈજદ ને એમ કેહે એ ગેબના ધણી-
કે આપતો રેહે ઈઆરી થોડી-ઈઆ ઘણી.
એકીન માહરૂં હર બાબે રાખે દરૂસત,
તંન રાખે શુખવાસ-ને જાંન રબ પર ચુસત.
આપે મહને પાક અને દીલકશ ફ્રરજંદ,
રાખે તેમનાં તંન-મંન ખુબી થી નુરમંદ.
મુદઈઓ પર રાખે મહને સોરખરૂ-
ભલું પેઆરૂં કરી—તજાવે બુરૂં.
એ રીતની દુવાઓ માંગુંચ હું હકીર,
તે કબુલવાને કર એ સાહેબ તું તદબીર.

નાο ૪૨.

મનાજાત.

(ફીકર ચીંતાનું નીવારણ ચાહવા વીશે.)

એ મેહરબાંની ભરેઆ દાદાર પાક,-આ ચીંતાનુ પેચદાર તાલું
ખોલ હીકમતની કુંચીથી તું,-ને મોકલું કર મુજ જીવનુ ગલું.
આ નાજુક દીલના આઈના-થી, દુર કર ગંમનો કાટ,
આ દુખની આગ થી દાહજતાં તંન-નો કમતી કર ઘભરાટ.

લગાડ તુજ તદબીરનો મલમ,–ને બાંધ શુખનો પાટો,
આ કડવાં થાએલાં હઈઆંમાં, છાંટ ખુશીનાજ શરબતો.
કોશેશના પાહાડનાં ભીતરથી આપ કરતીનો ગંજ,
શુખનુ ખીલવ પહરોઢીઉ–ને ટાલ શંકટનો સીહા રંજ.
બીન રફીક–ને બીન દોસતે–બેઠોચ છેઊ એખલો,
શાથી થઈને હાત ધર તું,–ને મોરાદનો થા કેબલો.
ખુદ તાહરી ભલાઈની કમાન,–થી વરસાવ મેઘ નો બાહાર,
રેહમના તીર ની ફૂંક તું નેમ, ને વીંધ સંકટનાં સુકનાં પાર.
સફાઈદાર તાહરાં દીલમાંથી, ફુક તાજગીદાર દંમ,
"મંનશુખી" બાહરના ગુલોનુ,–ખરવું–પરવું કર તું કંમ.

નાο ૪૩.

મનાજાત.

(ખોદાના અદલ ઈનસાફ વીશે.)

ભલી તાહરી અદાલતથી, આકાશ ઉભોચ અતરંગ,
નેક તાહરા ઈનસાફોથી, કુદરત છે કુલ રંગ–બેરંગ.
તુજ ઈનસાફના તેજ નુરથી, જુલમની સીહાઈ છે નાબુદ,
તુજ ઈનસાફનીજ અસરથી, છે સાગરનુ પતાલ અબુટ.
શાહ–સરદાર ને સુબા કુલ, અદલ રેહચ ખુદ મતલબ સર,
પણ તુજ **સાહેબની** અદલથી, કુલ જગત ભોગવેચ નેક અસર.
નામ તાહરૂં છે અદલ ખુદ–કામ તાહરૂં અદાલત ખાસ,
જાહેર છે જેમ અદલ તું–તેમ બાતેંનબી છે અદલી ખવાસ.

દીસે છે જે જગમાં જુલમ-તેજ હોએછે ઈનસાફથી પુર,
પણ પાપી દીલની નજરથી- કુલ ખરી હકીકત રેહછે દુર.
ઈનસાફથીજ ભર એ પેઆરા ખોદા, આ પોકારતાં જીગરની જાંમ,
કે આડી રીતની મસતીથી, નહી કરૂં ખતા-કે ખાંમ.
છોડવ કુલ બેદાદીથી-ને બખશ દાદનોજ ગંજ,
કે ભોગવેછે કુલ "મશુખો"-બેદાદીથીજ રંજ.

નાૅ ૪૪.

મનાજાત.

(ખોદાઈ ચાહાની અસર વીશે)

શાહો-ફરેશતા ને કુલ જીવ અશીલ,
ખોહેચ એ ખોદા તાહરી મોહબતમાં દીલ.
આકાશ પર ના તારા ને વાદળ ને વીજ,
તાહરાજ શોકમાં મસત રેહેછે રાત અને દીસ.
આ ઊંચાં સાત આકાશ-ને દશા આ ચેઆર,
પામેચ તાહરીજ મેહરથી કુલ રંગ-રૂપનો બાહાર.
તાહરીજ શોધનાં વંનમાં કરેચ દોર-ને ધાંમ,
નથી ઠરતા દીસે,-નહી સુતા કોઈ શાંમ.
નથી તાહરા આશકને-જગમાં કરાર,
છે ગુલનો બીશાતરો તેને મંન જેહરી ખાર.

કર આ બોલતાં ભુલ ભુલને તુજ પગની ખાક,
ખાંમી તેની ઝાટકી-કરી દે તું પાક.
બખશેશની જામ આપ—આ ખાલી હાતમાં,
બેસાડ નેકની મીજલસ—ને નીજાત માં.
છોડવ જગની જંજીરના ફાંસાથી જાંન,
તર કર રસદાર સખુંનથી તેની જબાંન.
ભલાઈ ભરી હીકમત થી કર તું સનગાર,
આપ તંન-મનના સુખો તમામ સજાવાર.

નાο ૪૫.

સરોશ બાજનો તરજુમો અને પઢવું.

શરૂ કરૂંચ **ઇઝદાંનાં** નેક નામથી,
કરેચ જે આ જગમાં અનેક વરધી.
અવલથી પોતેજ છે જે પેદા થાએલો,
થએઓછે વલી જેથી **સરોસ** ભલો.
છે તન જેનુ જોરમંદ ને મંન તાબેદાર,
છે અજબ જેનુ બુલંદ-એજમતી હથીઆર.
હોરમજદની પેદાએશમાં છે તે સરદાર,
જીઆદા થાઓ તે બુલંદ અને રોશનીદાર,
(પોહોંચ જો તે હાં માહરી મદતે ખાસ.
રાખજો મેહરથી હરદંમ તે માહરી બરદાસ.)

થાઊંચ તમાંમ તકસીરથી હું પશેમાંન,
તોબા કરૂંચ કુલ બદ નઈઅતની નીશાંન.
બદ બોલને–બદ કામની કરૂંચ તોબા,
જનમથી તે આજ તક જે થાએઆ ગુનાહો.
પઢું હું બુજરગીથી જરતોસતી દીન,
જુદોછે જેથી તે–શેતાંન બદ એકીન.
જેમાંછે તે ભલા **હોરમજદ**નો હોકમ,
"**હાવંન**" નીજ વખાંણ કરવા બાંધું હું દંમ.*
જે છે ખરી અસોઈથી પુરો બુજરગ,
તેનીજ કરૂં નીઆશ ને ઈજશને હું બસ.
ખુશાલ કરૂં તેને ને–તેનેજ મશહુર,
વલી નમુચ **શાવંદ** અને **વીસ** ને પુર.
જેઓબી છે પાકીથી–બુજરગીદાર,
તેઓનીબી નીઆસથી કરૂંચ નમસકાર.
કરૂંચ હું સરોસને મશહુર ને ખુશાલ,
કઉવતમંદ જે પુર–ને અશો જેની ચાલ.
હોરમજદનો જે છે ખરો ફરમાંબરદાર,
ધરાવેચ જે શખત કુલ તેજી હથીઆર.†

*"હાવન" એ એક ફરેશતાનુ નામછે તથા રાત દાહાડાની પાંચ ગેહેછે તે મધેની પેહેલી ગેહનું નામછે."
"શાવંદ" તથા "વીશ" એબી ફરેશતાઓના નામોછે તથા "હાવંન"ના એ બેહુ શાથીઓછે. એ ફરેસતાઓનુ કામ આદમીઓનાં મકાંનો અને મોહોલાઓની પાસબાંની કરવાનુછે."
† "હથીઆર"નો માંએનો બોદાઇ અથવા એજમતી શકતી અથવા કરાંમતનો સમજવો.

વલી કરૂંચ નીઆશ ને ઈજશને હું હાલ,
કે **અરજેહે ને શવેહેના** શાહા રેહે ખુશાલ.*
સીખવ એ જોતી મહને એવી કોઈ ઢબ,
કે ચાલું હું **હોરમજદની** ખાહેશ મુજબ.
રાજી રાખું **તેને** ને-કરૂં મશાહુર,
(બુરાં કરતુક કરવાથી રેહું સદા દુર.)
અસો લોકો આગલ કેહું સવાબની વાત,
છે **શરોશ**માં કુતે ને પાકીનો ચમકાર.
વલી છે ખુબસુરત ને વરધી કરનાર,
અસોઈથી ભરેલો ને બુજરગીદાર.
આરાધુંચ હું "**અહુનવરના**" નેક કુલ કલાંમ,
જે છે તન ને જાંનના પાસબાંન તમાંમ.
સાંભળ એ માહરા દાનાત્ર **હોરમજદ**,
કે શખેચ કીનો મુજ સંગ તે એહેરેમન બદ.
વાસતે તું મુજપર-ને તમાંમ હુંમજાત,
જે પાપીને મારીને કરેછે આહાત,

*"અરજેહે" તે સાત દીપ મધેના પેહેલા દીપનુ નામછે કે જે પસચમ દસા તરફછે."
"શવેહે" તે બીજા દીપનુ નામછે કે જે પુરવ દશા તરફછે."
"જોતી" એટલે જે મોબેદ ઈજિશનેનાં કામનો કરનાર હોઆ અને દરેહેમેહર મધેના પથરના તખતા ઉપર બેસીને બરસમ પકડીને ઇજશને તથા વંદીદાદ પહઢેછે તેને કેહેછે તથા જે મોબેદ મીઆજદ તથા આફરગાન માંડેછે તેનેબી કેહેછે."

જે રેહેછે કુલ જગતના ખાસ પાસબાન,
(તેઓપર તું રેહેજે સદા મેહેરબાન).
વલી જે આ બેહુ જગની પેદાએસમાં,
જાહેર રીતે ચાલે માહારીજ ખાહેશમાં,
ને સીખવે મુજ હોકમનાજ ભલા કલામ,
તેનો રેહજે નગેહબાન (સોબ અને સાંમ).
તું અને **બહુમન** તથા **અરદીબેહેશત,**
વગરે પાડે કોણ બીજો એ કાંમો પેશ?
સીખવ તું એ **હોરમજદ** મહને એવી દીન,
કે થાએ એ ફરેસતાઓ જેવું એકીન.
કરૂ ખરાં શવાબનાંજ કામો સદા,
(રાખું હું નેકી પરજ તંન—મંન—ફીદા.)
વાસતે હું ઈછુંચ એ ભલા **દાદાર,**
કે થાએ તે **શરોશ ઈજદ** હાં મદતગાર.
સોશીઓશનુ પોહોંચવું બી થાએ હાં શેતાબ,
રાખવી જોઈએચ સઉ કોઈએ એવીજ મોરાદ.
એ બુજરગ **હોરમજદ**—એ **અસપંદારમદ,**
રાખ મુજથી દુર તમામ બદકાર—ને બદ.
દેવ ને દરૂજ તમાંમ—રેહજો નાબુદ,
નાબુદ તેમના તોખંમ—ને નાબુદ કરતુક.
નાબુદ કુલે તેઓનુ આપેલું થાઓ,
દફે થાઓ એ દરૂજ—એ દેવ નાહાસી જાઓ.
છોડ આએ જગો ને—દોજખ તરફ જા,
દુનીઆંની પાક ખલકને નાં કર ઈજા.

નમુચ હું તે બુજરગ **અશાપંદાર** ને,
નમુચ તે શંપુરણ—નેક કેરદાર ને,
જોર—અને કઉવત—ને બુલંદી થી,
કરૂંચ હું ઇજિશને--ને દોવા બંદગી,
કે પોહચે મોને બાલેશી ને નુર,
હુંમેશાં-હુંમેશ- (શું નજદીક કે દુર.)
વળી પોહેચે તન ને નેક તંનદરૂસતી,
પામીએ હર બાબતમાં ફતેમંદી.
આશુદગી—આસાનીનો પામીએ કુલ ગંજ,
(દુર રેહે જીવની શગતી ને તંન પરનો રંજ)
પાંમીએ હમો જાની અકલનાં ફરજંદ,
પામીએ કુલ પાક લોકની સંગત બુલંદ.
થાએ જગમાં હમારી ઉમર દરાજ,
ભોગવીએ કુલ સુખ ભરીઓ બેહશાત સરફરાજ.
આમીન થાઓ એ રવેશે કુલ આ દોઆ,
હજાર ઘણી આશુદગી મહને થાઓ હાં.
કર માહરી ઇઆરી એ **હોરમજદ** દાંના,
બેહરાંમ ઈજદ આપે મહને હાં પનાંહ.
જે છે ફતે ભરેઓ અને ખુબસુરત,
જેમાં મુંકીચ **દાદારે** અજબ હીમત.
પેદાએશ અસલમાંજ જેની છે નેક,
ખુબી ને બુલંદ ચાલ છે જેમાં (અનેક.)
થાઓ તે શેતાનીઅતનો ખરો ટાલનાર,
(રેહો તે હાં હરદંમ માહરો મદતગાર.)

વળી પેલો **રામઇજદ**—આસાન કરનાર,
ટ઼ળેછે જે હંમેશ એહેરેમંન બદકાર,
બુલંદ કામનો ધણી—જે **હોરમજદથી છે,**
તેનીથીબી કુલ મદત મહને પોહચે.
વળી ફ઼રતો–હીલતો આ ઊંચો આકાશ,
અને તે **જમાંનો**-જેની ખુદ પેદાશ,–
ની ગણીતને હદનો કંઈ નથી હીસાબ,*
તેનીથીબી પાંમું મદત-ને સવાબ.
વલી તે જમાંનો નાંમે "દેર ખોદા"†
(બી કરજો હર રીતે માહરી બોલબાલા.)
અસોઈ ભરેઆંજ કરૂં-હું કુલે કાંમ,
દુર રા મું હરદંમ ગુનાહો તમાંમ.
કે પાંમું હું તેથી કુલ નેકીનોજ જસ,
નેક લોકોનાજ સવાબમાં શરીક થાંઊં બસ.
કુલે જગનાં ભલા–ને પેઆરાં રવાન,
સે મલવા રાખું હું નેકીજ ઉપર જાંન-

* અસલ અવસતામાં "બેકેનારે જમાંનો" કરી લખુંછે–એટલે વગર કેનારા ઇઆને વગર હદ અને હીસાબનો જમાનો. "એ એક જમાના અથવા વખતનુ નામછે કે જે દાદાર હોરમજદને તાલુકે છે,–કાંએજે તે સાહેબનુ શરૂ થવું તેમજ આખર અંજાંમ કોઇને માલમ નથી."

† "દેર ખુદા જમાંનો"–તે ૧૨૦૦૦) બાર હજાર વરસોના એક દોરને કેહેછે અને તેનુ નામછે અને બાજે દાંનાઓના વીચાર મુજબ જે જમાનો હાલ ચાલેછે તેજ "દેર ખુદા" જમાંનોછે.

કે શુરજની બુલંદી—ને જગની પોહલાઈ,
તથા તમાંમ નદી—નાલાંની લંબાઈ—
સુધીનાં સવાબી કામની અસર—
નો પાંમું હું (આ જગમાં બે કીમતી જર.)
રેહજો આ જગમાં અશો લોક આબાદ,
થજો તેમના ઉમરની (રસી હાં જીઆદ.)
આંમીન થાજો કુલે આએ માહરા વચંન,
(સવાબ કરે તેજ ખરો સુખી સજંન.)

નાο ૪૬.

(ડુંગરપરની નીઆએશ અને ગાએન.)

પદ.

તે કેમ ભુલીએ રે, મોટાં માએ, તે ભુલીઊ ન જાએ,
બેદાદીની બલતી આગ, આ જીગરમાં ન ખમાએ.
(એ મોટાં માએ)
નીરદોશ જીવનો છેલછબીલો, રસતે કોઈને નહી કાંઈ રે;
ધરમી ધરની પેચદાર જાલમાં—શુખનુ પંખી ગીઊ પકડાઈ રે.
(એ મોટાં માએ)
ગંમના ગાએન ગેઆંની ગાસે, પાપી રીસે મરસે રે;
આપંણ બેઉનાં જઘડા વચે, કોણ જાંણે કોણ તરસે રે;
(એ મોટાં માએ)

શાહદ છે આ રતના સાગર, શાહદ બુલંદ આ પાહડ રે;
શાહદ છે આ સગડીનો આતશ, શાહદ રવાંનો પાક રે;
(એ મોટાં માએ)
ખરીજ વાતની ખરીજ વીનતી, હાલ કરૂંચ ને કીધીછે રે;
શાહદછે તે સાચો **સાહેબ**, કે "મનશુખીજ" વાતો સીધીછે રે.

નાo ૪૭.

(ગજલ.)

મુદત થઈ તુજ ઈઆદનો આતશ,-પજરેછે આ જાંનમાં,
માઠાં તાહરાં કામનું ભડકું-ઉઠીઊંચ શેહર ને રાંનમાં.
(મુદત થઈ તુજ ઈઆદનો આતશ)
આંખની કીકી જીગરના લોહીમાં. હરદંમ રેહછે તેથી ગરકાવ,
નાજુક જીવડો ફ્રેબની ખાહીમાં-ફ્સેઓચ એકદમ અનજાણમાં.
• (મુદત થઈ તુજ ઈઆદનો આતશ)
હરએક દીલને આગાહી નથી-તે **રબ**ના ગેબી બનાવની,
પંણ એવા ભેદનો ખરો અરથ-ભરેઓચ પરનાં કલેઆંણમાં.
(મુદત થઈ તુજ ઈઆદનો આતશ)
વધુનો બોલ-વધુનો પુછ,-એ બેકદર દીલનાં પરાંણી,
ધરંમ માહારોછે જગને માલંમ-દુખીઆં પરનાં હેસાંનમાં.
(મુદત થઈ તુજ ઈઆદનો આતશ)
"મનશુખ" રેહશો આખેર તલક-નેઆંમતનાં શોકરાંનાં દાર,
કે **સાહેબજ** અવલથી છે-નેક સચાઈનીજ વલાંણમાં.
(મુદત થઈ તુજ ઈઆદનો આતશ)

ના૦ ૪૮.

(૫૬.)

વાંકું કામ રે,–નારી તાહરૂં, વાંકું કાંમ રે;
અબસ તુને વખાંણીમેં–એ નારી વાંકું તારૂં અંજાંમ રે.
(વાંકું કામ રે–નારી તાહરૂં.)
રાગરા કરી કીરતી ગાઈ, જગ હસી સીર હલાવે
ઉતપાત ભરી હાલત જણાઈ, જીવ ને જીગર જલાવે.
(વાંકું કામરે–નારી તાહરૂં)
નીરગુણીની બીનાં સીવા–એઆંની બીજું શું ગાએ,
ભજંણ ભણી બીન થાકે તે–ઈઆદ કરેછે અનેઆએ
(વાંકું કામરે–નારી તાહરૂં.)
નીંદા કરે તે નીસચે નાંદાંન,- જુઠ બોલે તે નર ઘેલો,
તીખા વચંન સચાઈથી ભણે- તજ "મનશુખ" છેલ છબીલો.
(વાંકું કામરે નારી તાહરૂં.)

ના૦ ૪૯.

(ચેતવણી.)

છંદ.

"ચેતી લેઓ રે ચેતી લેઓ, વખત ફરી નહી મલસે રે,
વખત જાતાં વાર ન લાગે, જર–જોબંન સઉ ઢલસે રે;
"ઢલસે તેઆરે નહી રેહ ધારણ–કાએઆ થર થર ધ્રુજસે રે,
માએઆની અંધારીમાંથી–સત નહી તમને શુજસેરે. ૧

બે સમજો ચેતતા નથી, જંન—ફ્રરજંનોજ વાહલાં રે,
અવલા સવલા આંટામાં પડે, સેવટ રેહે મોહ કાલાં રે;
મમત ભરેઆં,—મકર ભરેઆં, અગનેઆંનમાંજ પુર રે,
નીરગુણ ચાલમાં મશગુલ રહીને, માન પાનથી રહોચ દુર રે. ૨

જર ને માલ સાચવો છેઓ હાલ, પંણ અંતે સઘલું ખોટું રે,
આગલ અવસર એવો આવસે—કે દુખમાં ખાસો ગોતું રે;
ખોટાંમાંથી ખરૂ ચાહુવું—એજ અગનેઆંન મોટું રે,
કુદરતનો કાએદો સંમજી લઈને—શુખ સેવટનુજ જો તું રે. ૩

ખોટું તજી ખરૂં કરીલે—ને બાંધ ગાંઠે તે તાંણી રે,
આ બે દીનના બદ—સંસાર સારૂ—ભલાને નો કર હાંણી રે;
ખોઈદેશો સેવટ સઉ ચીજો,—"કેમ નથી કહીગેઁ કરતા રે,"
ખોલલી આંખને ખોલલા કાંનથી, બેઠાચ પાપમાંજ રંમતા રે. ૪

પીડાની ખાહી છે દીસતી પુર તે, કેમ પડો છેઓ જાંણી રે,
ફ્રંદ—ફ્રરેબ પર દીલ બાંધીને, જુદીજ વાતો વખાંણી રે;
નીરમલ મંનથી એકાંત બેસી—રબને કાંએ નહી ભજતા રે
ખરાં દુખીની દાદ લઈને કાંએ, જસનો રસ નહી પીતા રે. ૫

એ રીતનો અમરતી રસ—પીઓ સઉ ખુબ વીચારી રે,
નહી તો આએ ને તે જગ દરમેઆંન-શુખ સોભા જાસો હારી રે;
સંવત અઢારસે પાંસટમાં, જુલાઈની પેહલલી તથી રે,
પુણવંત ધરથી રંજ પાંમો નીરદોશ, છે એજ ફ્રરીયાદ 'મનસુખી' રે. ૬

નં૦ ૫૦.

(ગજલ.)

તોડીઊ દીલ હેતું સખત—કે હસતા કીજેપી નહી ઊઘડે હોટ,
દગો કરી—ઠાગો કરી,—અંધારેલું વારીઊ નખોદ.
(તોડીઊ દીલ હેતું સખત.)
હેવો કડવો જીવડો થાએઓચ—કે હવે પછે તે હરગેજ,
ખુશી સારૂ લખો ખોલી—નહી છોડે તે તાહારો સોગ.
(તોડીઊ દીલ હેતું શખત.)
આશનાઈ તાહરી તજસ ખરે—પણ ફરીયાદથી નહી ઊચકસ હાત,
ભલાઈ ખરી "મનસુખ" નાછે—તે જાંણેચ રબ ને જગનાં લોક.
(તોડીઊ દીલ હેતું સખત.)

નં૦ ૫૧.

(ગજલ.)

જલને બદલે આ ચરાંમ રેલેચ,—હરદંમે રંગીન શરાબ,
પીઓ એ કદરદાંન બુલબુલ,—કે બગં ગુલનો એછે ગોલાબ.
(જલને બદલે આ ચરાંમ રેલેચ)
આવેછે એક આંખની રાહે, તાહરીજ યાદના ગમગીન એઆલ,
બીજી આંખથી વેદા થાએછે,—મધરાતનો કરાર ને ખાબ.
(જલને બદલે આ ચરાંમ રેલેચ)
ઇનતેજારી તુજ એદાદીની,—તુ કેમ રે કરૂં હું બીઆંન,
કે ફરતું લોહીને હવા અટકી—જીગરપર પાડેચ હબાબ.*
(જળને બદલે આ ચરાંમ રેલેચ)

* "હબાબ" એટલે ફોફડુંઆ—Bubbles—Water bubbles.

નીરાશીની અંધારીમાં,–ખરા "મનસુખ" નહી થાએ ગરકાવ,
સીનો ચીરી જોએ જો કોઇ તો,–દીશશે સફાઇનો આફતાબ.
(જળને બદલે આ ચરાંમ રેલેચ)

નં૦ ૫૨.

(ગજલ.)

"તુજ ગજબના ગંમ હેઠલ—દીલ માહરૂં બીતાબ થાએચ,
ચરામ માહરી હરતરફ ફરી–જેમ કે "ઇસતરલાબ"થાએચ.*
(તુજ ગજબના ગંમ હેઠલ)

આંસુ નથી જે તાહરે લીધે–હાલ ટપકેછે આ આંખોથી,
પણ જાસતીની અગનીશો પગલી, આંખની પુતલી આબથાએચ.
(તુજ ગજબના ગંમ હેઠલ)

ફીલસુફોંના ઉજાગરાથ–બળતી ચેરાગ પામેચ માન,
રોશન રેહજો આ જીવનેઆંખો જે તુજખાતર બીનખાબ થાયેચ.
(તુજ ગજબના ગંમ હેઠલ)

દીલની આગ પર આંખનાં વાદળ, વરસાવેચ એવો વરસાત,
કે "મનસુખી"આંખમાં હરદંમ–આંસુનાં ગેરદાબ થાએચ."*

---

* "બીતાબ" એટલે બેઆરા અથવા દુખી. "ઇશતરલાબ" એટલે સુરજ–તથા તારાની ઊંચાઈ અને બીજો તફાવત માપવાનું હથીઆર. (An astrolabe.)

* "ગેરદાબ" એટલે પાંણી ગોળ ફરીને વમલ થાએછે તે (whirlpool) "બીનખાબ" એટલે વગરઊંઘનું, ઉજાગરૂ.

નાο ૫૩.

(ગજલ)

તુજ ઘરના–સતની બુ થી,—બુદાર થતાં બાગનાં ગુલ,*
ખુબી તાહરાં–વંશાની ગાતાં,–બીન હેસાંને નેક બુલબુલ.
(તુજ ઘરના સતની બુથી)
તુજ નામનાં–ચમંનના શોકમાં,–ખેંચાતાં ગેઆંનીનાં દીલ,
ઉમેદ કોઇને કાંટાની નહી,–પણ સઉ પાંમતાં સુગંદ ફુલ-ફુલ.
(તુજ ઘરના સતની બુથી)
સખી દીલના પેઆલાંનો શરાબ,–પીતાં સરવે તરસાં જાની,
ભુખાં–લુખાં ભરપુર–બની, લાખ–લાખ દેતાં દુવા અમુલ.
(તુજ ઘરનાં સતની બુથી)
પણ બેરંગ ગુલ ને કઠોર બુલબુલ,–નજર આવેચ આ સમે,
"મનસુખી" ખુશણો તજીદઇને,–બદનામીની ઉડારેચ ધુલ.
(તુજ ઘરનાં સતની બુથી)

નાο ૫૪.

માતાની શીખામણ.

(છંદ)

સાંભળ આ નસીહત માહરી,–એ ફરજંદ નીરગુણ ને પાપી,
વહેકુઠનો મારગ વીસરીને, શું કામ લિઓચ નરક માંગી;

* "બુ" એટલે વાસ, સુગંદી. "બુદાર" એટલે વાસદાર.

સાહેબની નજર જોએછે સદા, તે ખરો ને આખ્ખે શેવટ લેશે,
અંધારી બાંધીચ તમે આંખે, પંણ તે સરવે ખોલલું કેહેશે. ૧.

દોસત-રફીક-કે સગાં-વાહલાંનો વગ નહી આવશે કામ,
જેવી જેની બદ કરણી—તેવાજ દેશે તેને ડાહામ;
પીર-પંડીત કે માબ્બે બેહનો, કોઇ નહી આવશે આડે,
અતરંગ બેશી-દુરથીજ કેહેશે,-કે ચાપો જેવાં વાવીઆં જાહડે. ૨.

જાતા પરાણને કોઈ નહી જોશે, જગની ચીજો જગમાંજ રેહેશે,
જર ને માલ સઉ હથ્થે ધરી,-તુનેજ બાહર કાહાડવા કેહેશે;
સાદાં સુતરાઉ વસતર તંનમાં, ને પગને માથે પાટા,
વીટાલીને કરી દેશે-ગેહાનપર નાખી વેદા. ૩.

આપેઆ મધ એટલુંજ આપશે, તેબી રેહેશે દખમે,
ગીદ નામના લુટારા હવાઈ,-તેબી લુટશે જહટમે;
તાણી—તોરી—પીખી—ઝીંકી, કરશે તુને રેજ—રેજ,
ખાઇ-લુટી-છોડસે હાડકાં,-એજ જાણજે તું તાહરો ફેજ. ૪.

વાસતે એ બેહન-ભાઇઓ અસીલ, **સત** છોડી નો ખોવો **પત,**
પત સાચવી જે ચાલશો જગમાં-તોજ પામશો તે ભવમાં નગદ;
હાતનુજ કીધું પામશે તું,—તાહરેજ તાહરી સાથે,
લીધું-કીધું કોઇનું સવાબ,-બાંધી નહી શકશે તું ગાંડે. ૫.

ગફલત જાશે ખોટ ખાતાંમે-લુચાઈ થાશે જમે,
આ જગનાં જમે પાશાં,-થી રીબશો બહુ પેલી જગમે;
દુખ લાગે તો ભલે લાગો,-કેહવાજોગ મેં કહીઊંચ,
જુઠાં વચનછે દુખથી પુર-સાંચમાંજ **"મનસુખ"** રહીઊંચ. ૬.

મનસુખી મનાજાત અને અરજ ગુજારીના આંક ચોથાનું સાંકળીઊ.

મનસુખી મનાજાત અને અરંજ ગુજારી.

યાને

ગુજરાતી ભાશાનાં બેતો.

અને

બીજી કવીતામાં,

મી૦ "મનસુખ"ની કલંમથી લખાએલી, પાક ખોદા-
તાલાની જનાબમાં ગુજારવાની અરજો—
અથવા પહડવાની મનાજાતો,—તેમજ
બીજી બાબતો.

આંક પાંચમો.

મુંબઈ,
યુનિયન પ્રેસમાં ન્હાનાભાઈ રૂસ્તમજી રાણીનાએ છાપીછે.

મારચ ૧૮૭૨.

કીમત રૂ૦ ૧

રચ્યો સરવ સંસાર—રંગીન આ ભારી,
હાત ધરી માહરો આ—બખશ આનંદકારી.
(પરથંમ એ દાતા.)

કીરતી તાહારી ગાવા—ઊંમેદ મહને પુરી,
કઉવત આપ કલમનુ—ને વાંણી કર મધુરી;
બદંન રાખ બલવંતું—ટાલ મંનની ઇંતેજારી,
તાહરે શરંણ ઉભોછું હાલ—કરો આનંદ કારી,
(પરથંમ એ દાતા.)

સાચવ ધરંમ, તું,—ખટકરંમ નહી રવા,
હકીમછે પોતે તું,— તો દુખનીજ કરો દવા;
તહરાંજ નાંમનો—છે આધાર હાં ભારી,
તું વીનાં કરે કોણ—રીબતાની જેજેકારી.
(પરથંમ એ દાતા.)

જાંણુ નહી હું—ગેઆંનની વાત સાચી,
દીલમાં છે પરીત,— પંણ સમજ છે કાચી;
કરો કુંમક,—કબુધી મેલો નીવારી,
સત સંપજ આપ—ભલું તું,— ટાલ દીકટ માહારી.
(પરથંમ એ દાતા.)

ખબર નહી મહને—કંઈ,—સેવા ઈઆ કેહવાની,
બોલવું માહરૂછે અનરથ—તારીજ વાત થવાની,
કાંહ જઈ પુછું હું,— કોણને કહું લાજ માહારી,
કોણ બીજો ભજું હું,—કે તુંજ ખરો **દાતારી.**
(પરથંમ એ દાતા.)

આએ સંશારમાં—છે પેટની વેઠ મોટી,
થઇછે તેથી સેવા તાહરી, મુજથી બહુ ખોટી;
શરંમ શાથે આવી હું— કરૂંચ તાબેદારી,
ખેમાં કરો ખતા કુલ—ને રેહે સદા પરોપકારી
(પરથંમ એ દાતા.)
ગરીબ આ "મનશુખ" ની,—વીનતી મનમાં આણે,
કમતરીન દાસનો—દાસ,—તમો તેને જાંણે;
સફાઈ તેની પરગટ કરી, છુપાવ ચાલ નઠારી,
રે બલવંતા—બાહદુરા,— એ સતવંતા—સદાચારી!
(પરથંમ એ દાતા.)

નાo ૫૬.

મનાજાત.

ખોદાથી ભલાઈ ચાહવા વીશે વીનતી.

(૫૬.)

પા લાગું હાન જોરી રબાજી, મેહર કરજે તું તાહરી રે.* (ટેક.)
આ દુનીઆઈ તલેસમછે અતીશે મુશકેલ, ને શકતીછે માહરી તો થોરી રે,
કતેનો ગંજછે તું દાતારના હાતમાં, તો કીરતી સાચવજે તું માહરી રે.
(પા લાગું હાન જોરી રબાજી.)

* રબ અથવા "રબાજી"નો અરથ ખોદાનો સમજવો. "પા લાગું" એટલે પગે લાગું.

જોર—ઝડપની રંગ—ખુ તું આપજે, ને ખીલવજે કરણી સારી રે,
નબબાઈથી ધ્રુજેછે આ દીલ મહારૂ ને જીવ ડારે છે ઘરી—ઘરી રે.

(પા લાગુ હાત જોરી રબાજી.)

રંગ—બેરંગી આ જગની માએઆનો સાગર છે બહુ ભારી રે,
હેઠ ઉલટથી પાર ઊતારો,—કે હાન કરૂં હું બાજી સારી રે.

(પા લાગું હાત જોરી રબાજી.)

આ ફુવાના સખુનો ' મનસુખ" ભણેચ્ચ ને આહેછ, તુંથી જેજેકારી રે,*
રેહમના ગુલાબથી રાખ મોરખરૂ તેને,—ને કાએમ કર ઈઆદગારી રે

(પા લાગુ હાત જોરી રબાજી)

નાં૦ ૫૭.

મુંબઈનાં મેદાંન મધેના રાંણી વીકટોરીઆનાં પુતલાં આગલની અરજ અને મુબારક બાદી.

(સાદી કવીતા.)

એ બુલંદ તાલેની પાદશાહી નાર;
એ જગના શેહશાહોની સરદાર–!
નુરમંદ તાહરા દીદારની રોશનાઈથી
બામદાદની સપેદી ચંમકાટ પાંમતી રેહછે,
અને પાકીજે તાહરા પરતાબની પુનાઈથી
નીરાસોની આસા સદા ખીલતી રેહછે

* આએ મનાજાતો ભણનારા અથવા ગાનારા શેઆના ગરહસથો અને બાઈઓને જણાવવાની જાહાજી અગત નથી કે સેવટના ભાગમાં જાંહાં "મનશુખ" ના નામની નો શાનીનો બોલ આવે તે જગો ઉપર મનાજાત વાંચનાર અથવા ગાનારે ખુદ પોતાનુ નામ નીશાન બોલવું જોઈએછે.

ખુબીવંત તાહરાં નાંમની અસર થી-
બાગમાંનાં ગુલો સદા હસતાં અને રંગદાર,-
તથા ભલી તાહરી મોહબતની ઈઆદ થી-
ગુલલાલાનાં જીગરો સદા ડાગદાર રેહછે.
ભલા તાહરા ઈનસાફના મેઆંનમાં-
રઈઅતનો બચાવ કરનારી તલવાર સદા તઈઆર,-
તથા તાહરી પનાહ નાં સીતલ આબ થી-
બુરા જુલંમ ની ગીરદ સફાઈદાર રેહછે.
તું જેવાં નાંદર ગોહરની ખરી સીપ-
તે આ બુલંદ-ફરતો આકાસ છે,-
અને ખરાં દુખની હરારતમાં રીબનારા શખશો
તાહરાંજ દઆલુ દીલના દરીઆવમાં પોતાનો એલાજ શોધેછે.
વરસતાં વાદલનો મોસાલના તાહરા હાતની બખશેશથી-
તાહરી રઈઅતનો શંશારો ચમંન સદા આબાદ રેહછે,
અને દર એક ખીલતું ગુલ ગોઆ કીમતીજવાહેરની તબક બનેછે.
તાહરી દરબારની શુકી ખાક તે તમાંમ જેહાંનની આંખોને-
રોશનાઈ આપનારો અમુલ શુરમો ગણએછે,
અને તાહરાં રાજના વાજબી ગુશાની વીજલી-
જેહારે બેદાદીની હવાના મેદાંનમાં ઉડવું કરેછે,
તેહારે તેનો જોશો ગોઆ આકાશનુબી પેટું ફારી આગલ વધેછે.
એવાં બુલંદ બખતની-અને એવાં દમાંમવારાં તખતની
માહરાંણીનુ અતરે આજદીને બીરાજવું-
સદ હજાર મરતબે ખુશી ઉપજાવનારૂં-
સદ હજાર મરતબે ખેરખાહી ભરેલું-
અને હજારો દર હજાર મરતબે મુબારકબાદી ભરેલું હોજો.

(ડોહરાની છપમાં ગાવું)

ભલે આએગમાં એ રાંણીજી-ભલે આએઆં તમો,
મુંબઇ થઇછે તંમથી ખુશી-ને દુર થાએઆચ ગમો.
એ દુખતાં દીલની જીંદગીને-આરાંમ આપનાર નાર,
એ શુભવચંન બોલતી જીભને-શાક્કર ચખાડનાર,
સાંભલો અરજ અદબ ભરો-સાંભલો નરંમ-ગરંમ,
ખરી ફુરીઆદની તજવીજ કરી-સંકટ કરો કંમ.
કે બદખાહોના બદકાર થી-ભના રડેચ હરદંમ,
પંણ સર "શેમોઅર" ની સરકારથો-દાદખાહી મલેચ કંમ.

ના૦ ૫૮

રાંણીનાં પુતલાં આગલ ઇનસાફ વીશેના પોકાર.

(આદી કવીતા.)

રે સચાઇ અને પરમાંણીક પાણીનો જુનડો -
આ ઉંચા આકાસ તલક ઉડાવાને ખાતર,
રૂડી બુધીનાં ગનેઆંની શખરો-પોતાના જીવના શુખના જામાં,
ચાક-ચાક કરવાને હરગીજ ડરતા નથી.
જેમ ગગનથી તારા ખરેછે તેજ મીરાલે-
આ આંખોના પરદામાંથી નેહાએત બેદાદીને લીધે
આંશુના કતરા હરદંમ ટપકેછે.
અને જેમ વરશાતના કતરા લાલ રંગની વીજલી સાતે
અથડીને નીચે પરેછે-તેમજ આ બદંનની ભઠીનું આતશી લોહી,
ઉકલી-ઉકલીને નીરમલ આંશુનાં રૂપમાં,
આ જમીન ઉપર પડેછે.

વાસતે એ જગની સરદાર—એ ધંનવંતી એ પુનવંતી નાર !
તાહરી ખરી મેહરનું તેજ—આ દીલમાં નાંખ,
કે ગમગીનીથી સીહા થાએલા જાનને ખુશીની રોશનાઈ મલે,
અને તાહરી કુમકનું કઉવત એવું બખશ
કે નબલાં પડેલાં આ બદંનને હુશીઆરી હાંસલ થાએ.

ના૦ ૫૮.

રાંણીનો વડો પુતર પરીનસ આફ વેલસ મોહતભરી બીમારી મધેથી બચેઓ તેની મુબારકબાદી વીસેના તેમજ તેને લગતી બીજી બીનાંના સખુંનો.

નાંમદાર રાંણીનો આએ વાહાલો પુતર જે હવે પછે ઈંગલંડ દેશનાં નાંમીઆં તખત—તાજનો ધણી થઈ—પાદશાહી ભોગવનારછે તેને લાગુ થાએલાં બુરાં દરદના સમાચારથી જેમ તમાંમ વફાદાર આલંમને તેમજ આએ સખુંનો લખનાર કંમતરીનને મોટો ગંમ ઉપજેઓ હતો. એ મેહરબાંન અને કદરદાંન શાહાજાદાએ જે સખુંનોથી હમોને માંન અને હેસાંન ભરેલા કીધાછે તે સખુંનો વીસેનો ઉપકાર કરી જણાવાની તક હમોને મલે તેની આગમચ તેની હઈઆતી વીસે નાંઉમેદી ભરેલા સખુંનો સાંભલી ખરેખર હમોને નેહાએત દુખ અને સંતાપ ઉપજેઓ હતો,—પણ તે સરવ શકતીવાંન સાહેબે સેવટે ખેર ગુજારી તેનાં શોકરાંનાં કરી હમો હમારી અસલ બાબત ઉપર બે સખુંનો બોલવાની રજા લીજીએ છઈએ.

એ શાહાજાદાનાં બાપ—"પરીનસ આલબરટ" જેવા મોટા દાનાવ, મોટા વીદવાંન અને મોટા ખુબીવંત સરદારની જીંદગીના અહેવાલ તરીકે કેટલીએક કવીતા ઈશાવી સને ૧૮૬૩ નાં શાલમાં હમોએ લખીને છપાવી હતી તે કવીતા મધેથી કેટલાએક ભાગનો અંગરેજી બારાની ચાલુ એબારતમાં તરજુમો મી૰ ઉલીઅમ હામીલટન નાંમનાં એક અંગરેજે કીધો હતો તે ઈશાવી સને ૧૮૭૦ માં છપાઈ બાહેર પડીઓ હતો. અસલ ગુજરાતી કવીતાનો અંગરેજી તરજુમો જો કોઈ પનોતી માએનાં કાબેલ પુતે અંગરેજી કવીતાનીજ એબારત અને છપ—છપમાં કીધો હતે તો હમારાં લખાંણને ઘણી જીઆદા દીપક મલતે અને ઈઅરોપીઅન વાંચનારી આલંમનેબી તે ઘણો વધારે પસંદ પડતો ફડતે તેમાં શક નથી, પણ ચાલુ ઈબાને સાદી અંગરેજી એબારતમાંજ—તેબી થોડાએક ભાગોનોજ તરજુમો છપાઈ બાહેર પડીઓ હતો તેથી તે ઘણો વાંચવા લાએકનો જણાતો નથી હતો—તોબી તેનાં પુસતકની કેટલીએક નકલો હમોએ કેટલાએક જાંણીતા ગરહસથો અને અમલદારો ઉપર ભેટ તરીકે મોકલી હતી તેનાં ઉતરમાં તે કદરદાંન સાહેબોએ ઘણાજ ઉલટ અને માંન ભરેલા સખુંનો હમો ઉપર લખી મોકલેઆછે તે સઘલાનો ઉપઓગ હાલ હમો કરી સકતા નથી—તોબી અતરેના એક બે નાંમીચાં અંગરેજી પતરવાલાએ—તેમજ નામદાર શાહાજાદા "પરીનસ આફ વેહેલસે"—શું લખ્યુંછે તેની તથા તેની ભલી માતા નામદાર રાંણી વીકટોરીઆની—તથા આખાં જરમની દેશના શેહેનશાહી તાજ—તખતનાં હકદાર વારેસની તરફથી એ કે-

તાબ બાબે કેહવા સખુંનો લખાઈ આવેઆછે તેની ખરી નોધ અતરે રાખવાને હમો આ જોગવાઈએ ઘટતું અને લાએક વીચારીએ છઈએ.

ઉપર જણાવેલાં પુસતકનું નાંમ—"પરીનસ આલબરટ" ઠરી રાખીઉં હતું—અને રાંણી વીકટોરીઆનો બીજો પુતર "ડીઉક આફ એદીનબરો" નામનો સને ૧૮૭૦ ના મારચ મહીનાની તારીખ ૧૧ મીને દીને મુંબઈ મધે આવેઓ હતો તેજ દીને એ પુસતક છપાઈને બાહેર પડીઉં હતું તેની પોંહોંચ કબુલ કરતી વખતે "ટાઈમસ આફ ઈંડીયા" નામના નાંમીચાં અને મોટાં વગવાલાં અંગરેજી પતરમાં આ નીચે મુજબના સખુંનો જાહેર કીધામાં આવેઆ હતાઃ—

(*Times of India*, 11*th March* 1870.)

A "COMPANION" ROOK.

WE are in receipt of a book just issued in Bombay entitled "Prince Albert: Selections from the Prize Translation of a Gujarati Poem, written by Muncherjee Cowasjee S. L."; this gentleman is also the author of several Gujarati productions named on the title page. The translation of this Poem was made by Mr. W. H. Hamilton, of Bombay, and the book under notice consists of "selections" from this translation. Their publication just now is most timely, when to-day we are to have in this city a son of the great and good Prince whose wisdom and virtues are so happily and with so much judgment recorded in this Poem. Mr. Hamilton, in undertaking its translation, has done commendable service, and he well deserves the prize aw rd-ed. We speak thus highly of his task, for after reading these "selections" we are impressed with their value for the purpose of disseminating among the young—and of adults too—principles of virtue, rectitude, and high-mindedness which few books that we are acquainted with are so well calculated to impart. The sketch of the early history of Prince Albert and Victoria, their marriage, and incidents of their life are charmingly related for young and old; not the least, indeed a

great merit, being the interweaving throughout the story of guiding principles of life, and words of the highest wisdom—oriental metaphor, striking allegory, and apt analogy lending much fascination to the book.

For a present it is most suitable, and as such we can highly recommend it; in every library in India should it be found.

(ઉપલા અંગરેજી ફકરાનો ગુજરાતીમાં સાર.)

માણુસના એક ખરા સોબતી તરીકે રાખવા લાએક પુસતક.

"પરીનસ આલબરટ" નામનુ એક પુસતક તરત વેલા મુંબઇમાં છપાઇને બાહેર પડીઊછે તેની એક નકલ હમોને મલીછે. મનચેરજી કાવસજી શાપુરજી નામના ગરહસથે ગુજરાતી ભાષાના બેતોમાં જે એક પુસતક રચીઊ હતું અને જેના ઇનામનો અંગરેજી તરજુમો થાએઓ હતો તે મધેથી ચુંટી કાહાડેલા ભાગોનુ આએ પુસતકછે; એ ગરહસથે ઇઆને મી• મનચેરજીએ ઘણુંએક ગુજરાતી પુસતકો બનાવેઆંછે કે જેનાં નામનીશાનો આએજ પુસતકના પેહલલાજ સફા મધે જણાવેઆમાં આવેઆંછે. મી॰ મનચેરજી વાલી કવીતાનો અંગરેજી તરજુમો મી॰ હામીલતન નામના અગરેજે કીધો હતો—અને એ તરજુમાં મધેથી ચુટી કાહાડેલા ફકરાઓનુજ આએ નવું પુસતક ઉભું કીધુંછે. એ પુસતક હાલ બર વખતેજ છપાઇ બાહેર પડીઉછે—સબબ કે આજ દીનેજ આએ મુંબઈ શેહેરની અંદર પેલા મોટા—અને ભલા પાદશાહજાદા "પરીનસ આલબરટ"નો બેટો આવનારછે—કે જે પ-

રીનસ આલબરટની દાનાઈ અને નેકીનુ બેઆંન મોઠી ખુબી ભરેલી અથવા આનંદ ઉપજાવનારી રીતે અને મોટાં ડાપણ ભરેલી ઢપથી એ કવીતાના પુસતકની અંદર લખેઆમાં આવેલું દીસેછે. હેવાં પુસતકના તરજુમાંનુ કામ મી૰ હામીલટને પોતાને માથે લીધાથી એક વખાંણ લાએક કામ તેણે કીધુંછે,—અને એ બાબે જે ઈનામ તેને મલીઉછે તે લાએક અથવા ઘટતુંજછે. એટલું બધું ઊંચું મત બાંધી જે હમો લખીએ છઈએ તે એટલા કીજે કે જેઆરે એ પુસતક મધેની બીનાં હમોએ વાંચીછે તેઆરે તેની કદ્ર અથવા કીમતીપણું હમારા ધેઆંણમાં બેઠુંછે—કે તે જેમ જુવાંન તેમજ ઉમરે પોહોચેલા સખસોમાંબી—નેકી પરમાંણીકપણું—અને મનની બુલંદી ઉપજાવાને અથવા ફેલાવાને લાએકનાછે—અને હમારી જાણ પરમાણે હેવી અછી રીતેથી ખરી નીતીનો ફેલાવો કરનારી ચોપડીઓ ઘણીજ થોરી અથવા કમઈઆબ હોએછે. એ ચોપડીની અંદર "પરીનસ આલબરટ" અને રાણી વીકટોરીઆની શરૂઆતની તવારીખનો જે અહેવાલ લખેઓછે તે તથા તેઓના લગન સંબંધી—તથા તેઓની જીંદગીનાં બનાવો સંબંધી જે ચીતાર આપેઓછે તે જુવાન તેમજ બુધા વાચનારાઓ કીજે ઘણોજ દીલકસ અથવા મનોરંજકછે; એ ઉપરાંત એ પુસતકની ખરેખર મોહટી ખુબી તો એ છે કે શાહાજાદા પરીનસ આલબરટની જીંદગીને લગતા અહેવાલનાં બેઆંનનાં દરમેઆંનમાં મનુશ જાતને પોતાની હઈઆતીમાં જે સંભાલ કરનારી નીતી કામ આવે તેવા નીતીમાન વીચારો દાખેલ

કીધેલાછે,—અને સઉથી ઉંચે દરજેના ડાહપણ ભરેલા સખુનો તથા ઉગમણુ પરાંતના ગરંથકારો જેવા રંગીન કલામો અથવા અલંકારો વાપરેછે તેવા અલંકારો તથા દીલપર અસર કરે તેવા મીસાલદાર વાકીઅઓ અને લાએક અથવા ઘટતી નીસબત અથવા મુનાસબતદાર શબ્દો જે એ લખાંણમાં જોએઆમાં આવેછે તેથી એ કેતાબ ઘણીજ દીલપજીર અથવા દીલ રીઝાવનારી લાગેછે.”

“ભેટ તરીકે આપવાના કામમાં એ કેતાબ સઉથી સરસ રીતે લાએકછે,—અને એ વીસે હમો મોહટી ભલામણ કરીએ છઇએ; તથા હીંદોસતાંન મધેની દરેક અને તમામ લાઇબરેરી અથવા પુસતક ખાનાંઓમાં મુકવાને લાએકની એ કેતાબછે.”

નો૦ ૬૦.

નામદાર રાંણી વીકટોરીઆની તરફથી મજકુર કેતાબને લગતો લખાઈ આવેલો પતર નીચે મુજબનો છે.

Buckingham Palace.
July 20—1871.

MUNCHERJEE COWASJEE SHAPOORJEE.

SIR,

I had the honour of receiving and of laying before the Queen the Books you forwarded last June, and on the

10th of last September I had the honour of addressing a letter to you acknowledging the same. I am afraid this communication has failed to reach its destination.

I have the honour to be,

Sir

Your Obedient & humble Servant.

(Signed) T. BIDDULPH.

(ઉપલાં રાંણી વીકટોરીઆના પતરનો તરજુમો.)

બકીંગહામનો પાદશાહી મેહેલ.

લંડન, જુલાઈ તા૰ ૨૦ મી સને ૧૮૭૧.

મનચેરજી કાવસજી શાપુરજી.

સાહેબ,

તમોએ જે ગીઆ જુન મહીનામાં ચોપડીઓ મોકલાવી હતી તે ચોપડીઓ માહારા સવાધીનમાં લેવાને અને નામદાર રાંણી વીકટોરીઆને આપવાને અથવા તેની નજર હજુર રજુ કરવાને હું માંન ભરેલું સમજેઓ હતો,-અને ગીઆ સપટેમબર મહીનાંની તા૰ ૧૦ મીને દીને મેં તમારા જોગનો એક પતર લખીને તથા તેમાં એ ચોપડીઓની પોહોંચ કબુ-

લીને માંન મેળવીજી હતું. પણ મહને ધાસતી લાગેછ કે તે માહરો પતર તમોને પોહતો નથી હશે—અને ગેરવલે ગીઆ હશે.*

મહને માનછે સાહેબ,

તમારો નમનતાઇ ભરેલો સેવક થવાને,

(સહી.) તામસ બીડલફ.†

નાં૦ ૬૧.

જરમનીના શેહનશાજાદા અને તેની બાંનુની તરફથી આવેલો પતર.

રાંણી વીકટોરીઆની વડી દીકરી તે જરમની દેશના હાલના મોહટા શેહનશાહ ઉલીઅંમના વડા દીકરાની સાથે પરણેલીછે તે નામવર બાંનુની ઉપરખી તેના નેકનામ પીતાની

* આએ મુજબ એ મેહરબાંન માહારાંણીનો લખેલો પેહલો પતર—તથા જરમની દેશની શેહનશાહી ફરજાની અંબલ બાંનુ અને તેના ભરથારે લખેલો પેહલો પતર કેમ અને કીહા બેદરકાર અંમલદારની ગફલતાથી ગેરવલે ગીઆ તે વીશે હમારી તરફની મોહટી દલગીરી જાહેર કીધા ઉપરાંત હાલ કંઈબી ખોલાસો કરી સકતા નથી.

† આએ સહી કરનાર અમલદાર નામદાર રાંણી વીકટોરીઆનો ખજાનચી—અને પરાઇવેટ સેકરેટરીનો ઓધો ધરાવેછે. અને હેનાં વીસે નીચે લખેલા લખુનોથી ખોલાસો મલસે.

"Sir Thomas Myddelton—Biddulph entered the army in 1826; made a Colonel in 1854; Major—General 1865; appointed Receiver-General of the Duchy of Cornwall and one of the joint keepers of the Queen's privy purse 1866. Keeper of the Queen's privy purse May 1867, when that appointment was limited to one official."

જીંદગીને લગતા અહેવાલની મજકુર ચોપડીની એક નકલ મોકલેઆમાં આવી હતી—તથા તેના બાહદુર ભરથારની ઉપર "રાહીન સાંગજ" નામની એક બીજી ચોપડીની નકલ મોકલેઆમાં આવી હતી—તેનાં ઉપકારમાં એ કદરદાંન પાદશાહી જોરાંની તરફથી તા૰ ૧ લી ફેબરવારી ૧૮૭૨ ને દીને એક પતર હમોને મલેઓ હતો—તેની નકલ મુંબઇના વરતમાન પતરોમાં છપાઈછે તે મુજબ તા૰ ૩ જી ફેબરવારી ૧૮૭૨ ની તેરીખના "બોમબે ગેજેટ" નામનાં નામીચાં અંગરેજી પતર ઉપરથી આ નીચે મુજબનો ઉતારો અતરે ટાંકી લેવાને ઘટતું વીચારીએ છે.

FLATTERING ACKNOWLEDGMENTS FROM ROYALTY.

(*Bombay Gazette 3rd February* 1872.)

Mr. MUNCHERJEE COWASJEE S. LUNGRANA, a well-known Parsee poet, the author of a Gujeratee Poem entitled "Prince Albert," the "Rhine Songs," and of several Gujeratee works, both in prose and verse, has lately received very flattering acknowledgments of thanks from members of the Royal Family and of the Government. The last, which is specially interesting, is from the Crown Prince and Her Imperial Highness the Crown Princess of Prussia, and is as follows :—

Berlin, 9th January 1872.

Muncherjee Cowasjee Shapurjee, Esq.

"SIR,—I have been commanded to acknowledge the receipt of your letter of the 12th June 1871, and to thank you for the copy of your translation of the "Rhine Songs," which you have been kind enough to offer for the Crown Prince's acceptance. I beg leave in the meantime to inform you that Her Imperial and Royal Highness the Crown Princess has duly received your Poem "Prince Albert," and

that I had been desired to express to you her sincere thanks and satisfaction. According to my note-book, I sent this letter on the 18th of October 1870 by post to Bombay. I regret very much that it did not reach you; and I therefore have the liberty to tell you once more, that the Crown Princess has shewn a warm interest in reading your Poem, and that Her Imperial Highness has expressed Herself very favourably about its contents and the manner in which you have treated so very interesting a subject.—I have, &c.

"DE NARONANN."

It may be satisfactory to find that the fame of Mr. Muncherjee's poetical compositions, which is wide-spread amongst his own countrymen, has reached even the distant cities of Europe. Selections from the Poem "Prince Albert" have been translated into English by Mr. W. H. Hamilton, of Bombay, and it was doubtless this translation which Her Imperial Highness shewed "a warm interest" in reading.

(ઉપલી અંગરેજી બીનાંનો ગુજરાતી તરજુંમો.)

"બોમબે ગેજેટ" નો અધીપતી શરૂઆતમાં મજકુર પતર વીસે પોતાનુ મત આપતાં એમ કરી લખેછે કે.—

"મી૦ મનચેરજી કાવરાજી શાપુરજી અતરે એક પારસી શાએર તરીકે સારી પેઠે જાંણીતા થએલા છે—અને "પરીનસ આલબરટ" તથા રાહીન સાંગજ નામનાં તેમજ બીજાં ઘણાંએક ગુજરાતી પુસતકો સાદી એબારતમાં અને બેતો અથવા કવીતામાં તેવંણે લખેલાં છે,—અને હાલ જેમ અંગરેજ સરકારની પાદશાહી કુટંબનાં કેટલાએક શખસોની તરફથી તેમજ બીજા સરકારી અમલદારોની તરફથી તેવણુનો

ઘણો તારીફ લાએક ઉપકાર માંનેઆમાં આવેઓછે. છેહલો આવેલો પતર જે ખાસ કરીને ઘણો અગતનોછે તે (જરમની) અથવા પરૂશીઆ દેશના શેહનશાહના તાજ-તખ-તના વારેસ અને તેની નામદાર પાદશાહી ખાંનુની તરફથી મી૰ મંનચેરજી ઉપર લખાઇ આવેઓછે અને તે પતરમાં આ નીચે જણાવેઆ મુજબની ખીનાંછે.

(પરૂસીઆના શેહનશાહજાદા અને તેની ખાંનુએ લખાવેલો
અને તેઓના પરાઇવેટ શેક્રેટરી "દી-નારેનાનની"
સહી શુધાંના આવેલા પતરનો તરજુમો તા૰ ૫ મી
ફેબરવારી ૧૮૭૨ નાં જાંમેજંમશેદ-તથા તા૰ ૫મી
ના મુંબઈ ચાબુક પતર ઉપરથી તેના ચંચલ
અધીપતીના વીચાર સાકે નીચે દાખલ
કરીએછે.)

"આપણી ટાપુ ઉપર જાણીતા થયલા પારસી કવેસર મી૰ મંનચેરજી કા૰ શા૰ લંગડાના, જેઓ આજ લાંબી મુદ-ત થઈ "મનસુખ"નો એલકાબ ધારણ કરી તરેહવાર બાબદો ઉપર કવેતો વગરે બનાવી ફકત પારસીઓમાંજ નહી, પણ તમામ ગુજરાતી વાંચનારી આલમમાં નામ મેલવવા સાથ બાજે બાબદોને લગતાં આ સાહેરનાં અસર કારક બેતો ઉપરથી તેણે જાણીતા ઇંગરેજ ઓલમાઓ તરફથી પણ કીર-તી મેલવીછે; એજ ગરહસથે આપણી નામદાર માહારાણીના દીલબંદ ખાવંદ પરીનસ આલબરટનાં મરતીકના શેકનાં જે કવેતો બનાવીયાં હતાં તથા તે માહેતમને વખતે નામદાર માહરાણીને દેલાસાદેનાર નાદર બએતો લખીયાં હતાં, તે બાબે

જો હમો ચુકતા નહોઈએ તો, અગાઉ આ પારસી સાહેરનો ઉપકાર આપણી નામદાર રાણીએ પોતે માનીયો હતો. હાલ જારે થોડુંકપર જરમની અને ફરેંચની લડાઈ ચાલતી હતી તારે આપણા આ કાબેલ સાહેરે પોતાની સાહેરીનું કુવત એ ખુનખાર લડાઈ વખતના બનાવો ઉપર અજમાવીઉં હતું, અને "રાહીન નદીનાં ગીતો" નો ગુજરાતી ભાશાની કવેતામાં તરજુમો કરીયો હતો. આ તરજુમાની, તેના અસલ સાથની એક નકલ આપણા આ કવીએ જરમનીના કરાંઉન પરીનસ તથા તેની બાનુ, જે આપણી મેહેરબાન રાણી વીક્ટોરીયાની વડી બેટી થાયછે, તેઓ ઉપર મોકલી હરે, તે નકલ તેમને પુગતાં, તેઓએ, રો॰ મનસુખની તેમના તરફની આ મોહોબત માટે, તેના ખાસ ઉપકાર માનવાની મકસદનો એક કાગલ લખીયોછે, તેની એક નકલ એક મીતરની મારફતે હમોને મલીછે, તે હમો અતરે દાખલ કરીએછે:"—

બરલીન, તા॰ ૯ મી જાનેવારી ૧૮૭૨.

મનચેરજી કાવસજી સાપુરજી ઇસકુવાએર.

સાહેબ,

તમોએ તા॰ ૧૨ મી જુન ૧૮૭૧ ને દીને લખેલાં કાગજની પોહોચ કબુલ કરવા અને "રાહીનનાં ગીતો" ના તરજુમાંની એક નકલ કરાંઉન પરીનસનાં ઉપર મેહરબાનગીની રાહે મોકલી આપવા માટે તમારો ઉપકાર માનવાને મને ફરમાવવામાં આવેઉછે.

આએજ વખતે તમુને જણાવવાની રજા લઉ છેઉ કે "પરીનસ આલબરટ" ની લખેલી તમારી કવીતા હર ઇમ-

પીરીઅલ અને રાએલ હાઇનેશ ધી કરાંઉન પરીનશેશને પોહોંચીછે અને એ માટે તેણીએ પોતાનો દીલોજાનથી ઉપકાર માનવાને અને એથી ઉપજેલો શનતોશ તમુને લખી જણાવવાને મને ફરમાવેલ હતું. માહરી નોધની ચોપડી પરમાણે આ માટેનો કાગજ ૧૮૭૦ નાં અકટોબરની ૧૮ મી તારીખે મુંબઈનાં ટપાલમાં નાંખીઓ હતો. તમુને એ કાગજ નહી મલીઓ તે માટે હું દલગીર છેઉં, અને તેટલા માટે તમુને ફરીને એકવાર જણાવવાની રજા લેઉં છેઉં કે તમારી કવીતા કરાંઉન પરીનશેશે મોટાં હેતથી વાંચી હતી, અને તેમાં આવેલી હકીકત અને હાવી અગતની ખીનાને તમોએ જે પરકારે લખીછે તે વીશે શાહાજાદીએ ઘણો ઉમદા વીચાર જાતાવેઓછે.

મને માનછે સાહેબ

તમારો નમનતાઈ ભરેલો શેવક થવાને

(સહી) ડે નોશાનાન

ઉપલા અંગરેજી ફકરાના છેહલલા ભાગમાં "બોમબે ગેજેટ" ના અધીપતીએ જે સખુનો લખાછે તેમાં તે એમ કેહેછે કે—

"મી૦ મનચેરજીના કવીતાના લખાંણોની તારીફ જે અતરે તેવીના દેશી ભાઇઓમાં બોહોલી રીતે ફેલાઇછે—તે સેવટે છેક ઇંગ્લીશ યુરપખંડનાં જેવા દુરના શેહેરોમાંખી પોહોંતી છે તે હકીકત શંતોશ ઉપજાવનારી દીશેછે. "પરીનસ આલબરટ" નામની ચોપડીના કવીતા મધેથી જે ચુંટી કા-

હાઉલી બાબતોનો અંગરેજી બાશામાં તરજુમો કીધો હતો તે મી૦ હામીલટન નામના મુંબઈ મધેના એક અંગરેજ ગરહસથે કીધો હતો; પેલી શેહનશાહી દરજ્જો ધરાવનારી નામદાર બાનુ જે ચીજ મોટાં હેત અથવા દીલોજાનથી વાંચેછે હેવું જે શી બરલીન શેહરથી આવેલાં મજકુર પતર મધે જણાવીછે તે એજ મી૦ મનચેરજીની બેતોનો અંગરેજી તરજુમોછે તેમાં કશો શક શોબેહ નથી."

ના૦ ૬૨.

અંગરેજની પાદશાહીના વારેસ પરીનસ આફ વેલસે લખી મોકલેલો પતર.

"પરીનસ આલબરટ" નામની મજકુર ચોપડીની એક નકલ ઉપર જણાવેલા નામદાર રાણીના વડા પુતર ઉપર બેટ તરીકે મોકલેઆમાં આવી હતી તેના જવાબમાં એ જુવાન અને કાબેલ તથા હક શનારા પાદશાહે લંદન શેહરના મારલબોરો નામના મેહલ મધેથી તા૦ ૨૩ મી મેએ ૧૮૭૦ ની તેરીખનો લખેલો એક પતર મી૦ મનચેરજી ઉપર મોકલેઓ હતો તે તા૦ ૨૦ મી જુન ૧૮૭૦ ના ટાઈમસ આફ ઇનડીઆ નામના અંગરેજી પતર મધે છપાએઓ હતો

તે પતર "ટાઇમસ આફ ઇનદીઆ" ના અધીપતીના વીચારો શીકે નીચે મુજબ ટાંકી દેખાડવાની રજા લીઇએ છઇએ.—

POEM ON THE LATE PRINCE ALBERT.

(*Times of India, 20th June* 1870.)

In our issue of the 11th March last was published a short notice of an English translation, by Mr. W. H. Hamilton, of selections from a Gujarati Poem entitled "Prince Albert." The latter was the prize composition of Mr. Muncherjee Cowasjee Shapoorjee Lungrana, the author of several Gujarati works, both in prose and verse. We learn that for his Poem on "Prince Albert" Mr. Muncherjee Lungrana has received flattering acknowledgments of thanks from members of the Government, His Royal Highness the Duke of Edinburgh, the Duke of Argyll, Secretary of State for India, and His Royal Highness the Prince of Wales. The last, which has a special value and interest, is subjoined :— *London, Marlborough House 23rd May* 1870.

"Muncherjee Cowasjee S. L., Esq.

"Sir,—I am desired by the Prince of Wales to thank you for the prose translation of your poem "Prince Albert," which you have been so obliging as to offer for his acceptance. His Royal Highness observes with gratification the manner in which the subject, necessarily so interesting to him, has been treated by you, and cannot doubt that your poem is calculated at once to arrest the attention of the reader and to enforce the lessons which were so strikingly exemplified in the life of his father.—I have, &c.

HERLUL FISHER.

ઉપર જણાવેલા પેહલલા અંગરેજી ફકરા મધે તાઇમસ આફ ઇનદીઆનો અધીપતી જણાવેછે કે—

"પરીનસ આલબરટ" નામની ગુજરાતી કવીતામાં લખાએલી એક ચોપડી મધેથી ચુંટી કાહાડેલા ફકરાનો અંગરેજી તરજુમો મી० હામીલતન નામના એક અંગરેજે કરયો હતો તે વીશે હમોએ હમારાં તા० ૧૧ મી મારચ

૧૮૭૦ વારાં પતર મધે ટુકમાં ખબર આપી હતી. જે બીના કવીતામાં લખાઇ હતી તે મી० મનચેરજી કાવસજી શા० લાં० ની કલમથી લખાએલી હતી અને એ વગરે એંજ ગરહસથે ગુજરાતી ભાગાનો ચાલુ એબારતમાં તેમજ કવીતામાં બીજાં ઘણાં પુસતકો લખેલાંછે. હમોને હેવી ખબર મલીછે કે "પરીનસ આલબરટ" નીં જીંદગીના અહેવાલનુ જે પુસતક મી० મનચેરજીએ કવીતાનાં લખીઊંછે તેને સારૂ અંગરેજ સરકારનાં જુદા જુદા અમલદારોએ તેમજ "ડીઉક આફ એડીનબરો" નામના રાણીના વચલા દીકરાએ તથા હીનદુસથાન ખાતે રાજ ચલાવનાર અમલદારો પર હોકમ કરનાર સેકરેટરી "ડીઉક આફ આરગાઇલ"—અને વલી "પરીનસ આફ વેલસ" નામના રાણીના વડા દીકરાએ મી० મનચેરજીનો વખાણ લાએક ઉપકાર માનેઓછે. એ સઘલાં મધેથી જે ઉપકાર પતર "પરીનસ આફ. વેલસ" નામના રાણીના વડા દીકરાએ મી० મનચેરજી ઉપર મોકલેઓછે તેમાં એક જાતનુ ખાસ કીમતીપણુ અને અગતપણુ હોએઆને લીધે તે આખો પતર હમો નીચે ટાંકી લીજીએ છઇએ" :—

લંડન—મારલાબરો મેહલ.

તા० ૨૩ રી મેએ ૧૮૭૦.

મંનચેરજી કાવસજી શાપુરજી લાં० એશકોઆર.

શાહેબ.

"પરીનસ આલબરટ" નામની ચોપડીમાં તમારી લખેલી કવીતાનો અંગરેજી ભારાની ચાલુ એબારતમાં તરજુમો કી-

ઘેલા તેનુ એક પુસતક તમોએ મોટાં હેસાંન ભરેલી રીતે "પરીનસ આફ વેલસ" ઉપર ભેટ તરીકે મોકલીઉ તે વીશે તમારો ઉપકાર માનવાને નામદ"ર "પરીનસ આફ વેલસે" મહને ફરમાવીઉંછે. એ બુલંદ દરજાના નામદાર શાહાજાદાને જે બીનાં ખરેખરેજ ઘણી અગતની અથવા ઉપીયોગી તે બાનાં જે ખુબીથી અથવા જે ઢપથી તમોએ લખીછે તે જોઈને એ નામદાર શાહાજાદાને સંતોશ અથવા આનંદ ઉપજેઓછે, અને તે નામદારની તરફથી હેવું કબુલ કરેઆમાં આવેછે કે તમારી કવીતા અથવા બેતબાજીથી વાંચનારનુ મન એકદમ ભમત પાંમેછે—અને જે જે ધડાઓ તેનાં પોતાના બાપની જીંદગીના વખતમાં ઘણીજ અસરકારક રીતે સીખાડેઆમાં આવેઆ હતા તે ધડાઓ તેનાં ઘેઆંન ઉપર જોરથી પાછા આવેછે તેમાં કસો શક સોબેહ નથી.

હું છેઉ તમારો નમંતાઈ ભરેલો સેવક

(સહી) હરલલ ફીશર.

—⊂⊃○○○⊂⊃—

ના૦ ૬૩.

પરીનસ આફ વેહલસને તંદરોસતી થઇ તે બાબે રાંણીને મુબારકબાદી.

ઉપર જણાવેઆ જેવો ખરી મેહરબાંની અને મોહબત ભરેલો પતર લખી જે નેક બખત અને કાબેલ પાદશાહે

આપ્પે સખુનો લખનાર કમતરીનને માન અને હેસાંનમંદ કરેઓ હતો તે નામદારને લાગેલાં મોહોતકારીક દરદની વાત સાંભલી અતી મોહટો ગમ અને અંદેશો ઉપજેઓ હતો પણ ખોદાતાલાએજ જેઆરે પોતાની કામેલ કુદરતથી મુશકેલનુ આસાંન કીધું-તેઆરે તેની મુબારક બાદીમાં બે સખુનો હમારી કલમથી વાંચનારી આલમની કદરદાન નજર હજુર ધરવાને આપે જોગવાઇએ ઘટતું વીચારીએ છે.

(હોરી.)

આજ ખુશ ખબર ફૂલાઇચ હાં ભારી—
જીઓ પુત વીકટોરીઆજી તાહરો-

(ટેક.)

અદલ તુજ ઈનસાફથી કુલ દેશો આબાદ છે—;
ને કીરતીની સુગંદ છે ભારી—.

(અરે રાંણી કીરતીની સુગંદ છે ભારી.)

કરંમ—ધરંમનો ગોલાલ ઉડેચ હરદંમ,
ને પુણની છુટીચ પીચકારી—
ભીંજાઇચ તેથી જગત આ સારી.

(આજ ખુશ ખબર)

ડર—દુખ ને સેતંમ તાહરાં શજે ટાલેઆ—
ને જાલંમના સર નાંખેઆં વાહારી,—
(અરે રાંણી જાલંમનાં સર નાખેઆં વાહારી.)
બલવંત એકબાલથી તું બેઠીછે તખત પર,
છે જાતેજ અસલ સદાચારી—
રહીછે તેની કુલ ઈઆદગારી

(આજ ખુશ ખબર.)

પરદેશી—સ્વદેશી—જુદદીન ને હુંમદીન લોક—
સઉ થાએઆ બહુ ઈનતેજારી—,
(અરે રાંણી સઉ થાઆ બહુ ઈતેજારી.)
જુદી રીત પણ એક દીલથી પુંજેઓ તે **રાંમને,**
જાતેજ છે જે પુર પરોપકારી—
લીધી તેણેજ દાદ તો ખરી ચમતકારી.

(આજ ખુશ ખબર.)

હકીમોની તદબીર—ને અકલી એલાજો—
સઉ ઠરેઆ નીરાસ—નાંચારી,—
(અરે રાંણી સઉ ઠરેઆ નીરાસ નાચારી.)
વઈદરાજા થાએઆ તે **ભગવંતજી** પોતે,
કરી ગુપત કરાંમત કુલ સારી—
ટાલેઓ મરજ ખરો મોહતકારી.

(આજ ખુશ ખબર.)

મેદાંન પરેઆ અવલ પારસી મીતર અગીઆર—
બનેઆ તે કેઆંની પુંજારી,—
(અરે રાંણી બનેઆ તે કેઆંની પુંજારી.)
સોબાંન ધુપીઊં નીરમલ પાક આતશની ઉપર,
દીધાં બબે વરશ દરએકે પોકારી—
બતાવી સત એકીન ભરી વફાદારી*
(આજ ખુશ ખબર.)

---

* એહનો ખોલાસો એ છે કે "પરીનસ આફ વેહલસ" ની તંદરોસતી અને જીંદગી બાબે ઘણાજ માઠા અને નાઉમેદી ભરેલા સમાચારો મલેઆ તેની ખબર હમારા કેટલાએક મીતરો જે પરેલના એક બાગમાં ખાંનુ ખાવાને ભેગા મલેઆ હતા તેવોને થઈ તેથી તે ખાનાંની ટેબલ ઉપર એ શાહાજાદાની તનદરોસતી ચાહી હતી—એટલુંજ નહી પણ તે મીજલસમાં હાજર થાએલા આસરે અગીઆર ગરહસથોએ પોતાની કેઆંની રીત રસમ મુજબ આતસ ઉપર સોબાંન શુખડ મુંકી હેવી નઈઆત કીધી અથવા ઈછા કહી સંભલાવી કે તેઓ મધેથી દરએક જનની કુદરતી જીંદગીનાં વરસો અથવા ઉમર મધેથી ખોદાતાલા બ બે વરસો ઓછાં કરીને પરીનસ આફ વેલસની ઉમર અથવા હઈઆતીમાં વધારીને તે શાહાજાદાને જીવતો રાખી તેની ખુબીવંત માતાનુ અને તેની ભલી અને જુવાન બાએડીનુ દીલ ખુશી કરી—આખાં ઈંગલંડને ગમત ભરેલું રાખે. પારશીઓની આએ અસલી રીતની દુવા તેમજ તમામ નીમખહલાલ

દીલકશ પરેલ ગામનાં રંગીન એક બાગમાં,
મીજલસ રચાઇથી એક સારી,—

(અરે રાંણી માજલસ રચાઇથી એક સારી.)

હેટ—ને ઉલટથી તાંહાં ઈઆદ કીધી તુને—,
પીધા શરાબ ફુલ લેહજતદારી—
ને રહી તાહરીજ મેહરની ખુંમારી.

(આજ ખુશ ખબર.)

ધંન તાહરી માતા—પોતાને એ રાંણી,
કે તું જેવી બાંનુથી જગ સંગારી,—

(અરે રાંણી તું જેવી બાંનુથી જગ સંગારી.)

ધંન ધંન ભાગ—સભાગ ઈગલંદનો—
કે ટાલી બદીની અંધારી—
ને ફેલાઇચ ખુબીની ઉજીઆરી.

(આજ ખુશ ખબર.)

ખલકની વીનતી તે દએઆલુ અને સરવ સકતીવાંન સાહેબે કબુલ રાખી અને ઈગલંડનાં તાજતખતના ખરા અને હકદાર વારેસને સલામત રાખેઓછે તે જોઈ દરએક વફાદાર રઈએતને મોટો હરખ અને આનંદ ઉપજેઓ છે.

સુખ-સંપજ ભરી તું રેહજે સલાંમત,
સલાંમત તાહરી વંસવારી—,
(એ રાંણી સલાંમત તાહરી વંસવારી.)
"પરીનસ વેલસ" ભોગવજે શાહી માંન તમાંમ,
"મંનસુખ" કેહચ એ દુવા છે આહારી—
આબાદ રેહજે ઈંગલંદ ગુલજારી.
(આજ ખુશ ખબર.)

નાo ૬૪.

(Translation of the above mentioned Gujrati song.)

Congratulatory ode to the QUEEN on the recovery of the PRINCE.

The gladsome news has far and wide now spread,
That thy dear son, great Queen, is saved at last.
By thy impartial Justice, thrives the Land
Now fragrant with the perfumes of thy fame
And roseate with thy charity's soft tints,
And watered with thy virtue's balmy streams.
Pain and oppression have been banished hence,
And tyrants lowly laid. Thou happy Queen,
Purest in deeds whose memory shall never die,
That, mid such fortunes didst ascend the throne!
Aliens or natives, those of Kindred faith
To thine, or follow other Creeds, alike
All trembled at the illness of thy Son:
And though professing diverse modes of prayer

All with one spirit the most High besought,
Who harkened to his Children's prayers and Caused
The Prince to rally most Miraculously.
Vain was the skill of earthly doctors; vain the shifts
Which men contrived, until, the sovereign Leech
Came down in the physician's garb and wrought
A cure mysterious. Look! The Prince relieved
Soon from the typhoid fever's fatal grasp.
There, in the rural suburbs of Parell
In a fine garden-house, a band of friends
To celebrate a feast, had met, when all
Anon the saddening and despairing news
Broke on them ; solemn they rose and prayed
With deep religious fervour, till they felt
Divine assurance on their prayerful souls.
Eleven friends, believers in Zerthost,—
With foremost steps, stood worshipping the Lord
In patriarchal Persian style and vowed
In their full loyalty and warmth of heart,
Before the fire, with incense and with sandal-wood,
Each from his destined string of earthly life
To sacrifice some beads of years, so that
The Prince may live the longer, mong mankind.
Blest be thy parents, mighty Queen, who gave
Thee birth endowed with such pure grace of heart.
O, happy England ! beneath Her sway benign
Vanished the darkness of ignorance and vice,
And the light of civilization and happiness prevailed.

Long may thou live in peace; and long
Long may thy children's children flourish on this earth.
And whensoever shall the great God be pleased
To Summon thy dear son to rule us over
May He prove worthy of Thy line and stretch
England's great arms Victorious over the world.
Such is thy Munsookh's fervent prayer to Thee.*

નાૈ ૬૫.

(Translation of a Gujrati Poem.)

CONGRATULATORY ADDRESS TO THE QUEEN'S STATUE ON THE OCCASION OF IT'S INAUGURATION.

STANZA 1ST.

Hail! Royal Lady, fortune's favourite!
Foremost amongst Earth's mighty Sovereigns!
The rays of thy brilliant forehead,
Illumine morn's dawning splendour;

* The idea of this poem arose from the following incident:— When the telegraph flashed the painful news of the hopeless state of His R. H. the Prince of Wales a few Parsee friends who were met together in a bungalow at Parell, to celebrate a religious feast, proposed fervently the restoration of the health of the Prince, and in their enthusiastic loyalty, in the primitive Persian style, they burnt incense and sandal wood—offered vows and prayed to the Almighty that *two years out of the life of each of them* may be taken to be added to *that of the Prince*, so that he might be rescued from his fatal illness to the delight and happiness of his amiable Royal Mother—his young and noble Consort and of the whole people of England.

The Influence of thy holy countenance
Rekindles hope in despairing hearts;
The magic of thy gracious name,
Gives life and light to garden-flowers;
The memory of thy affection has endued,
With marks indelible, the hearts of the tulip.

In the scabboard of thy impartial j‥stice
The blade keeps bright to guard thy subjects;
And the flowing showers of thy protection
Keep down the whirlwind of dire oppression.

For thee, priceless gem, the shell
Is the revolving firmament on high.

O Thou! Most Gracious of Sovereigns!
In the flowing sea of thy compassionate heart,
The sufferers under the heat of affliction
Seek their remedy infallible.

Free as the showering clouds, the liberality of thy hands
Keeps fertile the field of thy subjects prosperity;
And many a time each budding flower turns
Into a plate full of the brightest gems.

The veriest dust of thy judicial tribunals
More potent is, than the most costly antimony,
Unfolding mighty visions bright to the world's eyes;

And the lightning of thy offended Justice
Flashed forth in the domains of wrong and Cruelty,
Tears away the very Core of the high firmament,
And in its impetuous progress, uproots them completely.

The installation here, this day, of a Queen
Of such exalted excellence and splendour,
Seated on such a mighty illustrious throne,
Is an event full of genial Joy and heart-easying mirth

(SONG.)

Welcome thou, O Queen—welcome thou,
The sight of thy goodly features delights all Bombay,
Beaming bright in their glorious and resplendent majesty.
The darkness of gloom and sorrow have departed.
Thou art the soother of the life of him,
Whose heart aches through injustice.
Thou art the sweetener of the tongue of him
Who speaks words of pure truth and wisdom.
Hear thou my respectful petition,
Hear of me, something mild and warm;
By the evil deeds of the wicked rascals
The honest cry and mourn, but little justice
Can be had from Sir Symours' Government.

STANZA 2ND.

Oh! That the ensign of Truth and strict Honesty
May fly as high as the high firmament,
Men of sound understanding and independence
Are ever ready to tear into shreds the rob es
Of their lifelong ease and happiness.
As flaming meteors fall from the sky, so drop down
Incessantly bright-bitter tears from these eyes.
Therefore, condescend, Thou! Most Royal Majesty!
To pour down into this opprest heart of mine,
The healing balm of thy Justice and Kindness.

મનસુખી મનાજાત અને અરજ ગુજારીના આંક પાંચમાંનું સાંકળીઉં.

સફે.